
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-
ડિસેમ્બર, ૨૦૧૯



યુગો સુધી જેમની પવિત્ર પ્રેરણાઓ અસંખ્યને
કૃતાર્થ કરતી રહેશે એવા સંતવિભૂતિ

## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને
## જન્મજયંતી પર્વે કોટિ કોટિ વંદન...












## રાજકોટમાં મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં સત્સંગની રસલહાણ...

તા. ૨૯-૧૦-૨૦૧૯ થી તા. ૧૦-૧૧-૨૦૧૯ સુધી રાજકોટ ખાતે બિરાજીને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે સૌને સત્સંગલાભથી કૃતાર્થ કર્યા હતા. બાળકો-યુવાનો સહિત નિત્ય હજારો ભક્તો અને મહાનુભાવોએ વિવિધ સત્સંગ-કાર્યક્રમોની રસલહાણ માણી હતી. આ દરમ્યાન ભારતીય ક્રિકેટ ટીમના કોચ શ્રી રવિશાસ્ત્રી અને અન્ય ક્રિકેટવીરોએ પણ સ્વામીશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા.

# બધાંનાં હૃદયમાં પ્રતીતિનો રણકાર છે....



સન ૧૯૭૧માં યોગીબાપા ધામમાં ગયા પછી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજમાં દરેકને પ્રતીતિ આવી ગઈ કે યોગીબાપા ગયા જ નથી, પ્રમુખસ્વામીરૂપી દેહ ધારણ કરીને પ્રત્યક્ષ વિચરે છે. બધા પ્રમુખસ્વામી મહારાજમાં જોડાઈ બીજાને જોડી રહ્યા હતા. તેવી રીતે હું પણ એવી જ સેવા કરી રહ્યો છું.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું કેવું કોમળ સ્વરૂપ! મૃદુ, મીઠી અમૃત વાણી! સ્વામીશ્રી ગમે તે પ્રસંગમાં બોલે પણ વાણીમાં મૃદુતાનું, સત્ત્વ ભારોભાર અનુભવાય. સવારે વોકિંગ કરતા સિંહ જેવા નિર્ભય, નિ:શંક લાગે. નિશંકપણું તો તેમનું આગવું તત્ત્વ છે. ૨૪ કલાક એ સ્થિતિ અનુભવાય. હું એમને મળું અથવા એમનાં દર્શને જઉં ત્યારે આ એમનો દિવ્ય અલૌકિક ગુણ મને બહુ જ આકર્ષે. આ ગુણને માણવાની મજા બહુ આવે. કોઈની અપેક્ષા નહીં, કોઈની ઉપેક્ષા નહીં. પંચવિષય અને માનપાનના ઢગલા એમની પાછળ ઢસડાતા આવે.

સિંહ આગળ ચાલ્યો જાય. યોગીબાપા બહુ બોલતા:

'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી અને શાસ્ત્રીજી મહારાજમાં રોમનો પણ ફેર નહીં.'

બધાના હૃદયમાં પ્રતીતિનો રણકાર છે. આ રણકાર જીવન છે.

સત્પુરુષ મોક્ષનું દ્વાર છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત છે. સૌના મોક્ષના દાતા છે. મોક્ષ કરવાની સામર્થી તો અનાદિ ગુણાતીત સંતની જ છે. તે વર્તમાનકાળે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી છે. હું એમને આશરે રહીને એમનો ખૂબ રાજીપો લઈ રહ્યો છું, એવો કેફ રહે છે. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે પરમ પૂજ્ય પ્રમુખસ્વામીને સત્સંગ-સમાજને શ્રીકૃષ્ણાર્પણ કરીને મોટી કૃપા કરી છે. પ્રમુખસ્વામી એ શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપાની પ્રત્યક્ષ સ્મૃતિ છે.

મોંઘા મનુષ્ય દેહનો ૫-૨૫ વર્ષનો મામલો હાથમાંથી ન જતો રહે. સુવર્ણ અવસર પરમ પૂજ્ય સ્વામી પ્રમુખસ્વામીને રાજી કરવાનો છટકી ન જાય તે જાણપણું રાખવાનું છે.

**– મહંત સ્વામી મહારાજ** (સન ૧૯૮૭માં લખેલા પત્રનો અંશ)

## ક્રમિકા


૪. આટલું શીખીએ પ્રમુખસ્વામી મહારાજમાંથી
– પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ

૮. શ્રી રામજન્મભૂમિ: પ્રાર્થના અને શ્રદ્ધાનો વિજય
– સાધુ અક્ષરવત્સલદાસ

૧૪. દિવાળી અને અન્નકૂટોત્સવ

૨૨. અબુધાબી અને બાહરીનમાં અન્નકૂટોત્સવ

૨૪. દિવાલી ઓન ધ હિલ (અમેરિકાની વિવિધ પાર્લામેન્ટમાં યોજાયા દીપાવલિ-અન્નકૂટ પર્વ)

૨૯. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૪૨. જબલપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૪૩. સારંગપુરમાં સંસ્કૃત મહાવિદ્યાલયના નૂતન ભવનનું ઉદ્‌ઘાટન

૪૬. દિલ્હીમાં યોજાયો અક્ષરપુરુષોત્તમ દર્શનનો અન્ય દર્શનો સાથે સંવાદ

૪૯. કૅનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો ટોરન્ટો મંદિરનાં દર્શને

૫૦. બી.એ.પી.એસ. સંસ્થાનાં વિવિધ વૃત્ત


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમ:।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥


**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૧, અંક : ૧૨,**
**ડિસેમ્બર, ૨૦૧૯**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

લેખો અંગે પત્રવ્યવહાર:
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

લવાજમ અંગે પત્રવ્યવહાર:
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**

પ્રમુખસ્વામી મહારાજ જન્મજયંતી પર્વે

**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની કલમે...**

# ‘આટલું શીખીએ પ્રમુખસ્વામી મહારાજમાંથી...’




'સંત તો સર્વ જગતના આધારરૂપ છે...' ભગવાન સ્વામિનારાયણ કહે છે.

સંત વિનાની સંસ્કૃતિની કલ્પના જ થઈ શકે નહીં. સંત સંસ્કૃતિનો પ્રાણવાયુ છે.

ચંદ્ર ઉપર ત્રણ અવકાશયાત્રીઓ ગયા, અને પૃથ્વી ઉપરથી લીધેલો પ્રાણવાયુનો જથ્થો ખૂટી જાય એ પહેલાં પૃથ્વી ઉપર પાછા આવી ગયા!

ભોજન વિના મહિનો રહેવાય, પાણી વિના અઠવાડિયું, પરંતુ પ્રાણવાયુ વિના એક મિનિટ પણ રહેવાતું નથી. આટલો મહત્ત્વનો હોવા છતાં પ્રાણવાયુ સાવ મફતમાં ! સર્જનહારની કરુણા તો જુઓ ! રણમાં પાણી કદાચ ન મળે પણ હવા તો મળે જ ! રાજા ને રંકને બન્નેને હવા જોઈએ. બરાબર તેમજ, સાચા સંતની જરૂર પૃથ્વી પરના તમામ રહેવાસીઓને છે.

ઇંગ્લેન્ડની એક જેલના કેદીઓના પૂર્વજોનો ઇતિહાસ તપાસવામાં આવ્યો. અંતે એ ફલિત થયું કે ૪૦૦ વર્ષ પૂર્વે પરણેલા એક યુગલનો એ વંશ-વિસ્તાર હતો. એ જ પરિવારમાંથી ૧,૨૦૦ જેટલા માણસો ગુનેગાર બન્યા છે, કેદી બન્યા છે! ધારો કે એ પ્રથમ સ્ત્રી-પુરુષ ભેગાં જ ન થયાં હોત, ને પરણ્યા જ ન હોત તો? તો આજે ૧,૨૦૦ ગુનેગારોનો કાફલો ન હોત!



આ જ ભૂમિકામાં જોઈએ તો જગતમાં રામ-કૃષ્ણાદિક અવતારો કે ઋષિઓ, સંતો, મહાત્માઓ અવતર્યા જ ન હોત તો? તો આજે પૃથ્વી રાક્ષસોથી છવાયેલી જ હોત!! સંતોએ મોટું કાર્ય એ કર્યું કે સમાજમાં સદ્‌ગુણોની સ્થાપના કરી આપી. ઉત્તરોત્તર તેનો વ્યાપ થયો. પોતાના સદ્‌વર્તનથી, ભગવાન અને શાસ્ત્રોમાં, ધર્મમાં અને પરમાર્થમાં, સેવામાં કે માનવતામાં શ્રદ્ધા દૃઢ કરાવી. આજે વૈજ્ઞાનિકો, માનસશાસ્ત્રીઓ પણ આવાં અસલી મૂલ્યોની મૂલવણી કરી, વૈજ્ઞાનિક કસોટીએ ચઢાવ્યા પછી, સમાજમાં તેની પુનઃસ્થાપના થાય તો શ્રેષ્ઠ નક્કર પરિણામ આવી શકે એમ દૃઢપણે માનતા થયા છે.

સંતોનું આ પ્રદાન ન હોત તો માનવ-સમાજ સભ્યતા અને સંસ્કૃતિ ગુમાવી વેરવિખેર થઈ ગયો હોત! પૃથ્વીનાં ધારણ અને પાલન માટે સંત સર્વ દેશ તથા કાળમાં મળે છે.

પ્રમુખસ્વામી મહારાજ એટલે એક એવા વિરલ સંત.

ડૉ. રાધાકૃષ્ણને કહ્યું છે કે 'આજે આપણે જીવી શકીએ છીએ તેનું કારણ વૈજ્ઞાનિક શોધો જ નથી, પણ સમાજમાં વિચરતા એવા સંતપુરુષો છે જે સમાજને ઉન્નત બનાવે છે.'

વશિષ્ઠ, વાલ્મીકિ, શુકજી, નારદજી આદિ સંતોએ ભારતને સજીવન રાખ્યો છે. દરેક યુગમાં કોઈ ને કોઈ સંત - પૂર્વના હોય કે પશ્ચિમના; તેમનો સંદેશો એક જ હોય છે – જીવનને ઊર્ધ્વગામી બનાવવાનો.


મનુષ્યને વાસનાથી, વિષયથી, રાગ-દ્વેષથી અને દુઃખોના પરિતાપથી શાંત કરવા સંત વરસાદનું કામ કરે છે. સંતનાં દર્શનથી, વાણીથી, સ્પર્શથી તેના ત્રિવિધ તાપ દૂર થાય છે, કારણ કે સંતને ભગવાન સાથે નિત્ય સંબંધ છે. *'દર્શનાદેવ સાધવઃ'* – સંતનાં દર્શનમાત્રથી જ મનુષ્યો પવિત્ર થાય છે. જગતના ઇતિહાસમાં સંતનાં દર્શનથી જ પાપના પુંજ જેવા મનુષ્યો સાત્ત્વિક, નિર્મળ બન્યાનાં અનેક દૃષ્ટાંતો છે.

સંતના સંબંધે અનેક પ્રકારનું અહમ્ પણ ઓગળી જાય છે અને દિવ્ય અલૌકિક વાતાવરણ સર્જાય છે. પ્રમુખસ્વામી મહારાજ પાસે રાજપુરુષો, ધનાઢ્યો, વિદ્વાનો, બુદ્ધિશાળીઓ, સમાજશ્રેષ્ઠ પુરુષો, બાળકો, યુવાનો, પ્રાધ્યાપકો – આમ અનેકાનેક સ્તરના લોકો આવ્યા છે, આશીર્વાદ પામી પોતાના જીવનનું રૂપાંતરણ પામ્યા છે. અનેકને જીવન જીવવાની, જીવી બતાવવાની હૂંફ અને શ્રદ્ધા સ્વામીશ્રીએ આપી છે. સ્વામીશ્રીને પરચા-ચમત્કાર આપવાની જરૂર જ નથી પડી. માનો તો આવાં પરિવર્તનો અને સદ્‌ગુણો એ ચમત્કાર જ છે. યુવાનો અને સ્વામીશ્રી, બાળકો અને સ્વામીશ્રી – કેટલું બધું અંતર!! સ્વામીશ્રી પૂર્ણ આધ્યાત્મિક, જ્યારે યુવાનો તો રજોગુણી! સ્વામીશ્રી લૌકિક વિદ્વત્તા પામેલા નહીં, પેલા બધા સુશિક્ષિત! પેલા

રાગી, સ્વામીશ્રી વીતરાગી! આમ છતાં સ્વામીશ્રીએ વેદવિધિ, પૂજા, માળા, સેવા, જ્ઞાન, વિવેક, નમ્રતા લાવી યુવાનોને ધન્ય બનાવ્યા, તે ચમત્કાર નથી તો બીજું શું છે?

દરેકને પ્રમુખસ્વામી મહારાજમાં સહેજે હેત-પ્રીત થઈ જાય. સહેજે વિશ્વાસ આવે. તેમને રાજી કરવા નિયમ-ધર્મ, સંયમ, ન્યાય-નીતિમાં રહેવા લાગે....

સ્વામીશ્રી એટલે લોકહિતકારી સંત. હરિભક્તોના વ્યવહારની ગૂંચો સ્વામીશ્રીએ એવી રીતે ઉકેલી છે કે હજારો કુટુંબો કોર્ટના પગથિયેથી પાછાં વળી ગયાં છે. લાખો રૂપિયાની બચત થઈ છે. સુંદર-સચોટ ઉકેલોથી, અંતરની ભાવનાથી પોતે ભક્તોનાં યોગ-ક્ષેમના રખેવાળ બની રહ્યા છે. છળકપટ, દગાનો અનેકને ત્યાગ કરાવ્યો છે. કોઈનું લેવાની કે ખૂંચવી લેવાની વૃત્તિ છોડાવી છે. 'જતું કરવું', 'નમતું જોખવું', 'કટ વળી જવું', 'સમાધાન કરી લેવું' – એવી એમની આજ્ઞાઓથી અનેક કુટુંબોની તિરાડ સંધાઈ છે. બાપ-બેટાના સંબંધો સુધર્યા છે. મિલકતો સંપ અને પ્રેમથી વહેંચાઈ છે. વર્ષોથી ચાલતા જમીન કે દુકાનોના, પૈસા કે પદાર્થોના ઝઘડાનો સહજમાં નિકાલ આવ્યો છે. સાચી ન્યાયદૃષ્ટિ, પ્રામાણિકતા, સમર્પણભાવ, ઘસાવાની વૃત્તિ સ્વામીશ્રીએ હરિભક્તોમાં રેડ્યા જ કરી છે. આ બધી લોકોના મનના રોગોની દવા છે.



**'જતું કરવું', 'નમતું જોખવું', 'કટ વળી જવું', 'સમાધાન કરી લેવું' – એવી એમની આજ્ઞાઓથી અનેક કુટુંબોની તિરાડ સંધાઈ છે. બાપ-બેટાના સંબંધો સુધર્યા છે. વર્ષોથી ચાલતા જમીન કે દુકાનોના, પૈસા કે પદાર્થોના ઝઘડાનો સહજમાં નિકાલ આવ્યો છે. સાચી ન્યાયદૃષ્ટિ, પ્રામાણિકતા, સમર્પણભાવ, ઘસાવાની વૃત્તિ સ્વામીશ્રીએ હરિભક્તોમાં રેડ્યા જ કરી છે. આ બધી લોકોના મનના રોગોની દવા છે.**

જ્હોન એફ. કેનેડી કહેતા કે 'The greatest, the noblest, the highest benefit a man can give to the world is his pure and spotless character.' – ચારિત્ર્ય-નિર્માણ એ પ્રમુખસ્વામી મહારાજનું સમાજને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પ્રદાન છે. એમનો આદેશ યુવાનો માટે આ જ રહ્યો છેઃ 'ચારિત્ર્ય દૃઢ કરો, અને ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરો.' આ કાર્ય માટે પ્રમુખસ્વામી મહારાજ પોતે જ આદર્શ છે, માર્ગ છે, મંઝિલ છે. ચારિત્ર્યની કોઈ શાળાઓ નથી, હા, સ્વામીશ્રી તેની જીવંત, હરતી-ફરતી યુનિવર્સિટી સમા છે! જે ચારિત્ર્ય ગ્રંથો કે ઉપદેશો ન આપે, તે તેમના સહવાસમાત્રે સાંપડી જાય.

કેવળ વ્યસનમુક્તિનું જ કાર્ય લો, તો લાખો લોકોએ સ્વામીશ્રી પાસે રૂબરૂમાં કે ઉત્સવોના વ્યસનમુક્તિ યજ્ઞોમાં નિર્વ્યસની થવાના શપથ લીધા છે. આ વ્યસનીઓના કરોડો રૂપિયા બચ્યા, પોતાના કુટુંબના હિત માટે વપરાયા, એ સ્વામીશ્રી દ્વારા અપાયેલું સમાજ-દાન જ કહીશું કે બીજું કાંઈ? આ દૃષ્ટિએ સ્વામીશ્રીનું પ્રદાન રૂપિયામાં ગણીએ તો ગાંડા થઈ જવાય એટલો મોટો આંકડો પહોંચે...

શિક્ષણ હોય કે દુષ્કાળ હોય, ભૂકંપ હોય કે અતિવૃષ્ટિ હોય, સ્વામીશ્રીનું સમાજકાર્ય હંમેશાં આદર્શો સર કરતું રહ્યું છે. અનેક સામાજિક કાર્યકરો માટે સ્વામીશ્રીનું કાર્ય એક સીમાચિહ્ન બનીને ઊભું છે. સૌને તેમાંથી કંઈક કરવાની પ્રેરણા મળે છે. આમ, લોકોમાં સેવા-ધર્મ અને નીતિના પાઠ પણ સ્વામીશ્રી સહેલાઈથી ઉતારી શક્યા છે.

પ્રભુભક્તિ અને પ્રભુમાં શ્રદ્ધા એ તો એમની 'મોનોપોલી'. તે તો સૌ ઝીલ્યા જ કરે છે, જેમાંથી રાષ્ટ્રીય ચારિત્ર્યનું નિર્માણ થઈ રહ્યું છે.

*'રાજા ભી દુઃખિયા, રંક ભી દુઃખિયા,*
*ધનપતિ દુઃખિત વિકારમેં...*
*વિના વિવેક ભેખ સબ દુઃખિયા,*
*જૂઠા તન અહંકારમેં...'*

મુક્તાનંદ સ્વામીનું આ કીર્તન આજે પણ એટલું જ યોગ્ય છે. જગતમાં સૌ અશાંત અને બેચેન છે; ભલે તેનાં કારણો જુદાં જુદાં હોય. દરેકની દોટ પદાર્થો-સગવડો-ભૌતિકવાદની પાછળ છે, કારણ છે – આસક્તિ.

જેને ખાવા મળે છે, ઢગલા છે તેને પચતું નથી; ને પચી જાય છે તેને ખાવા મળતું નથી. મોટર-બંગલાવાળા તૃષ્ણામાં ઝડપાયેલા છે.

આ અશાંતિનો સ્વામીશ્રીએ ઉપાય કર્યો છે.

ચિંતકો કહે છેઃ 'You are your mind.' તમે તમારું મન છો.


અનેક લોકો હારેલા છે, નિરાશ છે, કારણ કે મન પાસે તેમનો પરાજય થયો છે. મનને માર પડે, ફ્રેક્ચર થઈ જાય, ભુક્કા ઊડી જાય, અરે, મન ગટરમાં ફેંકાઈ જાય તેવું વાંચન,

વિચારો, જોવાનું, ખાવા-પીવાનું – બધું જ વધતું જાય ત્યારે એ અજ્ઞાન-મોહ-આસક્તિ અને માયા કેવી રીતે ટળે? જીવ ત્રિવિધ તાપમાં શેકાય છે, તે કેવી રીતે ઠરે?

પ્રમુખસ્વામી મહારાજ કહે છેઃ 'મન સ્થિર હોય તો શાંતિ રહે.'

આ દિશામાં તેમણે મન જીતવા માટે કથાવાર્તા રૂપી જ્ઞાનયજ્ઞો આપ્યા; સમૈયા-ઉત્સવની સેવા-પ્રવૃત્તિ આપી; સાત્ત્વિક અને માયા પરના વિચારો-નિયમો આપ્યા; રોજબરોજ ઉપયોગી થાય તેવા ઉપદેશો આપ્યા; ભગવાન સર્વજ્ઞ છે, તે ભાવના દૃઢ કરાવી, જેથી લોકો આસક્તિમાં હોમાય તે પહેલાં ચેતી જાય...

હજારો-લાખોનાં મનને ભગવાનમાં જોડી સ્વામીશ્રીએ સૌને સુખી-સુખી કરી દીધા છે. એમની શાંત મુખમુદ્રા, કરુણાદૃષ્ટિ, મધુર અને સત્ય વચનો, દિવ્યતા – આ બધું એટલું સુલભ થયું કે એમની પાસે આવતાં જ બધાનાં મન શાંત બને, સ્થિર થાય; વિવેક સ્થપાય; અજ્ઞાન દૂર થાય, પ્રકાશ થાય; સવળી સમજણ મળે; ટળવા અશક્ય લાગતાં દૂષણો કે દોષો સત્વરે દૂર થઈ જાય; જીવન પ્રભુમય બની જાય.



**અત્યંત પ્રામાણિકતા અને સચ્ચાઈથી સાધના કરો. પિત્તળને ગમે તેટલું ચળકાવો, શોભાવો, કસો પણ પિત્તળ એ પિત્તળ જ છે, તે કદી સોનું બનશે નહીં. સોનું ગમે તેટલું જૂનું - ગમે તેવા આકારવાળું હશે, પણ સોનું એ આખરે સોનું જ છે. તેમ બનાવટ કે દંભ, દેખાવ, ગોઠવણી કે આંજી નાખવાની વૃત્તિ હશે તો કદી પણ સાચી ભક્તિ થવાની જ નથી. તેનાથી નથી ભગવાન કે સંત રાજી થવાના કે નથી અંતરમાં શાંતિ થવાની.**

આ છે પ્રમુખસ્વામી મહારાજનું પ્રદાન! અદ્ભુત! અસરકારી! ચિરંજીવી! અને અંતિમ ધ્યેયને સિદ્ધ કરાવનારું...!

## શું શીખીશું સ્વામીશ્રીમાંથી?

આવા છે આપણા જીવનપ્રાણ ગુરુહરિ.

એમનો જન્મજયંતી મહોત્સવ આપણને અમૃત પાવા આવ્યો છે. તો આપણે એમના જીવનમાંથી કયાં કયાં અમૃતબિંદુ પ્રાપ્ત કરીશું? સ્વામીશ્રીમાંથી શું શીખીશું? ચાલો, એમને ગમતા, એમના જીવનમાં સિદ્ધ થયેલા કેટલાક સિદ્ધાંતો પર નજર કરી લઈએ... આપણા અનંત જન્મોનો અંધકાર ટાળવા આ સિદ્ધાંતો સૂર્યનું કામ કરી આપશે...

- અત્યંત પ્રામાણિકતા અને સચ્ચાઈથી સાધના કરો. પિત્તળને ગમે તેટલું ચળકાવો, શોભાવો, કસો પણ પિત્તળ એ પિત્તળ જ છે, તે કદી સોનું બનશે નહીં. સોનું ગમે તેટલું જૂનું - ગમે તેવા આકારવાળું હશે, પણ સોનું એ આખરે સોનું જ છે. તેમ બનાવટ કે દંભ, દેખાવ, ગોઠવણી કે આંજી નાખવાની વૃત્તિ હશે તો કદી પણ સાચી ભક્તિ થવાની જ નથી. તેનાથી નથી ભગવાન કે સંત રાજી થવાના કે નથી અંતરમાં શાંતિ થવાની. હૃદયના ભાવથી, પ્રેમ અને સચ્ચાઈથી, આજ્ઞા અને શ્રદ્ધાથી જો ભક્તિ કરીશું તો સ્વામીશ્રીની ભક્તિ સમી ઊંચાઈ આપણી ભક્તિને પણ પ્રાપ્ત થશે....
- ભગવાન મેળવવા, તેમને પ્રસન્ન કરવા માટે જ પ્રયત્નો કરો; નહીં કે લૌકિક સિદ્ધિ માટે....
- દરેક કાર્યમાં સાધુતા-સજ્જનતાની મહેક વ્યાપી રહે તેવી સાધુતા-સજ્જનતા સિદ્ધ કરો...
- ક્યારેય પળનોય સમય ન બગાડો. સદાય બીજાના હિત માટે - ભગવાનની સેવામાં ઉપયોગ કર્યા કરો...
- ગુરુના વચનમાં અત્યંત વિશ્વાસ લાવો અને હંમેશાં દાસભાવે રહો...
- ક્યારેય ગમે તેટલો ભીડો પડે, પણ પોતાનું દુઃખ રડ્યા ન કરો. ભગવાનને કર્તા માનો, જેથી દુઃખ સહેવાનું સહજ બને...
- આજ્ઞા-ઉપાસના એટલે કે ધર્મનિષ્ઠા અને સ્વરૂપનિષ્ઠામાં ક્યારેય ચૂક ન આવે એવું નિષ્કલંક જીવન જીવો.
- બળ કેવળ ભગવાનનું રાખો, સાધનાનું કે કર્મનું નહીં... બસ, આટલું બસ છે.

આટલું કહ્યું છતાં જાણે કાંઈ જ કહેવાયું નથી તેમ રહ્યા કરે છે. પ્રમુખસ્વામી મહારાજ તો સદ્ગુણોના મેરુ. તેમને ઓળખવા એ ખાવાના ખેલ નથી, પણ આટલુંયે એમને ઓળખવામાં ઉપયોગી થશે.

અંતે એ જ પ્રાર્થના કરીએ કે 'હે સ્વામી! આપ જ આપનું સ્વરૂપ ઓળખાવી અમને અમૃત સમીપે - પુરુષોત્તમ સમીપે બેસાડશો...'

(પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી પર્વે મહંત સ્વામી મહારાજે લખેલ લેખ) ◆



# શ્રી રામજન્મભૂમિઃ પ્રાર્થના અને શ્રદ્ધાનો વિજય



■ સાધુ અક્ષરવત્સલદાસ

તીર્થભૂમિ અયોધ્યા એટલે ભારતીય ઇતિહાસની અનોખી ગાથા ગાતું એક પવિત્ર નગર.
માનસરોવરથી વહેતી સરયૂ નદીના પવિત્ર તટે વસેલું આ નગર કંઈક અનોખા ઇતિહાસને સંગ્રહીને બેઠું છે.
રામજન્મભૂમિ તરીકે યુગોથી કરોડો લોકોની આસ્થાનું કેન્દ્ર રહેલું આ તીર્થ
તાજેતરમાં વિશ્વભરના સમાચાર માધ્યમોમાં ઝળકી ગયું.
કારણ હતું - રામજન્મભૂમિ અંગેનો ભારતની સુપ્રિમ કોર્ટે આપેલો ઐતિહાસિક અને શકવર્તી ચુકાદો.
કરોડો શ્રદ્ધાપૂર્ણ લોકોમાં હર્ષનું મોજું ફેલાવનારા આ ઐતિહાસિક નિર્ણય વેળાએ
અયોધ્યા સાથેની સ્વામિનારાયણ સંપ્રદાયની કેટલીક સ્મૃતિઓનું અહીં સ્મરણ થાય છે.
આવો, તેને માણીએ...

યુગોથી વહેતી અવિરત ગંગાધારાની જેમ હિન્દુ ધર્મનો પ્રચંડ પ્રવાહ આજપર્યંત વહેતો અને જીવંત રહ્યો છે, તેના મૂળમાં હિન્દુ ધર્મની પાયાની ચાર માન્યતાઓ છે. તેમાંની એક માન્યતા એટલે અવતારવાદ. આ પૃથ્વી પર સમયે સમયે ભગવાન અવતાર ધારણ કરે છે અને પોતાના ભક્તોના મનોરથ પૂર્ણ કરે છે, ભક્તોની રક્ષા કરે છે, અધર્મનું ઉત્થાપન કરે છે, ધર્મનું સ્થાપન કરે છે. એવા મહાન અવતારોની શ્રેણીમાં વિલક્ષણ નામ એટલે ભગવાન શ્રીરામ. જેમનાં નામ-ચરિત્રોનું સ્મરણ-રટણ હજારો વર્ષો પછી પણ કરોડો લોકોને શ્રદ્ધા અને ભક્તિની ગંગોત્રીમાં ઝબકોળે છે એવા ભગવાન શ્રીરામ ભારતના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ઈતિહાસમાં એક અનોખું સ્થાન આરક્ષિત રાખે છે.

પવિત્ર નદી સરયૂ તટે અયોધ્યામાં ઈક્ષ્વાકુ વંશના સમ્રાટ દશરથ અને કૌશલ્યના પુત્ર મર્યાદા પુરુષોત્તમ, રઘુકુલપતિ ભગવાન શ્રી રામ એટલે એક આદર્શચરિત્ર.

વાલ્મીકિ રામાયણ, ઉત્તરરામચરિત, રામચરિતમાનસ જેવા ગ્રંથો ભગવાન શ્રીરામની કૃપાળુતા, શરણાગતવત્સલતા, પ્રજાવત્સલતા, ધર્મવીરતા, તેમનું ઉદાર ચરિત્ર વગેરે અનેક અવતાર-લીલાઓની અનેક ગાથાઓ ગાય છે, જેમાં આજેય તાજગી અનુભવાય છે.

ભારતીય અને વૈશ્વિક ઈતિહાસના આ મહાન અવતારી પુરુષ માટે છેલ્લાં કેટલાંક વર્ષોથી એક ચર્ચા ઊભી કરવામાં આવી છે: શું ભગવાન શ્રીરામ એક વાસ્તવિક ઈતિહાસ છે? કે માત્ર કાલ્પનિક કથા કે નવલકથાનું પાત્ર છે? શું રામ ખરેખર જન્મ્યા હતા? શું રામ અયોધ્યામાં જ જન્મ્યા હતા? શું રામ જન્મભૂમિના સ્થળે જ જન્મ્યા હતા?

આવા તથ્યહીન સવાલો સાથે ભારતીય પૌરાણિક ઈતિહાસને 'મિથોલોજી' કે 'માઈથોલોજી' કહીને હિન્દુ ધર્મના ઈતિહાસને મરોડવાનો પ્રયાસ કરનારા લોકો શ્રીરામને કાલ્પનિક પાત્ર દર્શાવીને નવી પેઢીને શ્રદ્ધાથી વિમુખ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ નવાં સંસાધનો અને નવી ટેક્નોલોજીએ વાતને નવો વળાંક આપ્યો છે.

ભગવાન શ્રીરામ એક ઐતિહાસિક સત્ય છે. તેમનો જન્મ એક વાસ્તવિક ઈતિહાસ છે. એ વાત હવે આધુનિક સંશોધનો દ્વારા સિદ્ધ થઈ ચૂકી છે. જેમ કે, પુણે સ્થિત પ્રખર સંશોધક ડૉ. પી. વી. વર્તકે રામાયણમાં આપેલા ગ્રહ-નક્ષત્રો વગેરેના ઉલ્લેખોના આધારે શ્રીરામના જીવનના મુખ્ય પ્રસંગોનો સમય નિશ્ચિત કર્યો છે. જુઓ કેટલાંક સમય-ચિહ્નો:

- **શ્રીરામનો જન્મ:** ચૈત્ર સુદ ૯, તા. ૪-૧૨-ઈ.સ. પૂ. ૭૩૨૩.
  (તે સમયે ચૈત્ર મહિનો ડિસેમ્બરમાં આવતો હતો.)
- **શ્રીરામનાં લગ્ન:** તા. ૭-૪-ઈ.સ. પૂ. ૭૩૦૭.
- **શ્રીરામનું વનગમન:** તા. ૨૯-૧૧-ઈ.સ. પૂ. ૭૩૦૬ (શ્રીરામને લગ્ન સમયે ૧૬ વર્ષ પૂરાં થયાં હતાં અને વનગમન સમયે ૧૭ વર્ષ થયાં હતાં.)
- **શ્રીરામ દ્વારા રાવણવધ:** તા. ૧૫-૧૧-ઈ.સ. પૂ. ૭૨૯૨.

માત્ર ડૉ. પી. વી. વર્તક જ નહીં અન્ય અનેક વિદ્વાનોએ પણ આર્કિયોલોજી અને આર્કિયો-એસ્ટ્રોનોમીના આધારે તથ્યો રજૂ કરીને શ્રીરામને એક વાસ્તવિક ઈતિહાસ તરીકે દર્શાવ્યા છે.

તાજેતરમાં તથ્યો અને પારંપરિક ઈતિહાસને લક્ષ્યમાં રાખીને ભારતીય સુપ્રિમ કોર્ટે રામજન્મભૂમિ અંગે આપેલા ચુકાદામાં ઉલ્લેખ કર્યો છે કે શ્રીરામનો જન્મ અયોધ્યામાં રામજન્મભૂમિના સ્થળે થયો હતો તેમાં વિવાદ કરવાની કોઈ જરૂર નથી. ચુકાદાના ઉપસંહાર રૂપ ૧૭૦મા મુદ્દા તરીકે આ વાતને રજૂ કરતાં સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે

'It is thus concluded on the conclusion that faith and belief of Hindus since prior to construction of Mosque and subsequent thereto has always been that Janmaasthan of Lord Ram is the place where Babri Mosque has been constructed which faith and belief is proved by documentary and oral evidence discussed above.'

આમ, ભગવાન શ્રીરામની ઐતિહાસિકતા અને રામજન્મભૂમિની ઐતિહાસિકતાના વિવાદ પર સુપ્રિમ કોર્ટે પૂર્ણવિરામ મૂકી દીધું છે, તેમાં કરોડો ભક્તોની શતાબ્દીઓ પુરાણી શ્રદ્ધા અને પ્રાર્થનાનો વિજય અનુભવાય છે.

પ્રાચીન સાત પવિત્ર પુરીઓ(સપ્તપુરી)માં જેનું નામ આદરપૂર્વક લેવાય છે એ સાકેત કે અયોધ્યા નગરીનો ઇતિહાસ ખૂબ પુરાણો છે. પ્રાચીન સમયના કૌશલ જનપદની રાજધાની અવધ તરીકે પ્રસિદ્ધ અયોધ્યા, બૌદ્ધ કાળમાં પણ અતિ મહત્ત્વનું સ્થાન ધરાવતી હતી. શ્રી ગૌતમ બુદ્ધ અને જૈન તીર્થંકર શ્રી મહાવીરે પણ અયોધ્યાની યાત્રા કરી હતી. ગૌતમ બુદ્ધે તો અહીં ઘણો સમય નિવાસ કર્યો હતો. ઈ.સ. પૂર્વે ત્રીજી શતાબ્દીમાં સમ્રાટ અશોકે પણ અહીં સ્મારકો બનાવ્યાં હતાં. ગ્રીક અને શુંગ, પાંચાલ, દેવ, દત્ત, કુષાણ, મિત્ર, ગુપ્ત વગેરે વિવિધ વંશીય રાજાઓએ આ નગરી પર શાસન કરીને તેનો મહિમા વિસ્તાર્યો હતો. ૧૮૩૮માં ઇતિહાસ લેખક રોબર્ટ મોન્ટગોમેરી માર્ટિને અયોધ્યાની કર્ણપરંપરા મુજબ નોંધ્યું છે કે ભગવાન શ્રીરામના વંશજ બૃહદ્‌બલના મૃત્યુ પછી અયોધ્યામાં સુનકાર વ્યાપી ગયો હતો અને નગર ઉજ્જડ બની ગયું હતું.[૧] પરંતુ સમ્રાટ વિક્રમાદિત્યે ઉજ્જૈનથી અહીં આવીને અયોધ્યાની શાન પુનઃ ઝળહળતી બનાવી હતી.[૨] તેણે અહીં ૩૬૦ કરતાં વધુ મંદિરોનું નિર્માણ કરાવીને અયોધ્યાને મંદિરોની નગરી બનાવી હતી. તેના શાસન દરમ્યાન, અયોધ્યા કલા-સંગીત-સાહિત્યનું એક ધમધમતું કેન્દ્ર બન્યું હતું. આજથી ૧૬૦૦ વર્ષ પહેલાં પાંચમી સદીમાં ભારત આવેલા ચીની યાત્રી અને ઇતિહાસ લેખક ફાહિયાને અયોધ્યાનો તીર્થ તરીકે ઉલ્લેખ કર્યો છે. ઈ.સ. પૂર્વે ત્રીજી શતાબ્દીમાં સમ્રાટ અશોકે અહીં સ્તૂપ તૈયાર કરાવ્યો હતો. જૈન પરંપરામાં પણ અયોધ્યાનો અનોખો મહિમા છે. કારણ કે જૈન પરંપરાના ૨૪ તીર્થંકરો પૈકી ૫ તીર્થંકરોની જન્મભૂમિ અયોધ્યા માનવામાં આવી છે.[૩]

અયોધ્યાની આવી વિવિધતામાં સ્વામિનારાયણ સંપ્રદાયનો અયોધ્યા સાથેનો નાતો પણ એક નવું પૃષ્ઠ ઉમેરે છે. એ સુપ્રસિદ્ધ હકીકત છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમનાં બાલ્યકાળનાં ૬ વર્ષ અયોધ્યામાં વિતાવ્યાં હતાં. સન ૧૭૮૧માં શ્રીરામની જન્મતિથિએ જ (એટલે કે ચૈત્ર સુદ નવમીની તિથિએ) 'ઘનશ્યામ' તરીકે જન્મેલા ભગવાન સ્વામિનારાયણે બાળવયમાં અયોધ્યામાં કરેલાં દિવ્યચરિત્રોનો ઇતિહાસપાઠ આજેય લાખો ભક્તો શ્રદ્ધાપૂર્વક કરે છે.

પિતાશ્રી ધર્મદેવ, માતુશ્રી ભક્તિમાતા, જ્યેષ્ઠ બંધુ રામપ્રતાપ, સુવાસિની ભાભી અને અનુજ ઇચ્છારામ સાથે બાળ ઘનશ્યામે જ્યાં નિવાસ કર્યો હતો તે પ્રાસાદિક ઘર, જ્યાં ઘનશ્યામ નિત્ય ધ્યાન ધરતા હતા તે ચંદ્રશેખર મહાદેવનું દેરું, જ્યાં ઘનશ્યામે લોભી કંદોઈને પરચો આપ્યો હતો તે કંદોઈની દુકાન, જ્યાં નિત્ય સ્નાન-પૂજા કરતા હતા તે સરયૂ નદીના ઘાટ વગેરે અયોધ્યાનાં અનેક સ્થાનો આજેય બાળ ઘનશ્યામની સ્મૃતિઓ તાજી કરાવે છે. એ ઉપરાંત અયોધ્યાનાં પ્રસિદ્ધ તીર્થસ્થાનો ઘનશ્યામની અનોખી આધ્યાત્મિક પ્રતિભાનો પરિચય કરાવતાં આજેય ઊભાં છે. તેમાં ખાસ કરીને હનુમાનગઢી, રામકોટ, સીતામઢી, લક્ષ્મણકિલા, કનકભુવન, રાઘવમંદિર, જગન્નાથ કાવડિયાની જગ્યા વગેરે અનેક તીર્થો-આશ્રમોમાં નિત્ય એકાગ્ર ચિત્તે રામકથાનું શ્રવણ કરીને તુલસીકૃત ચોપાઈઓ લલકારતા બાળ ઘનશ્યામનું મનોમન સ્મરણ કરતાં હૃદય ભક્તિભીનું થઈ જાય છે. રામજન્મભૂમિ પ્રત્યેનો તેમનો સ્નેહ તેમનાં ચરિત્રોમાં નીરખી શકાય છે.

૧૧ વર્ષની ઉંમરે અયોધ્યા છોડ્યા બાદ પણ, બાળપણથી હૃદયમાં ઘૂંટાયેલાં રામચરિત્ર અને રામાયણની અનેક કથાઓના સંદર્ભો જીવનભર તેમના ઉપદેશોમાં પડઘાતા રહ્યા. ક્યારેક શ્રીરામનાં ચરિત્રોમાં વ્યક્ત થતી દયાળુ પ્રકૃતિ કે ક્યારેક સીતાજીની સમજણ વિષે, ક્યારેક લક્ષ્મણનું યતિવ્રત કે ક્યારેક હનુમાનજીની અજોડ દાસત્વભક્તિ વિષે વારંવાર કથાઓ કરીને ભગવાન સ્વામિનારાયણે અયોધ્યા સાથેનો નાતો સતત અકબંધ રાખ્યો હતો.[૪]

૨૦૦ વર્ષ પછી આજપર્યંત ભગવાન સ્વામિનારાયણના અનુગામી ગુણાતીત ગુરુઓનાં હૈયે પણ રામજન્મભૂમિ પ્રત્યેનો નાતો એવો જ તાજગીભર્યો અનુભવાતો રહ્યો છે.

અહીં ખાસ ઉલ્લેખવું જોઈએ કે રામજન્મભૂમિ માટે છેલ્લાં કેટલાંય વર્ષોથી માત્ર અયોધ્યામાં જ નહીં, ઠેર ઠેર શ્રદ્ધાપૂર્વક પ્રાર્થનાનો અવિરત યજ્ઞ ચાલી રહ્યો હતો. રામધૂન સાથે પ્રાર્થનાની એ વેદીમાં કરોડો શ્રદ્ધાળુઓ અને અસંખ્ય સંતોએ પોતાની આહુતિ આપી છે. પ્રાર્થનાના યજ્ઞમાં ભગવાન સ્વામિનારાયણના ગુણાતીત ગુરુઓએ પણ

---

૧. Bakker, Hans (1984), *Ayodhya, Part 1: The history of Ayodhya from the 7th century BC to the middle of the 18th century,* Groningen: Egbert Forsten.

૨. ibid

૩. પ્રથમ તીર્થંકર ઋષભદેવ, દ્વિતીય તીર્થંકર અજિતનાથ, ચતુર્થ તીર્થંકર અભિનંદનનાથ, પંચમ તીર્થંકર સુમતિનાથ અને ૧૪મા તીર્થંકર અનંતનાથ. જૈન ઇતિહાસ મુજબ, આ બધા જ તીર્થંકરો ઇક્ષ્વાકુ વંશના હતા. આ ઇક્ષ્વાકુ વંશમાં જ શ્રીરામનો જન્મ થયો હતો.

૪. ઉલ્લેખનીય છે કે બાળયોગી શ્રી નીલકંઠવર્ણી તરીકે ભગવાન સ્વામિનારાયણ અખિલ ભારતની પદયાત્રા કરીને ગુજરાતમાં પધાર્યા ત્યારે મહાન સંત શ્રી રામાનંદ સ્વામીનો તેમને યોગ થયો, જેઓ પણ મૂળ અયોધ્યામાં જન્મ્યા હતા.

આહુતિ અર્પી છે. ભગવાન સ્વામિનારાયણના અનુગામી ગુણાતીત ગુરુવર્યોએ સમયે સમયે રામજન્મભૂમિ માટે કરેલી પ્રાર્થનાઓમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે કરેલી પ્રાર્થનાઓનું અહીં વિશેષ સ્મરણ થાય છે.

સન ૧૯૫૩, ૧૯૫૬, ૧૯૬૮ વગેરે વર્ષોમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે અયોધ્યાની યાત્રા કરીને અયોધ્યામાં રામજન્મભૂમિ માટે થતી અખંડ ધૂનમાં ભાગ લીધો હતો. એટલું જ નહીં તેમણે પોતાની સાથેના વિશાળ સંઘને પણ રામજન્મભૂમિ માટે પ્રાર્થના કરવા માટે પ્રેરણા આપી હતી.

સન ૧૯૬૮માં યોગીજી મહારાજ સાથે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ પણ અયોધ્યા-યાત્રામાં જોડાયા હતા. તા.૯-૫-૧૯૬૮ની એ અયોધ્યા-યાત્રાનું વર્ણન કરતાં ઈશ્વરચરણદાસ સ્વામી નોંધે છેઃ

'અહીં રામ-જન્મભૂમિની અસલ જગ્યા ઉપર પહેલાં મંદિર હતું, જે બાબરે તોડી નાખેલું. આ સ્થાનનો કબજો હિન્દુઓને મળે તે માટે આ સ્થાન ઉપર ૧૯ વર્ષથી અખંડ રામધૂન ચાલી રહી હતી. સરયૂ-સ્નાન કરીને અમે સૌ અહીં આવ્યા. મૂળ જન્મ સ્થાન પાસે કોઈ જઈ શકતું નથી. ને ત્યાં ચોવીસ કલાક પોલીસ પહેરો રહે છે. તે સ્થાનનાં યોગીજી મહારાજે દૂરથી દર્શન કર્યાં. પછી પોતે પણ વેદિકા ઉપર રામધૂનની મંડળી ભેગા બેસી ગયા ને તાળીઓ વજાડી ધૂન કરવા લાગ્યા. સન ૧૯૪૯થી સતત રામધૂન અને અખંડ જ્યોત ચાલતી જોઈને સ્વામીશ્રી તેમના દાખડાથી ખૂબ જ પ્રસન્ન થયા. અહીંના કાર્યકર્તા મહંત રામલખમનશરણજીને ખૂબ જ આશીર્વાદ આપ્યા ને હરિભક્તો પાસે સારી સેવા કરાવી.

પછી પોતે મંદિરે પધાર્યા. અહીં પણ મહંત રામલખમન-શરણજી સાથે આવ્યા હતા. તેમણે રામજન્મભૂમિનો સઘળો ઈતિહાસ સ્વામીશ્રીને કહ્યો. ખૂબ જ રસપૂર્વક તે સાંભળીને સ્વામીશ્રીએ એમને આશીર્વાદ આપ્યા કે 'જાવ, તમારું કાર્ય થઈ જશે.' એમ કહી બોલ્યાઃ 'કેસમાં જીત થાય અને મંદિર થાય તે માટે કરો ધૂન!' એમ ધૂન કરાવી.'[૫]

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ ગોંડલ ખાતે અક્ષરદેરીમાં પણ રામજન્મભૂમિ માટે સતત પ્રાર્થના કરતા રહ્યા હતા. રામજન્મભૂમિની મુક્તિ માટે તેમણે મહાપૂજાઓમાં પણ વારંવાર પ્રાર્થનાઓ કરી હતી.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પણ જીવનભર રામજન્મભૂમિની પ્રાર્થનામાં પોતાની આહુતિ અર્પી છે. સમયે સમયે તેમણે અયોધ્યાની યાત્રા કરીને રામજન્મભૂમિથી લઈને અન્ય તીર્થસ્થળોએ ધૂનમાં ભાગ લીધો છે.

સન ૧૯૫૩, ૧૯૫૬, ૧૯૬૮ વગેરે વર્ષોમાં તેઓ યોગીજી મહારાજની સાથે અયોધ્યા-યાત્રા દરમ્યાન પ્રાર્થના-યજ્ઞમાં સામેલ થયા હતા. અને ત્યારબાદ સન ૧૯૭૨ (તા. ૮,૯-૧૨-૧૯૭૨), સન ૧૯૭૫ (તા. ૧૪-૭-૧૯૭૫), ૧૯૭૯ (તા. ૭-૫-૧૯૭૯), ૧૯૮૨ (તા. ૨૪-૧૦-૧૯૮૨) વગેરે વર્ષોમાં સંતો-હરિભક્તોના સંઘ સાથે અયોધ્યા-યાત્રા કરીને તેમણે અસ્મિતાપૂર્વક પ્રાર્થનાયજ્ઞમાં ભાગ લીધો હતો. જ્યારે જ્યારે તેઓ અયોધ્યા પધારે ત્યારે આ પ્રાર્થનાયજ્ઞ ઉપરાંત સરયૂઘાટ, હનુમાનગઢી, સીતામહેલ, કનકભુવન, રામકોટ વગેરે તીર્થોમાં અવશ્ય દર્શન-સ્નાન કરીને રામજન્મભૂમિ માટે પ્રાર્થના કરે જ. રામજન્મભૂમિની સેવા-પ્રાર્થનામાં જોડાવા માટે તેમણે અનેકને પ્રેરણાઓ પણ આપી હતી. રામજન્મભૂમિની મુક્તિ માટે પ્રયાસ કરી રહેલા પરમહંસ રામચંદ્રદાસજી, નૃત્યગોપાલદાસજી વગેરે સહિત અનેક સંતો-મહંતો-કાર્યકરો સાથે સમયે સમયે વિમર્શ કરીને તેમણે સૌને હૃદયથી સ્નેહ-સાથ આપ્યો હતો.

તેમાંય ખાસ કરીને રામજન્મભૂમિ સ્થળે શ્રી રામમંદિરના નિર્માણ માટે સન ૧૯૮૯માં આરંભાયેલું રામશિલાના પૂજનનું રાષ્ટ્રીય આંદોલન સદા યાદ રહેશે. તીર્થરાજ પ્રયાગમાં કુંભ મહોત્સવમાં સંતસંમેલનમાં નિર્ણીત થયા મુજબ દેશભરમાં અને વિશ્વના ૧૨ દેશોમાં તા. ૩૦-૯-૮૯ (આસો સુદ પડવો)થી તા. ૯-૧૧-૮૯ (દેવઊઠી એકાદશી) દરમ્યાન કરોડો હિન્દુઓ શ્રીરામશિલાપૂજન કરે તેવું એ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના પ્રારંભિક સ્વરૂપમાં વિવિધ સંપ્રદાયના આચાર્યો, પીઠાધીશો શ્રીરામ-શિલાપૂજન કરે તેવી યોજના હતી. આ અખિલ રાષ્ટ્રીય આંદોલન આરંભાયું ત્યારે આયોજકોએ સનાતન હિન્દુ ધર્મના મહાન જ્યોતિર્ધર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે પ્રથમ રામશિલાનું પૂજન થાય તેવી ભાવના વ્યક્ત કરી હતી. પ્રમુખસ્વામી મહારાજે રામશિલાના એ પૂજનનો અવસર ખૂબ ઉત્સાહથી વધાવી લીધો હતો.

તા. ૧૬-૮-૧૯૮૯ અને શ્રાવણી પૂર્ણિમાનો એ પવિત્ર અવસર હતો. પ્રમુખસ્વામી મહારાજ અમદાવાદમાં શાહીબાગ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે બિરાજતા હતા. આયોજકોએ રામશિલાના પૂજનની તૈયારીઓ હોલમાં આરંભી દીધી હતી. એ સૌએ રામશિલા તથા પૂજનસામગ્રી ટિપાઈ ઉપર ગોઠવી હતી, જેથી

---


૫ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનું વિસ્તૃત જીવનચરિત્ર, સન ૧૯૯૦, ભાગ-૫, પૃ. ૩૦.



અનેકવાર અયોધ્યાની યાત્રા દરમ્યાન અયોધ્યાનાં તીર્થો અને રામજન્મભૂમિના સ્થળે જઈને સ્વામીશ્રીએ સંતો-મહંતો સાથે બિરાજીને રામજન્મભૂમિની મુક્તિ અને મંદિર માટે પ્રાર્થનાઓ કરી છે. સ્વામીશ્રીની સન ૧૯૮૨ની અયોધ્યા-યાત્રાની કેટલીક છબિ-સ્મૃતિઓ...

સ્વામીશ્રી સોફા ઉપર બેઠાં બેઠાં પૂજન કરી શકે. સ્વામીશ્રીને ગોઠણમાં વાની તકલીફ હોવાથી તેમના માટે નીચે બેસવાનું અનુકૂળ નહોતું. આમ છતાં, સ્વામીશ્રીએ નીચે બેસીને જ રામશિલાનું પૂજન કરવાનો આગ્રહ રાખ્યો. તાત્કાલિક એ પ્રમાણે વ્યવસ્થાઓ ગોઠવાઈ ગઈ. સામે ગોઠવેલા સુશોભિત બાજોઠ પર રામશિલા, સંભવિત મંદિરની પ્રતિમા તથા પૂજાપો ગોઠવવામાં આવ્યો હતો. લગભગ ૩૦ મિનિટ સુધી સંતોએ વેદોક્ત વિધિપૂર્વક રામશિલાનું પૂજન કરાવ્યું. વિધિવત્ પૂજન કરીને સ્વામીશ્રીએ ઘણીવાર સુધી અંતઃકરણપૂર્વક રામજન્મભૂમિ માટે પ્રાર્થનાઓ કરી. રામશિલાના આ પૂજન પછી તે પૂજન-કાર્યક્રમ દેશવ્યાપી બનવાનો હતો. તેની પૂર્ણ સફળતા માટે, સૌ કાર્યકર્તાઓને ચાંદલો કરીને અંતરના આશીર્વાદ સાથે સૌને સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આજે બળેવનો દિવસ છે. શ્રાવણ જેવો પવિત્ર મહિનો છે. સારી રીતે પૂજન થયું છે. આજે પ્રાર્થના કરીએ કે રામશિલા અયોધ્યામાં બેસે અને લાખો વર્ષ સુધી કોઈ એને ઉખાડી ન શકે. લાખોનું એ દ્વારા કલ્યાણ થાય. એ માટે ચાલો થોડી ધૂન કરી લઈએ.' એમ કહીને ધૂન કર્યા પછી પુનઃ સ્વામીશ્રી કહે, 'જ્યાં કામ કર્યું છે ત્યાં કોઈ વિઘ્ન ન આવે. બધાની બુદ્ધિ સારી રહે અને કોઈ વિક્ષેપ ના રહે એના માટે ધૂન કરો.' ફરીથી ધૂન કરીને પછી તેઓએ કહ્યું: 'રામજન્મભૂમિના આ કાર્યમાં ભગવાન જરૂર ભળશે. બધી રીતે ભગવાન મુશ્કેલી દૂર કરશે. ભગવાન સ્વામિનારાયણ પણ અયોધ્યાના જ છે એમને પણ પ્રાર્થના કરીએ કે સૌને

બળ-શક્તિ આપે.' ત્યારપછી સૌને ગોળ-ધાણાં આપતાં કહે, 'મોઢાં, આવાં ને આવાં ગળ્યાં કાયમ રહે. આખા ભારતનું કલ્યાણ કરવા ભગવાન શ્રીરામ આવ્યા છે તો કરશે જ.'



સ્વામીશ્રી જે આત્મવિશ્વાસ અને જુસ્સાથી બોલી રહ્યા હતા એમાં આ કાર્યની સફળતાનો રણકો ગુંજી રહ્યો હતો. ત્યારપછી આસન પરથી ઊભા થઈને સ્વામીશ્રીએ સ્વહસ્તે પૂજિત રામશિલા કાર્યકર્તાઓને અર્પણ કરી અને આ પૂજન નિમિત્તે બી.એ.પી.એસ. સંસ્થા વતી ભેટ અર્પણ કરાવી. રામશિલાના આ પૂજનથી સ્વામીશ્રી ખૂબ જ આનંદિત અને પ્રફુલ્લિત હતા અને સ્વામીશ્રીના આશીર્વાદ પામીને સર્વે કાર્યકર્તાઓ પણ અતિ કૃતાર્થ થયા હતા.

રામશિલાનું આ પૂજન થયા બાદ રાષ્ટ્રવ્યાપી પૂજન કાર્યક્રમો થયા એ દરમ્યાન પણ સ્વામીશ્રી જ્યાં જ્યાં હતા ત્યાં ત્યાં રામશિલાના પૂજનમાં પુનઃ જોડાયા હતા.

તા. ૧-૧૦-૧૯૮૯ના રોજ તેઓ મુંબઈમાં બિરાજતા હતા. અહીં પણ દાદર સ્થિત બી.એ.પી.એસ. મંદિરમાં 'રામશિલા'નું પૂજન રાખ્યું હતું. અહીં પણ વિધિવત્ પૂજન કરીને સ્વામીશ્રીએ મુંબઈના કાર્યકર્તાઓ શ્રી ભાસ્કરરાવ મુંડે, વસંતભાઈ ઠક્કર વગેરેને આશીર્વાદ આપતાં ઉચ્ચાર્યું હતું કે 'સમર્પિત કાર્યકર્તાઓ અને આપ બધાનો પ્રયત્ન છે ને મહાત્માઓના આશીર્વાદ છે એટલે આ કાર્યમાં ભગવાન દરેકને પ્રેરણા કરશે. જરૂર સફળતા મળશે. જાગૃતિ સારી આવી છે...'

તા. ૧૯-૧૦-૧૯૮૯ના રોજ પ્રમુખસ્વામી મહારાજ જૂનાગઢ ખાતે બિરાજતા હતા ત્યારે રામશિલાના પૂજનનો છેલ્લો કાર્યક્રમ હતો. પૂજનના આયોજનમાં જોડાયેલા કાર્યકર્તાઓ - શહેરના પૂર્વ મેયર નરસિંહભાઈ પઢિયાર તથા અન્ય સૌને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ પુનઃ ઉચ્ચાર્યું હતુંઃ 'લ્યો આ હાર, ઠાકોરજીનો પ્રસાદીનો છે. ઠાકોરજી ભેગા આવશે. અમારા આશીર્વાદ તો છે જ. જરૂર વિજય થશે.' કહીને એક બીજા સંતે **(અનુસંધાન પૃષ્ઠ ૪૨ પર)**

૧૯૮૯માં રામજન્મભૂમિ પર થનારા શ્રીરામ મંદિરની શિલાઓનો રાષ્ટ્રવ્યાપી પૂજન-કાર્યક્રમ યોજાયો ત્યારે પ્રમુખસ્વામી મહારાજના હસ્તે પ્રથમ શિલાપૂજન થયું હતું. પૂજન સાથે પ્રાર્થનાઓ કરીને સ્વામીશ્રીએ અસ્મિતાપૂર્વક વિજયના બળભર્યા આશીર્વાદ આપ્યા હતા...



# દિવાળી અને અન્નકૂટોત્સવ





વડોદરા(અટલાદરા) ખાતે બી.એ.પી.એસ. મંદિરમાં ૩૫૦૦ વાનગીના મહા-અન્નકૂટનું એક મનોરમ્ય દૃશ્ય

## શ્રીકૃષ્ણની ગોવર્ધન લીલાથી આરંભાયેલો અન્નકૂટ હવે મહા-અન્નકૂટ બનીને વિશ્વભરમાં ભારતીય ભક્તિ-પરંપરાની ગરિમા પ્રસરાવી રહ્યો છે



અન્નકૂટ!

વિશ્વનો સૌથી મોટો ધાર્મિક અન્ન-ઉત્સવ.

પશ્ચિમી જગતના લોકો જેને 'લાર્જેસ્ટ વેજિટેરિયન ફૂડ ફેસ્ટિવલ' જેવું આધુનિક નામ આપે છે એ અન્નકૂટ ઉત્સવ ભારતીય ભક્તિ-પરંપરાનો એક વિશિષ્ટ આયામ છે.

શા માટે અન્નકૂટ?

જે પરમાત્માએ આપણને પાણી આપ્યું, ભૂમિમાંથી ઉગાડીને આપણને અન્નનો કણ આપ્યો, અન્નના કણને પચાવવાની શક્તિ આપી, એ પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતા-આભારની ભાવના દર્શાવીને એમની સમક્ષ અન્ન અર્પણ કરવું અને અંતે તે પ્રસાદરૂપે સૌને વહેંચવું તે એક ભક્તિ છે. અન્નકૂટ એવી ભક્તિ અદા કરવાનો એક અવસર છે.

તો અન્નકૂટમાં ભાત-ભાતની વાનગીઓ શા માટે?

શાસ્ત્રો કહે છેઃ 'યથા દેહે તથા દેવે'.

અર્થાત્ જેવું દેહ માટે કરીએ છીએ તેવું કે તેનાથી અધિક દેવ માટે એટલે કે ભગવાન માટે કરીએ તેનું નામ ભક્તિ છે. આપણે દેહ માટે ભાત-ભાતની વાનગીઓ કરીએ





છીએ તેમ દેવ એટલે કે ભગવાનને પણ ભાત-ભાતની વાનગીઓ અર્પણ કરીએ તેનું નામ ભક્તિ. અન્નકૂટ એવો એક અવસર છે કે જ્યારે દેહ કરતાંય અધિક પરમાત્માને અર્પણ કરવાની તક મળે છે.

હિન્દુ ભક્તિ-પરંપરામાં એવી દૃઢ શ્રદ્ધા છે કે આપણે ભાવપૂર્વક ભગવાનને જે કાંઈ અર્પણ કરીએ છીએ તે ભાવ ભગવાન સ્વીકારે છે, એટલું જ નહીં, ભગવાન આપણને અનેકગણું પાછું પણ આપે છે. ભૂમિમાં એક કણ વાવીએ છીએ અને ભૂમિ તેમાંથી છોડ ઉગાડીને અનેક કણ પાછા આપે છે, તેવી રીતે.

એટલે જ, અન્નકૂટમાં ભક્તિની સાથે સાથે એક પ્રાર્થના પણ જોડાયેલી છેઃ 'હે પ્રભુ! આ વિશ્વમાં સૌ કોઈને અન્ન મળે, કોઈ ભૂખ્યું ન રહે.'

આવી અનેક શ્રદ્ધા-ભાવનાઓ સાથે ઊજવાતો અન્નકૂટ ઉત્સવ આપણી એક વિરલ પરંપરા છે.

આ ઉત્સવનો આરંભ કેવી રીતે થયો હશે?

પૌરાણિક ઇતિહાસ પ્રમાણે, વ્રજવાસીઓની રક્ષા કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત ઊંચક્યો ત્યારે ગોવર્ધન પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવા માટે ગોવર્ધન પૂજા કરવામાં આવી હતી. એ સમયે ગોવર્ધન સમક્ષ વ્રજવાસીઓએ ભાત-ભાતનાં અન્ન ધરીને કૂટ રચ્યો હતો. પ્રસન્ન થઈને શ્રીકૃષ્ણે સૌને ત્યારે આદેશ આપ્યો હતો કે હવેથી દર વર્ષે આવો અન્નકૂટ રચવો, તેનાથી તમને સુખ મળશે. એમ માનવામાં આવે છે કે એ જ આરંભ હતો - અન્નકૂટનો.[1]

એક કર્ણપરંપરા મુજબ, ચાતુર્માસમાં ચોમાસા દરમ્યાન તૈયાર થયેલી નવી ફસલ કૃતજ્ઞતાપૂર્વક ભગવાનને અર્પણ કર્યા પછી જ તેને ઉપયોગમાં લેવાની પ્રેરણા પુરાણયુગના સંતોએ આપી હતી. તેમાંથી શરૂ થઈ અન્નકૂટની પરંપરા.

જો કે ઇતિહાસકારો નોંધે છે કે વિદેશી આક્રમણોના પ્રભાવ હેઠળ ભારતમાં ભક્તિ-પરંપરા મંદ પડવા માંડી હતી. ૧૧મી સદીમાં ભારતયાત્રાએ આવેલા અરબી ઇતિહાસ લેખક અલબિરુનીએ પોતાની નજરે જોયેલો દિવાળીનો દિવસ નોંધ્યો છે. કાર્તિક સુદ પડવાના દિવસનું ભારતદર્શન પણ એણે નોંધ્યું છે, પરંતુ આશ્ચર્ય એ છે કે તેમાં અન્નકૂટોત્સવનું સામાન્ય વર્ણન પણ જોવા મળતું નથી. સંભવતઃ એ સમયે અન્નકૂટની ભક્તિ-પરંપરા એવી નોંધપાત્ર નહીં રહી હોય.

પુનઃ મધ્યયુગીન આચાર્યો અને સંત-ભક્તકવિઓએ આસેતુ-હિમાલય ભક્તિ આંદોલન જગાવ્યું. છતાં, એવા કેવા સંજોગોમાંથી ભારતે પસાર થવું પડ્યું હશે કે હિંડોળા, અન્નકૂટ વગેરે ભક્તિ-પરંપરાના વ્રતોત્સવોને તેના મૂળ સ્વરૂપે પૂર્ણતઃ પુનર્જીવન મળતાં કેટલીય સદીઓનો સમય વીતી ગયો! એક સમય એવો હતો કે ભાતભાતનાં વ્યંજનો

૧. प्रति संवत्सरं तस्माद् अन्नकूटो विधीयताम्।
गवां भवति कल्याणं पुत्र-पौत्रादि-संततिः।
ऐश्वर्यं च सदा सौख्यं भवेद् गोवर्द्धनोत्सवात्।
(વ્રતરાજ, શ્લોક : ૬૬-૬૭)



ભગવાન સ્વામિનારાયણે મહિમાવંતી કરેલી અન્નકૂટની ભક્તિ-પરંપરાને પ્રમુખસ્વામી મહારાજે દેશ-વિદેશમાં વિસ્તારી છે. (અન્નકૂટ દર્શન, કેનેડા)

અને ભાતભાતનાં પકવાન સહિત ધરવામાં આવતો ભવ્ય અન્નકૂટ ભારતીય ભક્તિ-પરંપરાના અનોખા ઝળહળાટની પ્રતીતિ કરાવતો હતો, ધન-ધાન્ય-સુખ-સમૃદ્ધિથી છલકાતી *'શસ્ય-શામલા ભારત'*ની આલબેલ પોકારતો હતો. એને બદલે એ અન્નકૂટ માત્ર ભાતના એક ઢગલા પૂરતો મર્યાદિત થઈ ગયો. (ભારતીય સંસ્કૃતિ કી ગૌરવશાલી પરંપરા, લે. તનસુખરામ ગુપ્ત, પૃ. ૧૮૭. ભગવદ્ ગોમંડલ, પૃ. ૩૧૪)

પરંતુ ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર ભગવાન સ્વામિનારાયણે સનાતન હિન્દુ ધર્મની એ ભક્તિ-પરંપરાને વધુ ઉજ્જ્વળ બનાવી. તેમણે ભવ્ય અન્નકૂટ ઉત્સવો ઊજવ્યા, તેની સેવામાં આબાલવૃદ્ધ-સ્ત્રી-પુરુષો સૌને જોડ્યાં, પરમહંસ-કવિઓ પાસે અન્નકૂટોત્સવનાં થાળપદો પણ રચાવ્યાં અને આ ભક્તિને નૂતન સ્વરૂપ આપ્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે જીવંત રાખેલી આ પરંપરાનો મહિમા વધાર્યો – ગુણાતીત ગુરુવર્યોએ. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ તો અન્નકૂટોત્સવની સેવામાં જાતે જોડાઈ જાય. અન્નકૂટનાં વાસણો ધોવાનો પણ તેમને મન અત્યંત મહિમા. સ્વયં સેવા કરે પણ સાથે યુવકોને પણ એ સેવામાં જોડી દે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અન્નકૂટની ઉત્સવ પરંપરાને વિશ્વભરમાં વિસ્તારી. તેઓની પ્રેરણાથી વિશ્વભરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ઊજવાતા અન્નકૂટોત્સવો ઠેર ઠેર આ ભારતીય ભક્તિ-પરંપરાનું ગૌરવ વધારી રહ્યા છે. ભારતીય પાકશાસ્ત્ર, શાકાહાર, કલા, સેવા, ભક્તિ વગેરે તમામનો એક અનોખો સંગમ એટલે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ઊજવાતા અન્નકૂટોત્સવો. દેશ-વિદેશમાં હજારો સ્વયંસેવકો અને સંતોની ભક્તિ-ભાવનાથી રચાતા આ અન્નકૂટોત્સવોમાં દર્શને ઊમટતા લાખો દર્શનાર્થીઓ અહીં પ્રસન્નતા અને પ્રસાદ પામીને કૃતાર્થ થાય છે.

ગુજરાતના અંતરિયાળ વિસ્તારોથી લઈને ગુજરાતનાં શહેરોમાં અને મહારાષ્ટ્ર, રાજસ્થાન, દિલ્હી, પંજાબ, મધ્યપ્રદેશ, બંગાળ, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કર્ણાટક વગેરે રાજ્યો ઉપરાંત વિદેશોમાં પ્રસરેલાં બી.એ.પી.એસ. મંદિરોમાં અન્નકૂટનો અનોખો માહોલ રચાય છે અને હજારો ભાવિકોને હૈયે ભક્તિનો નિરાળો આનંદ રેલાવે છે. એટલું જ નહીં, અમેરિકા, ઇંગ્લેન્ડ અને ઑસ્ટ્રેલિયાની પાર્લામેન્ટ કે વડાપ્રધાનના સત્તાવાર નિવાસ સ્થાનોએ પણ હવે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા અન્નકૂટોત્સવ ઊજવાય છે. ભારતીય સનાતન ભક્તિ-પરંપરાના દીપાવલિ અને અન્નકૂટ ઉત્સવને વિદેશોની પાર્લામેન્ટ સુધી પહોંચાડવાનું શ્રેય પ્રમુખસ્વામી મહારાજને જાય છે.

તેઓના અનુગામી મહંત સ્વામી મહારાજ પણ આ ભક્તિ-પરંપરાને વિકસાવી રહ્યા છે. પોતાના પુરોગામી



ગુરુવર્યોની જેમ, અન્નકૂટના દિને જ્યાં સુધી ઠાકોરજી સમક્ષ થાળ અર્પણ ન થાય ત્યાં સુધી મહંત સ્વામી મહારાજ ઉપવાસ રાખે અને જરૂરી ઔષધ પણ ન લે, એવી તેમની સૂક્ષ્મ ભક્તિ છે.

તેમને મન અન્નકૂટ એ કોઈ પ્રદર્શન નથી, અન્નકૂટ એ ભગવાન પ્રત્યેનો અનન્ય પ્રેમ છે.

તેઓની નિશ્રામાં, પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ દેશ-વિદેશનાં અનેક બી.એ.પી.એસ. મંદિરોથી લઈને વિદેશોની પાર્લામેન્ટોમાં દિવાળી અને અન્નકૂટ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

એમાંય આ વર્ષે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, વડોદરા(અટલાદરા)નાં ૭૫ વર્ષની ઉજવણીના ઉપલક્ષ્યે તથા પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે મહા-અન્નકૂટોત્સવ ઊજવાયો હતો. અહીં વડોદરાના એ મહા-અન્નકૂટ તથા વિદેશની ભૂમિ પર વિવિધ પાર્લામેન્ટમાં ઊજવાયેલા દીપાવલિ-અન્નકૂટ પર્વની એક સ્મૃતિયાત્રા માણીએ...

### અટલાદરા ખાતે ભવ્ય મહા-અન્નકૂટોત્સવ

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, અટલાદરા-વડોદરાના અમૃત મહોત્સવ તેમજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૯૯મા જન્મજયંતી મહોત્સવના ઉપક્રમે અટલાદરા મંદિર ખાતે મહા-અન્નકૂટ ઉત્સવ યોજાયો હતો. તા. ૨૮-૧૦-૨૦૧૯, સોમવારના નૂતન વર્ષારંભે ઠાકોરજી સમક્ષ ૩,૫૦૦ વાનગીઓનો મહા-અન્નકૂટ રચવામાં આવ્યો હતો. જેનો દર્શનલાભ ૯૦,૦૦૦ કરતાં વધુ ભાવિક-ભક્તોએ લીધો હતો.

આ મહા-અન્નકૂટોત્સવનાં મંગલ પગરણ મંડાયાં હતાં છ મહિના પહેલાં. વડોદરાના સંતો-કાર્યકરો દ્વારા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સમક્ષ મહા-અન્નકૂટનો વિચાર રજૂ કરવામાં આવ્યો અને સ્વામીશ્રીએ આ ઉત્સવ ઊજવવાની સંમતિ આપી એ સાથે જ અન્નકૂટોત્સવની તૈયારીઓ આરંભાઈ ગઈ. વિચાર-વિમર્શ કરીને સૌએ નિર્ધાર્યું કે અટલાદરાના શિખરબદ્ધ મંદિરમાં ઠાકોરજી સમક્ષ ૧,૦૦૦થી વધુ વાનગીઓનો અન્નકૂટ ધરવો તેમજ મંદિર સામેના પરિસરમાં વિશાળ શમિયાણો રચીને તેમાં ઠાકોરજી સમક્ષ ૩,૫૦૦ વાનગીઓનો મહા-અન્નકૂટ ધરવો.

વિવિધ વાનગીઓ બનાવવી, સુંદર સુશોભન કરવું, દર્શન-વ્યવસ્થા, પ્રદર્શન રચવું, મંદિર-વ્યવસ્થા કરવી વગેરે સૂક્ષ્મ આયોજનો અને સેવાઓ આરંભાઈ ગયાં. સૌ ઉત્સાહભેર તેમાં જોડાવા લાગ્યા.

ઉત્સવ પ્રસંગે અટલાદરા મંદિરને કલાત્મક ફૂલો અને રંગબેરંગી વીજદીપોથી શણગારવામાં આવ્યું. મહા-અન્નકૂટ



## અટલાદરા ખાતે બી.એ.પી.એસ. મંદિરમાં ૩૫૦૦ વાનગીઓના મહા-અન્નકૂટમાં ૯૦,૦૦૦થી વધુ ભક્તોએ દર્શન કરીને ભક્તિનું અનોખું મોજું માણ્યું...

માટે ૧૩૦ × ૨૩૦ ફૂટનો વાતાનુકૂલિત શમિયાણો તૈયાર કરવામાં આવ્યો. તેમાં વાદળોની વચ્ચે બી.એ.પી.એસ. મંદિર(અટલાદરા)ની આબેહૂબ પ્રતિકૃતિ રચવામાં આવી હતી. તેના અગ્રભાગમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ગુણાતીત ગુરુવર્યોની મૂર્તિઓ બિરાજમાન કરવામાં આવી હતી. સાથે સાથે શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી સીતારામ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ અને શ્રી શંકર-પાર્વતીનાં સ્વરૂપો પધરાવવામાં આવ્યાં હતાં.

આ ભગવત્સ્વરૂપો સમક્ષ અર્ધ ગોળાકારમાં ૨૨ સોપાનપંક્તિઓ ધરાવતા મંચ પર ૧,૦૦૦ પ્રકારનાં મિષ્ટાન્ન, ૫૦૦ પ્રકારનાં ફરસાણ, ૫૦૦ પ્રકારની બેકરીની વાનગીઓ, અલગ અલગ પ્રાંતનાં ૩૦૦થી વધુ શાક, ૧૦૦થી વધુ પ્રકારના ભાત, ૧૦૦ જેટલાં સલાડ, ૧૦૦ પ્રકારના મુખવાસ અને અનેક પ્રકારનાં અથાણાં, રાઈતાં તેમજ આઈસક્રીમ સહિત ૩,૫૦૦ વાનગીઓનો મહા-અન્નકૂટ રચવામાં આવ્યો હતો. સાથે સાથે ૩૦ ફૂટ વ્યાસના સુંદર તળાવમાં ભ્રમણ કરતા અષ્ટદલ કમળ પર પ્રમુખસ્વામી મહારાજની પ્રતિમા સમક્ષ કેકનો થાળ રાખવામાં આવ્યો હતો. વિશાળ શમિયાણામાં પુરુષ અને મહિલા દર્શનાર્થીઓની હરોળ વચ્ચે સુંદર જળકુંડની રચના કરવામાં આવી હતી, જેમાં સંગીતમય ફુવારા દર્શનાર્થીઓને રોમાંચિત કરતા હતા.

હજારો દર્શનાર્થીઓની સર્વાંગ સાનુકૂળતા સચવાય એવી સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. દર્શન-વ્યવસ્થાના એક ભાગરૂપે મંદિર, બી.એ.પી.એસ. સંસ્થા અને પ્રમુખસ્વામી મહારાજનાં જીવનદર્શનનો સ્મૃતિ વીડિયો પ્રસ્તુત કરવામાં આવતો હતો. તેમજ પરિસરમાં વિભિન્ન સ્થળે મંદિરની પ્રતિકૃતિના સેલ્ફી પોઈન્ટ બનાવવામાં આવ્યા હતા. મહિલા મંડળ દ્વારા મંદિર પરિસરમાં ૨૫ × ૧૫ ફૂટની અટલાદરા મંદિરની પ્રતિકૃતિ રચવામાં આવી હતી.

આ ઉત્સવમાં ત્યાગવલ્લભદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી વગેરે વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિની સાથે અનેક અગ્રણી મહાનુભાવો પણ હાજર રહ્યા હતા. જેમાં શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા (શિક્ષણમંત્રી, ગુજરાત), શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી (અધ્યક્ષ, વિધાનસભા ગુજરાત), શ્રી યોગેશભાઈ પટેલ (શહેરી વિકાસ મંત્રી, ગુજરાત), શ્રી જિતુભાઈ સુખડિયા (ધારાસભ્ય, સયાજીગંજ), શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ (લોકનેતા), શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ (લોકનેતા) વગેરે



મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે મહિલા અગ્રણીઓમાં શ્રીમતી રંજનબહેન ભટ્ટ (સાંસદ, વડોદરા), અકોટા વિસ્તારના ધારાસભ્ય શ્રીમતી સીમાબહેન મોહિલે અને મેયર શ્રીમતી ડૉ. જિગીશાબહેન શેઠ વગેરે મહિલા મહાનુભાવોએ પણ આરતી અને દર્શનનો લાભ લીધો હતો.

સવારે ૧૦:૦૦ વાગ્યાથી આરંભાયેલા મહા-અન્નકૂટોત્સવમાં રાત્રે ૮:૦૦ વાગ્યા સુધીમાં ૯૦,૦૦૦ કરતાં વધુ ભક્તો-ભાવિકોએ દર્શનલાભ પ્રાપ્ત કર્યો હતો.

મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વડોદરા (અટલાદરા) ખાતે યોજાયેલા મહા-અન્નકૂટનો પ્રસાદ શહેરના અનાથાશ્રમો, વૃદ્ધાશ્રમો, પ્રજ્ઞાચક્ષુ આશ્રમો, બહેરા-મૂંગાની શાળાઓ, કેદીઓ, રક્તપિત્તના દર્દીઓને વહેંચાયો ત્યારે સૌના ચહેરા પર દીપાવલિ પર્વનો આનંદ અને આભારની લાગણી છલકાઈ આવી હતી...








લંડનના બી.એ.પી.એસ. મંદિરનું દીપાવલિ-અન્નકૂટ પર્વ પ્રતિ વર્ષે સમગ્ર યુ.કે.માં ભારતીય ભક્તિ-પરંપરાનું એક અનોખું મોજું પ્રસરાવે છે...

અહીં દર્શનાર્થે પધારનાર પ્રત્યેકના હૈયે એ જ ઉદ્‌ગાર પડઘાતા હતા કે ભવ્ય... દિવ્ય... અદ્‌ભુત... અવિસ્મરણીય...

અન્નકૂટ ઉત્સવ બાદ ભગવાનને ધરાવવામાં આવેલા પ્રસાદનું વડોદરા શહેરના અનાથાશ્રમો, વૃદ્ધાશ્રમો, સેન્ટ્રલ જેલના કેદીઓ, પ્રજ્ઞાચક્ષુ આશ્રમો, બહેરા મૂંગાની શાળાઓ, રક્તપિત્તના દર્દીઓના આશ્રમો તેમજ શહેર અને ગ્રામ્ય વિસ્તારના સત્સંગીઓ અને ગુણભાવી ભક્તોને વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ઉત્સવને સફળ બનાવવા માટે કોઠારી ભાગ્યસેતુદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ આનંદવિજયદાસ સ્વામી, બ્રહ્મનિલયદાસ સ્વામી, શ્રીજીવંદનદાસ સ્વામી, નીલકંઠજીવનદાસ સ્વામી, હરિકિશોરદાસ સ્વામી, હરિપ્રકાશદાસ સ્વામી અને અટલાદરા મંદિરના તમામ સંતો અને કાર્યકરો તેમજ ૬,૫૦૦ જેટલાં પુરુષ-મહિલાઓએ ભક્તિભાવપૂર્વક પુરુષાર્થ કર્યો હતો.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે સમગ્ર વડોદરા સત્સંગ મંડળને ખૂબ પ્રસન્નતાભર્યા આશીર્વાદ પાઠવ્યા હતા.

## યુ.કે. અને યુરોપ ખાતે દીપાવલિ પર્વની ઉજવણી

છેલ્લા અઢી દાયકાથી યુ.કે. અને યુરોપના સહેલાણીઓનું આકર્ષણ બનેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, લંડન(ઇંગ્લૅન્ડ, યુ.કે.) ખાતે તા. ૨૭ ઑક્ટોબરના રોજ દીપાવલિ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હજારો હિન્દુઓ અને સ્થાનિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દીપાવલિ પર્વ નિમિત્તે ચોપડાપૂજન આદિ કાર્યક્રમો યોજાયા હતા. આ દીપાવલિ પર્વે યુ.કે.ના ગૃહમંત્રી શ્રી પ્રીતિ પટેલે અહીં ઉપસ્થિત રહેવા બદલ ધન્યતા અનુભવી હતી.

તા. ૨૮ ઑક્ટોબરના રોજ નૂતનવર્ષ નિમિત્તે લંડન મંદિર ખાતે ભવ્ય અન્નકૂટોત્સવ યોજાયો હતો. યુ.કે. ખાતેના ભારતીય રાજદૂત શ્રી રુચિ ઘનશ્યામ તથા ડેપ્યુટી હાઈકમિશનર શ્રી ચરણજિતસિંઘ સહિત હજારો ભાવિકોએ અન્નકૂટનાં દર્શનનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી.

રાજદૂત શ્રી રુચિ ઘનશ્યામે ભાવોર્મિઓ વ્યક્ત કરીને બી.એ.પી.એસ. સંસ્થાના ઉમદા કાર્ય બદલ સ્વયંસેવકોને ધન્યવાદ પાઠવ્યા હતા. ઉલ્લેખનીય છે કે લંડન ઉપરાંત યુ.કે. તથા યુરોપના પેરિસ(ફ્રાન્સ), એન્ટવર્પ(બેલ્જિયમ), લિસ્બન(પોર્ટુગલ) વગેરે ૫૦ કરતાં વધુ સત્સંગકેન્દ્રોમાં પણ દીપાવલિ અને અન્નકૂટપર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

આમ, ભારત તેમજ પશ્ચિમ અને પૂર્વના અનેક દેશોમાં બી.એ.પી.એસ. મંદિરોમાં ઊજવાતા અન્નકૂટોત્સવો ભક્તિ અને સેવાનું એક અનોખું મોજું પ્રસરાવે છે, સ્થાનિકોમાં ભારતીય ઉત્સવોની ગરિમા અને તેનો મહિમા પ્રસરાવે છે. પ્રમુખસ્વામી મહારાજે આદરેલી આ દીપાવલિ-અન્નકૂટની પરંપરા હવે દેશ-વિદેશના પાર્લામેન્ટ ગૃહો સુધી વિસ્તરી ચૂકી છે. હા, સર્વત્ર હિન્દુ ભક્તિ-પરંપરાની સુવાસ વિસ્તરી રહી છે.



# આરબ દેશોમાં અબુધાબી અને બાહરીન ખાતે હજારો ભક્તો સહિત રાજવી પરિવારે દીપાવલિ-અન્નકૂટ પર્વને માણ્યું...

## બાહરીન ખાતે દીપાવલિ પર્વ તથા અન્નકૂટોત્સવ

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ આરબ દેશોમાં બાહરીન ખાતે ગતિમાન બી.એ.પી.એસ. સત્સંગ મંડળ દ્વારા દીપાવલિ-અન્નકૂટોત્સવ શાનદાર રીતે ઊજવવામાં આવ્યો હતો. આ ઉત્સવમાં ભાગ લેવા માટે તા. ૨૭ ઑક્ટોબરના રોજ બાહરીનના ક્રાઉન પ્રિન્સ ઈસા બિન સલમાન અલ ખલીફા ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પોતાના દાદા બાહરીનના પૂર્વ રાજા શેખ ઈસા અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ૧૯૯૭માં થયેલી ઐતિહાસિક મુલાકાતની સ્મૃતિઓ તાદશ કરી હતી. શેખ ઈસાએ પ્રમુખસ્વામી મહારાજને કહ્યું હતું કે 'આપ બાહરીનને આપનું ઘર જ સમજજો.' એવી જ ભાવના તેમના પૌત્ર ક્રાઉન પ્રિન્સ શ્રી ઈસા બિન સલમાન અલ ખલીફે પણ દર્શાવી હતી. તેમણે બ્રહ્મવિહારીદાસ સ્વામી અને સંતોને બાહરીનને પોતાનું ઘર માનવા જણાવ્યું હતું. અબુધાબી ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિર માટે પણ તેઓએ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.



દીપાવલિ પર્વે બાહરીનના ક્રાઉન પ્રિન્સ શ્રી ઈસાનું સ્વાગત...

## અબુધાબી ખાતે દીપાવલિ પર્વ તથા અન્નકૂટોત્સવ

અબુધાબી ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની ભૂમિ પર પણ તા. ૧ નવેમ્બર, ૨૦૧૯ના રોજ દિવાળી પર્વ અને અન્નકૂટોત્સવની પ્રભાવક ઉજવણી કરવામાં આવી હતી.

મંદિરના પ્રાંગણમાં વિશાળ શમિયાણામાં ઠાકોરજી સમક્ષ ધરવામાં આવેલા ૧૫૦૦ વાનગીઓના વિશાળ અન્નકૂટ વચ્ચે દીપાવલિનો અદ્‌ભુત માહોલ રચાયો હતો.

આ પ્રસંગે યુ.એ.ઈ.ના કેબિનેટ સભ્ય અને મિનિસ્ટર ઑફ ટોલરન્સ શ્રી શેખ નહ્યાન મુબારક અલ નહ્યાન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓની સાથે શ્રી સુલતાન અલ દહેરી (એક્ઝિક્યુટિવ ડાઈરેક્ટર, અમીરાત ડિપાર્ટમેન્ટ ઑફ કમ્યુનિટી ડેવલપમેન્ટ), શ્રી વિપુલજી (કોન્સલ જનરલ ઑફ ઇન્ડિયા) સહિત ૩૦૦ પ્રતિષ્ઠિત મહાનુભાવો અને વિવિધ સમાજના અગ્રણીઓ સહિત હજારો ભક્તો-ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. બી.એ.પી.એસ. સંસ્થા વતી પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ શ્રી શેખ નહ્યાન અને મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું.

અન્નકૂટ સમારોહમાં શ્રી શેખ નહ્યાન મુબારક અલ નહ્યાને ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતુંઃ 'આપને નવા વર્ષના સાલ મુબારક અને દિવાળીની શુભેચ્છાઓ. દિવાળીનો પ્રકાશ તમારા ઘરમાં છવાઈ જાય અને તમારા સંબંધો આનંદ અને પ્રસન્નતાથી ભર્યા રહે એ પ્રાર્થના. આ શુભ દિવસે હિન્દુ સમુદાયનાં તમામ ઘરો દીવડાઓથી ઝગમગી ઊઠે છે. દિવાળી વૈશ્વિક ઉજવણીનું પર્વ છે, જેમાં વિવિધ ધર્મ, સંપ્રદાય, રાષ્ટ્રીયતા, સંસ્કૃતિ અને અનેક જાતિના લોકો ભેદભાવ મૂકીને સાથે મળે છે. હું દૃઢતાપૂર્વક માનું છું કે વ્યક્તિ, પરિવાર અને




અબુધાબી ખાતે દીપાવલિ પર્વ તથા અન્નકૂટોત્સવની શાનદાર ઉજવણીને હજારો ભક્તો ઉપરાંત રાજવી પરિવારના મોભી અને મંત્રીવર્ય શ્રી શેખ નહ્યાન અને અનેક મહાનુભાવોએ હૃદયથી માણી. (સામેના પૃષ્ઠ પરઃ અબુધાબીમાં દીપાવલિ પર્વ)

સમાજના આબાલવૃદ્ધને આનંદ અને ઉમંગથી ભરી દેતા આવા ઉત્સવની ઉજવણી વિશ્વના તમામ દેશોમાં થવી જોઈએ. અહીંના માનવંતા લોકો સાથે દિવાળી ઉત્સવ ઊજવવા બદલ હું બી.એ.પી.એસ.ને અભિનંદન આપું છું. આ દિવાળી તમારા જીવનને શાંતિ, આનંદ અને સમૃદ્ધિથી ભર્યું ભર્યું કરી દે. તમારું અને તમારા પરિવારનું આરોગ્ય તંદુરસ્ત રહે એવી મારી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.'

ત્યારબાદ બ્રહ્મવિહારીદાસ સ્વામીએ અબુધાબીના રાજવી, સ્થાનિક સરકાર તથા શ્રી શેખ નહ્યાન અને ઉપસ્થિત મહાનુભાવો પ્રત્યે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, સ્થાનિક ૩૩ લાખ ભારતીયો અને સમગ્ર વિશ્વમાં વસતા લાખો હિન્દુઓ વતી આભાર માન્યો હતો.

પ્રાસંગિક ઉદ્‌બોધનો બાદ શ્રી શેખ નહ્યાન મુબારક અલ નહ્યાન, કોન્સલ જનરલ શ્રી વિપુલજી, આનંદસ્વરૂપદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી અને ડૉ. બી. આર. શેટ્ટીએ દીપ પ્રાગટ્ય કરીને ઉત્સવનું ઉદ્‌ઘાટન કર્યું હતું. શ્રી શેખ નહ્યાને અન્નકૂટ-દર્શન કરીને અહીં રચવામાં આવેલા પ્રદર્શનખંડોની મુલાકાત લીધી હતી. તેઓએ અહીં 'વર્લ્ડ ઑફ ટોલરન્સ'ની મુલાકાત લઈને 'આઈ પ્લેજ ઑફ ટોલરન્સ' પર પોતાના હસ્તાક્ષર કરીને યુ.એ.ઈ.ના સહિષ્ણુ વર્ષની ઉજવણીના પ્રતીક સમાન વૃક્ષ પર તેને ચીપકાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બે મહિનાથી પુરુષાર્થ કરનારા તમામ સ્વયંસેવકોનો પણ તેમણે આભાર માન્યો હતો. વિદાય લેતી વેળાએ શ્રી શેખ નહ્યાને જણાવ્યું હતું કે 'આપનો જ્યાં સ્પર્શ થાય છે, તે વસ્તુ ઉત્તમ બની જાય છે, અને માણસો પણ.'

આ અન્નકૂટ ઉત્સવ પ્રસંગે ૧,૫૦૦થી વધુ વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી, જેમાં વાનગીઓમાંથી જ બુર્જ અલ આરબ, એટલાન્ટિસ, અલદાર બિલ્ડિંગ, એક્સ્પો ૨૦૨૦, નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અને યુ.એ.ઈ.નાં અન્ય બેનમૂન સીમાચિહ્નોની આબેહૂબ પ્રતિકૃતિઓ પણ તૈયાર કરવામાં આવી હતી. આ સુશોભન નિહાળીને સૌ રોમાંચિત થઈ ગયા હતા.

અન્નકૂટોત્સવની ઉજવણી પ્રસંગે દિવસ દરમ્યાન ભારતના વિવિધ પ્રાંતોમાંથી અહીં આવીને વસેલા ભાવિકોએ ભક્તિ-સંગીત રેલાવીને મનોરમ્ય વાતાવરણ ખડું કર્યું હતું. સાથે બાળમેળાએ પણ ઊમટેલા સેંકડો બાળકોને વિશેષ આનંદ પમાડ્યો હતો.

અબુધાબી બ્લડ બેન્કના સહયોગથી આ પ્રસંગે રક્તદાન યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૦૦ કરતાં વધુ દર્શનાર્થીઓએ રક્તદાન કર્યું હતું.

યુ.એ.ઈ.નાં સાત રજવાડાઓમાંથી આશરે ૧૨,૦૦૦થી વધુ ભાવિક-ભક્તોએ અહીં પધારીને આ ઉત્સવને માણ્યો હતો. વતનથી દૂર રહ્યા થકા પણ ભારતીય સંસ્કૃતિના આ અસ્મિતાસભર પર્વને સમૂહમાં ઊજવીને સૌએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ને બી.એ.પી.એસ. સંસ્થાનો આભાર માન્યો હતો.

આમ, આરબ દેશોમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી ભારતીય ભક્તિ-પરંપરાને હજારો ભક્તો માણી રહ્યા છે, તેમાં સ્થાનિક રાજવીઓની ધર્મસહિષ્ણુતા અને ઉદારતા અભિનંદનીય છે. ◆







# ‘દિવાલી ઓન ધ હિલ’

## અમેરિકાની રાજધાની વૉશિંગ્ટન ડીસી ખાતે કેપિટલ હિલથી લઈને જુદાં જુદાં અમેરિકન રાજ્યોની રાજધાનીઓમાં દીપાવલિ-અન્નકૂટની ગૌરવવંતી ઉજવણી...

લંડનમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે રચેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પ્રભાવથી છેલ્લાં કેટલાંય વર્ષોથી યુ.કે.માં પાર્લામેન્ટ અને વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થાને દીપાવલિ-અન્નકૂટ પર્વ ગરિમાપૂર્વક યોજાય છે. તેની ફલશ્રુતિ રૂપે ઓસ્ટ્રેલિયા ખંડમાં પણ પાર્લામેન્ટોમાં દીપાવલિ-અન્નકૂટ પર્વની પરંપરા વિસ્તરી છે. છેલ્લાં ત્રણેક વર્ષોથી અમેરિકાની રાજધાની કેપિટલ હિલ ખાતે પણ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા અને અન્ય સહયોગી સંસ્થાઓના પ્રયાસથી દીપાવલિ પર્વની ઉજવણી સાથે એડવોકસી દિન ઊજવાય છે. આ વર્ષે કેપિટલ હિલથી લઈને અન્ય રાજ્યોની રાજધાનીઓમાં પણ અન્નકૂટોત્સવોની ગૌરવવંતી ઉજવણી કરવામાં આવી હતી. તેના પર એક નજર...

સન ૨૦૧૭થી બી.એ.પી.એસ. સંસ્થાએ અમેરિકાના કાયદાના ઘડવૈયાઓ સાથે શુભેચ્છા પર્વ ઊજવવાની શરૂઆત કરી છે. આ વર્ષે પણ ૧૪ નવેમ્બર, ૨૦૧૯ના રોજ દિવાળી પર્વના ઉપક્રમે અમેરિકાની રાજધાની વૉશિંગ્ટન ડીસી ખાતે શુભેચ્છા પર્વ ઊજવવામાં આવ્યું હતું. અમેરિકામાં વસતા ભારતીયો તેમના વિસ્તારના ચૂંટાયેલા અમેરિકાની પાર્લામેન્ટના પ્રતિનિધિઓને મળી શકે, ભારતીય -અમેરિકન સમાજને સ્પર્શતા મુદ્દાઓની ચર્ચા કરી શકે, કાયદાકીય નીતિઓ અંગે સલાહ મેળવી શકે તેવા આશયથી ‘એડવોકસી ડે’ અને દીપાવલિ પર્વની ઉજવણી થાય છે.

આ વર્ષે સમગ્ર યુ.એસ.એ.માંથી ૫૪ પાર્લામેન્ટ સભ્યો(કોંગ્રેસમેન) સહિત અન્ય ૪૦૦ કરતાં વધુ ભારતીય-અમેરિકન સમુદાયના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં શ્રી પીટ ઓલ્સન, શ્રી બ્રાયન ફિટ્ઝપેટ્રિક, શ્રી પ્રેમીલા જયપાલ, શ્રી જો વિલ્સન, શ્રી જુડી ચુ, શ્રી લાઉ કોરીઆ, શ્રી માર્ક વેસી, શ્રી રાજા ક્રિષ્નમૂર્તિ, શ્રી ડેવિટ શ્વેકર્ટ, શ્રી શેલા જેક્સન લી, શ્રી રો ખન્ના, શ્રી ટી.જે કોક્સ, શ્રી હર્ષવર્ધન શ્રીંગાલા (રાજદૂત, ભારત) વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના આરંભમાં હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સના ફ્લોર પર બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકો દ્વારા વૈદિક શાંતિપાઠ અને પ્રાર્થનાગાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અગ્રણીઓએ દીપપ્રાગટ્ય કરીને દીપાવલિ પર્વ અને અન્નકૂટોત્સવનો મંગલ પ્રારંભ કરાવ્યો હતો. ત્યારબાદ અગ્રણીઓએ પોતાની ભાવોર્મિઓ રજૂ કરી હતી.

ડર્કસેન સેનેટ ઑફિસ બિલ્ડિંગ ખાતે યોજાયેલા ‘દિવાલી ઓન ધ હિલ’ના આ વિશિષ્ટ કાર્યક્રમમાં મહાનુભાવોએ ભાવોર્મિઓ વ્યક્ત કરી હતી.

સૌપ્રથમ સાંસદ શ્રી જુડી ચુએ જણાવ્યું હતું કે ‘તમે આ કાર્ય કરવા માટે ૧૮૦ કરતાં વધુ પાર્લામેન્ટ સભ્યોનો સંપર્ક સાધ્યો છે. અને એ ખૂબ જ મહત્ત્વપૂર્ણ બાબત એ કહી શકાય કે તમે તમારો સંદેશ ત્યાં પહોંચાડી શક્યા છો. આવા સાંસ્કૃતિક પર્વને અહીં વૉશિંગ્ટન ડીસી ખાતે આપ ઊજવો છો તે પણ ખૂબ મહત્ત્વનું છે. તેને કારણે અમને પણ આ

યુ.એસ.એ.ની રાજધાની કેપિટલ હિલ ખાતે દીપાવલિ-અન્નકૂટની ઉજવણીમાં અમેરિકાના પ્રસિદ્ધ લોકનેતાઓ...










ઉત્સવને ઊજવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.'

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સાથેનાં સંસ્મરણો વાગોળતાં ભારતીય રાજદૂત શ્રી શ્રીંગાલાએ જણાવ્યું હતું કે 'હું થોડાં વર્ષો પહેલાં દક્ષિણ આફ્રિકામાં હતો ત્યારે મને બી.એ.પી.એસ. સંસ્થાની નજીક રહીને કાર્ય કરવાની તક મળી હતી. ત્યારે મને સ્વયં પ્રમુખસ્વામી મહારાજ પાસેથી પણ ખૂબ પ્રેરણાઓ મળી હતી. તેમનો બોધ આજે પણ મને પ્રેરણાઓ આપે છે. હું બી.એ.પી.એસ. સંસ્થાનો આભારી છું કે તેમણે ભારતીય અમેરિકનોની લાગણીઓ અને જીવન સાથે સંકળાયેલા એવા મુદ્દાઓને તેમના પ્રતિનિધિઓ સમક્ષ રજૂ કરવાની તક પૂરી પાડી છે, જે સૌ માટે ખૂબ મહત્ત્વના છે.'

આજના દિવસે કૉંગ્રેસમેન શ્રી અલ ગ્રીને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને ભારતીય સંસ્કૃતિ અને ભારતીયોની નોંધપાત્ર સેવા બદલ 'સર્ટિફિકેટ ઑફ સ્પેશિયલ કૉંગ્રેશનલ રેકગ્નિશન ફોર ઇટ્સ સર્વિસીઝ ટુ ધ કોમ્યુનિટી' બહુમાન અર્પણ કર્યું હતું.

કૉંગ્રેસમેન શ્રી ઓલ્સને જણાવ્યું હતું કે 'જ્યારે હાર્વી હરિકેન (વાવાઝોડું) અમેરિકા પર ત્રાટક્યું અને માત્ર બે જ દિવસમાં પાંચ ફૂટ વરસાદ પડ્યો ત્યારે બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકોએ કોઈપણ ભેદભાવ વિના સેવા કરી હતી. અસરગ્રસ્તોને તેમના મંદિરે લઈ જઈને ખૂબ મદદ કરીને ફરી તેમને પગભર કર્યા હતા. તમારો ખૂબ ખૂબ આભાર.'

પ્રતિનિધિ ફિટ્ઝપેટ્રિકે જણાવ્યું કે 'આપણા દેશને મહાન બનાવવામાં બી.એ.પી.એસ. સંસ્થાએ જે કાંઈ પ્રદાન આપ્યું છે તે બદલ હું અભિનંદન આપું છું. પરંતુ આ બધામાં સૌથી વધારે અભિનંદન તો મારે એ માટે આપવા છે કે તમે તમારા બાળકોમાં જે રીતે સંસ્કારસિંચન કરો છો તે અજોડ છે. મને મારા દાદા કહેતા કે આપણને એક અમેરિકન હોવાનું ગર્વ જરૂર હોવો જોઈએ, પરંતુ આપણી સંસ્કૃતિ અને આપણા પૂર્વજો સાથેનો નાતો ક્યારેય તૂટવો ન જોઈએ. આપણા બાળકોને આપણી આ સૌથી મોટી ભેટ બની રહેશે.'

આમ, અગ્રણી પ્રતિનિધિઓએ પોતાની ભાવોર્મિઓ વ્યક્ત કરી હતી. ત્યારબાદ સૌએ ઠાકોરજી સમક્ષ ધરાવવામાં આવેલા અન્નકૂટનાં દર્શન કર્યાં હતાં. અને સમૂહભોજન કરીને ભારતીય શાકાહારી વાનગીઓનો સૌએ આસ્વાદ માણ્યો હતો.

આ કાર્યક્રમમાં સહયજમાન સંસ્થાઓ – ઇન્ડિયા અમેરિકન મૂવમેન્ટ, હિન્દુ અમેરિકન ફાઉન્ડેશન, ઇન્ડિયાસ્પોરા, ધ આર્ટ ઓફ લિવિંગ, ફેડરેશન ઓફ જૈન એસોસિએશન્સ ઇન નોર્થ અમેરિકા, જૈન સોસાયટી ઓફ મેટ્રોપોલિટન વૉશિંગ્ટન, યુએસ-ઇન્ડિયા બિઝનેસ કાઉન્સિલ વગેરે સંસ્થાઓનો સહયોગ પણ અનન્ય રહ્યો હતો.

અમેરિકાના અન્ય રાજ્યોની રાજધાનીઓના વિધાનગૃહોમાં યોજાયેલા દીપાવલિ-અન્નકૂટના કાર્યક્રમો પણ શાનદાર રહ્યા હતા. તેની એક ઝલક..

**ન્યૂજર્સી રાજ્યની રાજધાની ટ્રેન્ટન ખાતે અન્નકૂટ...**

અમેરિકાના ન્યૂજર્સી રાજ્યની રાજધાની ટ્રેન્ટન ખાતેની વિધાનસભામાં ૭ નવેમ્બર, ૨૦૧૯ના રોજ સતત ત્રીજા વર્ષે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા દિવાળી અને અન્નકૂટોત્સવ ઊજવવામાં આવ્યો હતો. આ ઉત્સવની ઉજવણી માટે વિધાનસભાના સભ્ય શ્રી ડેનિયલ આર.

ન્યૂજર્સી રાજ્યની રાજધાની ટ્રેન્ટન ખાતે વિધાનસભા ગૃહમાં વિધિવત્ અન્નકૂટની ઉજવણી...





બેન્સન અને શ્રી વેન પી. ડીએન્જેલોનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.

દીપાવલિ પર્વની ઉજવણી નિમિત્તે વિધાનસભાગૃહમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા અન્ય ભગવત્સ્વરૂપો સમક્ષ અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. અન્નકૂટ પ્રસંગે વિધાનસભાના ૨૨ એસેમ્બલીમેન તથા ૩ સેનેટરો સહિત અન્ય અનેક મહાનુભાવોએ દર્શન-પ્રાર્થના કરીને આ પવિત્ર પર્વે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ઉદ્‌બોધન કરતાં આ લોકનેતાઓએ અમેરિકાના વિકાસમાં ભારતીયોના વિશેષ ફાળાને બિરદાવ્યો હતો.

આ ઉપક્રમે વિધાનસભાના સભ્ય શ્રી ડેનિયલે બી.એ.પી.એસ. સંસ્થાની કામગીરીની પ્રસન્નતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું 'બી.એ.પી.એસ. સંસ્થા પારિવારિક અને સામાજિક મૂલ્યોના પ્રવર્તન દ્વારા સમાજમાં ઉજાસ ફેલાવવાનું ઉદાત્ત કાર્ય કરે છે.'

આ અવસરે ન્યૂજર્સી રાજ્યના પ્રસિદ્ધ લોકનેતા અને સેનેટર શ્રી બોબ સ્મિથ, શ્રી નિકોલસ સેકો, એન્થની બ્યૂકો સહિત વિધાનસભાના ૨૨ કરતાં વધારે એસેમ્બલીમેન અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### પેન્સિલવેનિયાની રાજધાની હેરિસબર્ગમાં અન્નકૂટ...

તા. ૨૧ ઑક્ટોબર, ૨૦૧૯ના રોજ અમેરિકાના પેન્સિલવેનિયા રાજ્યની રાજધાની હેરિસબર્ગ ખાતે વિધાન-સભાગૃહમાં દીપાવલિ-અન્નકૂટ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અમેરિકન સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના સભ્યો તેમજ ભારત તથા અમેરિકાના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા યોજાયેલા આ ઉત્સવમાં પેન્સિલવેનિયા રાજ્યના સેનેટર શ્રી મારિયા કોલેટ, શ્રી સ્ટિફન્સ, શ્રી મલગેરી અને શ્રી પોલિનચોક વગેરે મહાનુભાવોએ યજમાનપદે રહીને વિશેષ સાથ આપ્યો હતો.

અન્નકૂટોત્સવના આરંભમાં બી.એ.પી.એસ. વૃંદ દ્વારા વિશ્વશાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ત્યારબાદ સેનેટર શ્રી કોલેટે બી.એ.પી.એસ. સંસ્થાનો પરિચય આપી તેની સેવાકીય પ્રવૃત્તિ અંગે સૌને માહિતગાર કર્યા હતા. ગૃહના અધ્યક્ષે દિવાળીના આ ઉત્સવને વધાવતાં બી.એ.પી.એસ. સંસ્થાના અગ્રણી સભ્યોનો પરિચય આપ્યો હતો. વિધાનસભ્યો અને સેનેટરોએ દીપ પ્રગટાવીને આજના ઉત્સવને વિશેષ સાર્થક કર્યો હતો.

આ પ્રસંગે લેફ્ટનન્ટ ગવર્નર શ્રી જ્હોન ફેટરમેને ઉદ્‌બોધન કરીને ભારતીય વૈવિધ્યતાની વિશેષ પ્રશંસા કરી હતી. સાથે સાથે અન્ય રાજનેતાઓએ ઉદ્‌બોધન કરીને ભારત અને અમેરિકાના લોકોની સામૂહિક દિવાળીની ઉજવણીના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવાભાવનાની પણ તેમણે પ્રશંસા કરી હતી.

આમ, પેન્સિલવેનિયામાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ઊજવાયેલું આ પર્વ સૌ માટે અવિસ્મરણીય બની રહ્યું.

### કેલિફોર્નિયાની રાજધાની સેક્રામેન્ટોમાં અન્નકૂટ પર્વ...

સન ૧૮૭૪માં નિર્માણ પામેલા અને અમેરિકાના સૌથી પુરાણા રાજ્ય કેલિફોર્નિયાની રાજધાની સેક્રામેન્ટો સ્થિત વિધાનસભામાં દિવાળી અને નૂતનવર્ષની ઉજવણી કરવામાં આવી હતી.

તા. ૨૯, ઑક્ટોબરના રોજ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા અહીં દીપાવલિ-અન્નકૂટોત્સવ યોજાયા હતા. આ અન્નકૂટ

પેન્સિલવેનિયા રાજ્યની રાજધાની હેરિસબર્ગના વિધાનસભા ગૃહમાં પણ ઊજવાયું દીપાવલિ-અન્નકૂટ પર્વ...





ઉત્સવમાં લેફ્ટેનન્ટ ગવર્નર શ્રી લેની કૌનાલકિસ, શ્રી એશ કાલરા(વિધાનસભ્ય), શ્રીમતી સુમતિ રાવ(ભારતીય કોન્સલ) તથા કેલિફોર્નિયા વિધાનસભાના સભ્યો તેમજ અમેરિકા અને ભારતના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ ઉત્સવ શાનદાર રીતે ઊજવાયો હતો.

આ પ્રસંગે વિધાનસભાગૃહમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, શ્રી રામસીતા, શ્રી રાધાકૃષ્ણ, ગુણાતીત ગુરુવર્યો વગેરે ભગવત્સ્વરૂપો સમક્ષ ભક્તિભાવપૂર્વક અન્નકૂટ રચવામાં આવ્યો હતો. આ અન્નકૂટ ઉત્સવની ઉજવણીમાં ભાગ લેતા પ્રભાવિત થયેલા સ્થાનિક નેતાઓએ કેલિફોર્નિયાની વિવિધતાને વખાણીને અમેરિકાના વિકાસમાં ભારતીયોની ભૂમિકાને પણ બિરદાવી હતી.

કેલિફોર્નિયા રાજ્ય વિધાનસભાના ઇતિહાસમાં પ્રથમ વખત ઇન્ડિયન-અમેરિકન શ્રી એશ કાલરા ચૂંટાયા છે. તેમણે તેમના સ્વાગત પ્રવચનમાં દિવાળીનો મહિમા સમજાવ્યો હતો અને નવી દિલ્હી અક્ષરધામની દર્શન-મુલાકાતની સ્મૃતિઓ તાદશ કરી હતી.

લેફ્ટનન્ટ ગવર્નર કૌનાલકિસે ઉદ્બોધન કરીને પ્રથમ વખત દીપાવલિ ઉત્સવ અને હિન્દુઓના નૂતન વર્ષની ઉજવણીનો કાર્યક્રમ વિધાનસભાગૃહમાં યોજવા બદલ બી.એ.પી.એસ. સંસ્થાનો આભાર માન્યો હતો. આ અવસરે સેનેટર શ્રી લિન્ગ લિન્ગ ચાંગે જણાવ્યું હતું કે 'અંધકાર ઉપર ઉજાસના વિજયનો સંદેશ આપતો આ દિવાળીનો ઉત્સવ સરકારને પારદર્શી વહીવટ કરવાની પ્રેરણા આપશે.' વિધાનસભ્ય અને પ્રસિદ્ધ એડવોકેટ શ્રીમતી રેબેકા બૌર કહને જણાવ્યું હતું કે 'અત્યાર સુધી સ્ટેટ કેપિટલ ખાતે યોજાયેલી દિવાળીઓમાં આ વખતનું આયોજન વિશિષ્ટ અને કંઈક અનોખું હતું.' ◆

કેલિફોર્નિયાની રાજધાની સેક્રામેન્ટો ખાતે વિધાનસભા ગૃહમાં દીપાવલિ-અન્નકૂટ પર્વને માણતા મહાનુભાવો...






**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર - ગોંડલ** — **પ્રવેશ અંગે**

વર્ષોથી શ્રેષ્ઠ પરિણામોથી વિખ્યાત એવા ગોંડલ ગુરુકુળમાં જૂન ૨૦૨૦થી ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમમાં ધો. ૮, ૯ તથા ૧૧ સાયન્સમાં(ગુજરાત બોર્ડ) પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ નીચે જણાવેલી તારીખે સવારે ૯-૦૦ વાગ્યે પ્રવેશ પરીક્ષા આપવા માટે વાલી સાથે હાજર રહેવું. પ્રવેશ પરીક્ષામાં હાલના ધોરણના ગણિત, વિજ્ઞાનના તથા સત્સંગલક્ષી પ્રશ્નો પૂછાશે. આગળના વર્ષની વાર્ષિક પરિણામની માર્કશીટ નકલ-૧ સાથે લાવવી.


તા. ૨૫-૧૨-૨૦૧૯ બુધવાર (પ્રથમ રાઉન્ડ). તા. ૨૨-૨-૨૦૨૦ શનિવાર (દ્વિતીય રાઉન્ડ). તા. ૨૧-૩-૨૦૨૦ શનિવાર (તૃતીય રાઉન્ડ)

**નોંધ:** ત્રણ રાઉન્ડમાંથી કોઈપણ એક જ રાઉન્ડમાં વિદ્યાર્થી પ્રવેશ પરીક્ષા આપી શકશે. પ્રવેશ પરીક્ષા આપવા આવો ત્યારે રહેવા માટે ઉતારાની કોઈ વ્યવસ્થા નથી. પ્રવેશ ફોર્મ પ્રવેશ પરીક્ષા સમયે જ મળશે. (ફોર્મ પહેલા આપવામાં આવશે નહીં.)

**સરનામું:** સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી ગુરુકુળ, અક્ષરમંદિર સામે, ગોંડલ, જિ. રાજકોટ

**મો.:** ૯૯૯ ૮૯૯ ૨૨૯૦ **વેબપેજ:** www.bapsgurukulgondal.com

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા



## પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આધ્યાત્મિક વર્ષામાં ભીંજાયા ભક્તજનો...

*બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે છેલ્લાં સવા ત્રણ વર્ષથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે દેશ-વિદેશના લાખો હરિભક્તોના કલ્યાણ કાજે અવિરત સત્સંગયાત્રા કરીને સત્સંગનો ઉજાસ પ્રસાર્યો છે. ૮૬ વર્ષની વયે સ્વામીશ્રી દેશ-પરદેશની ભિન્ન ભિન્ન આબોહવા વચ્ચે પણ પોતાના દેહની પરવા કર્યા વિના સૌને આધ્યાત્મિક લાભ આપી રહ્યા છે. જૈફ વયે પણ સ્વામીશ્રી અનેરી સ્ફૂર્તિ-તાજગી સાથે સૌને હેત-પ્રીતથી મળીને 'દિન દિન દિવાળી' જેવું સત્સંગસુખ આપી રહ્યા છે. નિત્ય પ્રાતઃપૂજા અને સત્સંગસભામાં અણમોલ આશીર્વચન અર્પીને સ્વામીશ્રી સંપ-સુહૃદભાવ-એકતાના ત્રિવેણી સંગમથી સૌને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની નિષ્ઠા દૃઢ કરાવી રહ્યા છે.*

*તાજેતરમાં સતત બે મહિના સુધી આફ્રિકા ખંડના વિવિધ દેશોમાં અધ્યાત્મનો ઉજાસ પ્રસારી સ્વામીશ્રી તા. ૭-૧૦-૨૦૧૯ના રોજ ભારત દેશની ગુર્જર ભૂમિ પર પરત પધાર્યા હતા. નેનપુરમાં ત્રણ દિવસનું રોકાણ કરી, અમદાવાદ સ્થિત બી.એ.પી.એસ. મંદિર (શાહીબાગ) ખાતે હજારો હરિભક્તોને દર્શનલાભ આપી સ્વામીશ્રી તા. ૧૦ ઑક્ટોબરના રોજ તીર્થધામ ગોંડલ પધાર્યા હતા. અહીં દીપાવલિ પર્વે સ્વામીશ્રીએ સૌને કૃતાર્થ કર્યા હતા તેનું સ્મરણ કરીએ...*



## નૈરોબીના બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતા મહંત સ્વામી મહારાજ...

*તાજેતરમાં આફ્રિકા ખંડની ધર્મયાત્રાની પૂર્ણાહુતિ કરતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ નૈરોબી (કેન્યા) પધાર્યા હતા. સન ૧૯૯૯માં પ્રમુખસ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલા નૈરોબીનાં શિખરબદ્ધ મંદિરોનો આ વર્ષે દ્વિદશાબ્દી ઉત્સવ ઊજવાઈ રહ્યો છે. આ ઉત્સવના ઉપક્રમે સ્વામીશ્રીએ તા. ૧૯-૯-૨૦૧૯ થી તા. ૬-૧૦-૨૦૧૯ સુધીના રોકાણ દરમ્યાન વિવિધ ઉત્સવ-પ્રસંગોએ દિવ્ય સત્સંગ લાભ આપી સૌના અંતરમાં આધ્યાત્મિક રોશની પ્રસારી હતી. સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયેલા વિવિધ દિનોની સત્સંગ સભાઓમાં બાળકો, કિશોરો, યુવકો, કાર્યકરોએ અનેરા ભક્તિભાવ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.*

*તા. ૨૩-૯-૨૦૧૯ના રોજ નૈરોબી ખાતે ભક્તિભાવપૂર્વક ઊજવાયેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના ૮૬મા જન્મોત્સવે દેશ-પરદેશના હજારો હરિભક્તોએ ભક્તિવંદના કરી હતી. આજના પવિત્ર દિને નૈરોબીના શિખરબદ્ધ મંદિરમાં નવીનીકરણ પામેલા અભિષેક મંડપમ્‌માં સ્વામીશ્રીના હસ્તે શ્રી નીલકંઠવર્ણી મહારાજનો પ્રતિષ્ઠાવિધિ થયો હતો. નવીનીકરણ પામેલા અભિષેક મંડપમ્‌માં સ્વામીશ્રીએ આરતી, મંત્રપુષ્પાંજલિ સાથે શ્રી નીલકંઠવર્ણી મહારાજનો પૂજનવિધિ કર્યો હતો. અભિષેક અને પ્રદક્ષિણા કરીને સ્વામીશ્રીએ સૌની સુખાકારી માટે માંગલિક પ્રાર્થનાઓ કરી હતી.*

*તા. ૩૦-૯-૨૦૧૯ થી તા. ૨-૧૦-૨૦૧૯ દરમ્યાન 'લીમુરુ હિલ્સ રિસોર્ટ'માં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન નિશ્રામાં સંતશિબિર યોજાઈ હતી. સંતો સાથેની આધ્યાત્મિક ગોષ્ઠિમાં સ્વામીશ્રીએ ગુણાતીત ગુરુવર્યોનાં અમૃતવચનો પર મનન-ચિંતન સાથે યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ સાથેના દિવ્ય પ્રસંગોની સ્મૃતિઓ કરીને સૌને બ્રહ્માનંદ કરાવ્યો હતો.*

*તા. ૩-૧૦-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ નૈરોબી ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિઓનો પુનઃ પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. એ જ રીતે તા. ૪-૧૦-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ આફ્રિકામાં રચાયેલાં અન્ય ત્રણ બી.એ.પી.એસ. મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. વડીલ સંતો અને હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ઊજવાયેલા આ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનો અહેવાલ અહીં માણીએ...*

પૂર્વ આફ્રિકામાં બી.એ.પી.એસ. સત્સંગનું નાભિકેન્દ્ર એટલે કેન્યાની રાજધાની નૈરોબી. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી સન ૧૯૪૫માં આફ્રિકા ખંડમાં નૈરોબી ખાતે સૌપ્રથમ સ્વામિનારાયણ મંદિર રચાયું હતું. ત્યારબાદ સન ૧૯૭૦માં નૈરોબીના તે સમયના પ્રતિષ્ઠિત વિસ્તાર નગારા રોડ પર બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે બી.એ.પી.એસ. મંદિરની પ્રતિષ્ઠાવિધિ કરી ત્યારે આશીર્વાદ આપ્યા હતા, 'અહીં મોટું મંદિર થશે.' તેઓના સંકલ્પે સન ૧૯૯૪માં પ્રમુખસ્વામી મહારાજે ફોરેસ્ટ રોડ પર પાંચ એકરની ભૂમિ સંપાદિત કરી શિખરબદ્ધ મંદિર રચવા સંકલ્પ કર્યો હતો. પ્રમુખસ્વામી મહારાજ વતી પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૬-૫-૧૯૯૫ના રોજ ખાતમુહૂર્ત કરી નૈરોબીની ભાગ્યવંતી આ ભૂમિ પર શિખરબદ્ધ મંદિર નિર્માણકાર્યનો પ્રારંભ કરાવ્યો હતો. પૂર્વ આફ્રિકા અને દેશ-વિદેશના હરિભક્તોના સમર્પણભાવથી અહીં ચાર વર્ષ જેટલા અંતરાલમાં કલાત્મક શિખરબદ્ધ મંદિર નિર્માણ પામ્યું.

પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પુરુષાર્થથી નૈરોબીના આંગણે રચાયેલું આ બી.એ.પી.એસ મંદિર ભારતીય સંસ્કૃતિના જીવંત સ્વરૂપ સમું એક અનોખું તીર્થ બની રહ્યું છે. આ શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરમાં તા. ૨૯-૮-૧૯૯૯ના પવિત્ર દિને પ્રમુખસ્વામી મહારાજે મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કરી અહીંના ઇતિહાસમાં સુવર્ણપૃષ્ઠ ઉમેરી દીધું હતું.

પ્રમુખસ્વામી મહારાજના હસ્તે પ્રતિષ્ઠિત થયેલા આ મંદિરના દ્વિદશાબ્દી ઉત્સવના ઉપક્રમે તાજેતરમાં તા. ૩-૧૦-૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા નૂતન મૂર્તિઓનો પુનઃ પ્રતિષ્ઠાવિધિ થયો હતો. પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૯૯માં પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓના પ્રાણ વેદોક્ત-વિધિપૂર્વક કળશમાં સ્થાપિત કરવામાં આવ્યા હતા. સ્વામીશ્રીના હસ્તે તે કળશોમાં પ્રાણરૂપે સ્થાપિત દેવ-સ્વરૂપોનાં પૂજન-આરતી થયાં. બાદ પૂજિત કળશ તથા પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ હતી.

નૂતન કલાત્મક સિંહાસનમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો માંગલિક મુહૂર્તમાં ત્યાગવલ્લભદાસ સ્વામી અને વડીલ સંતોએ પ્રતિષ્ઠા નિમિત્તેનો મહાપૂજાવિધિ કર્યો હતો. સ્વામીશ્રી મુખ્ય પૂજનવિધિ માટે પધાર્યા. પ્રતિષ્ઠિત થનાર ઘનશ્યામ મહારાજની નૂતન મૂર્તિ સમક્ષ વિરાજ્યા. અક્ષર-પુરુષોત્તમ મહારાજ તથા અન્ય મૂર્તિઓમાં ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે પૂરેલા પ્રાણ પુનઃ પ્રતિષ્ઠિત કરવાના હતા. તેથી ત્યાગવલ્લભદાસ સ્વામી અને વરિષ્ઠ સંતો તે તે મૂર્તિઓ સમક્ષ પૂજાવિધિમાં સ્વામીશ્રીને અનુસરતા રહ્યા.

સભામંડપમાં સંતો અને યજમાન હરિભક્તો પૂજનવિધિમાં જોડાયા હતા. મૂર્તિઓમાં પ્રાણ-પ્રતિષ્ઠિત કર્યા પછી સ્વામીશ્રીએ પ્રાર્થનાપૂર્વક શુભ સંકલ્પોની પૂર્તિ માટે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી.

આજના શુભ અવસરે સ્વામીશ્રીએ આશિષ અર્પતાં જણાવ્યુંઃ "ભલે અહીં પ્રતિષ્ઠા ફરી થઈ, પણ બ્રહ્માંડની આવરદા દસ હજાર વર્ષ વધી ગઈ! શાસ્ત્રીજી મહારાજે જે વાત વહેતી કરી છે તે વાત આગળ વધતી જશે અને અત્યારે બી.એ.પી.એસ.માં સર્વ ક્ષેત્રે ખૂણે ખૂણે સર્વત્ર ડંકો વાગી રહ્યો છે. ચડતો ને ચડતો રંગ છે.





શાસ્ત્રીજી મહારાજે જે કાર્ય કર્યું છે તે કોઈ ન કરી શકે. ઊંડા ઊતરશો ત્યારે સમજાશે કે 'આ કેટલી ગજબની વાત છે!' એ વારસો આપણને મળ્યો છે. તો તે દૃઢ કરીને રાખજો. બીજું બધું મૂકી દેવું પડે તો મૂકી દેવું, પણ સત્સંગ અને શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલો સિદ્ધાંત મૂકતા નહીં.''

આશીર્વચન બાદ સ્વામીશ્રી સહિત સૌએ અન્નકૂટ આરોગતા ઠાકોરજીની પ્રથમ આરતી ઉતારી ત્યારે દિવ્યતા છવાઈ ગઈ હતી.

હિંદુત્વની અસ્મિતા જગાવતા અને ભારતીય સંસ્કૃતિની ગરિમા ગાતા નૈરોબીના બી.એ.પી.એસ. મંદિરમાં મહંત સ્વામી મહારાજ અને સંતોના વરદ હસ્તે નૂતન મૂર્તિઓ પ્રતિષ્ઠિત થતાં હજારો હરિભક્તોનાં હૈયાં ગાઈ રહ્યાં હતાંઃ *મોરે મંદિર આજ બધાઈ, ગાવો મંગલ માઈ રે...*

તા. ૪-૧૦-૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે સાઉથ ઝોન(નૈરોબી), લીરા(યુગાન્ડા) અને થીકા(કેન્યા) ખાતે નિર્માણ પામેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં સ્થાપિત થનારી મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ યોજાયો હતો. ત્યાગવલ્લભદાસ સ્વામીએ કરેલા પૂર્વવિધિ બાદ સ્વામીશ્રીએ વેદોક્ત પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે નૈરોબી ખાતેના શિખરબદ્ધ મંદિરમાં પૂર્વે પ્રતિષ્ઠિત થયેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રાસાદિક મૂર્તિ તથા નૂતન ગુરુપરંપરાની મૂર્તિઓ 'સાઉથ ઝોન' મંદિરમાં અને એ જ શિખરબદ્ધ મંદિરની ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓ લીરા(યુગાન્ડા) મંદિરમાં પધરાવવામાં આવનાર છે.







# ગોંડલ અક્ષરમંદિરમાં દીપાવલિ પર્વે સત્સંગ-ભક્તિનો ઉજાસ પ્રસરાવતા સ્વામીશ્રી...

*ગુણાતીત તીર્થ ગોંડલમાં દીપાવલિ પર્વ ઊજવવાની પરંપરા ગુણાતીત ગુરુવર્યોએ ચાર ચાર પેઢીઓથી આજપર્યંત જાળવી છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે વર્ષો સુધી ગોંડલમાં દીપોત્સવીના ઉત્સવો ઊજવી લાખો મુમુક્ષુઓને ચિરંતન સ્મૃતિઓ આપી છે. એ જ પરંપરામાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પણ છેલ્લાં ત્રણ વર્ષથી ગોંડલમાં અક્ષરમંદિર ખાતે દીપાવલિ પર્વે સૌને દિવ્ય આધ્યાત્મિક લાભથી લાભાન્વિત કર્યા છે.*

*તાજેતરમાં તા. ૧૦-૧૦-૨૦૧૯ થી તા. ૨૯-૧૦-૨૦૧૯ સુધી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના સ્મૃતિસ્થાન અક્ષરતીર્થ ગોંડલ ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઉત્સવોની હારમાળા સર્જાઈ હતી. સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિથી મંદિરમાં નિત્ય દિવ્યતાનો માહોલ છવાતો હતો. ગોંડલ તેમજ આજુબાજુના પંથકમાંથી વહેલી સવારે ગુરુહરિનાં દર્શને ઊમટતા હજારો હરિભક્તો અક્ષરમંદિર, અક્ષરદેરી તથા યોગી સ્મૃતિમંદિરે દર્શન કરી ભક્તિમય બન્યા હતા. પ્રતિવર્ષની જેમ અહીં શરદપૂર્ણિમા, ધનતેરસ, કાળીચૌદશ, દીપાવલિ, ચોપડાપૂજન અને નૂતન વર્ષના પ્રારંભે સ્વામીશ્રીનું દિવ્ય સાંનિધ્ય પામીને દેશ-વિદેશના હજારો હરિભક્તો કૃતાર્થ થયા હતા. તા. ૧૪મી ઑક્ટોબરના રોજ બાળકોએ બાળદિન ઊજવ્યો હતો. ઉપરાંત સ્વામીશ્રીની પાવન નિશ્રામાં યોજાયેલી વિવિધ સત્સંગ સભાઓમાં પણ શિશુઓ, બાળકો, કિશોરો, યુવકો, કાર્યકરો દ્વારા પ્રસ્તુત થયેલા સાંસ્કૃતિક કાર્યક્રમો માણી આબાલ-વૃદ્ધ સૌ કોઈ ભક્તિના રંગે રંગાયા હતા.*

*તા. ૧૮-૧૦-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ મેઘરજ ચોકડી, મોડાસા અને મોટા સખપુર(ગોંડલ) ખાતે રચાયેલા નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં સ્થાપિત થનારી મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કરી આરતી ઉતારી હતી.*

*તા. ૧૯-૧૦-૨૦૧૯ના રોજ અક્ષરગંગાના જળમાં રચાયેલા કમલાસન પર બિરાજી સ્વામીશ્રીએ પ્રાતઃ પૂજાદર્શનનો લાભ આપ્યો હતો.*

*ગોંડલ ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ વિવિધ ઉત્સવો ઊજવી હજારો હરિભક્તોનાં અંતરમાં સત્સંગ-ભક્તિનો ઉજાસ પ્રસરાવ્યો હતો તેની એક આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે...*

## આગમન

તા. ૧૦-૧૦-૨૦૧૯ના રોજ સ્વામીશ્રી અમદાવાદથી રાજકોટ પધાર્યા હતા. અહીં સંતો-હરિભક્તોને દર્શનલાભ આપી ગોંડલના ભવ્ય અક્ષરદ્વારે પધારતાં ગુરુકુળના બાળકોએ બેન્ડવાદન કરી સ્વામીશ્રીનું ભાવભર્યું અભિવાદન કર્યું હતું. આજે એ જ તિથિ હતી જ્યારે ગુણાતીતાનંદ સ્વામીએ ગોંડલમાં પાર્થિવ દેહનો ત્યાગ કર્યો હતો. અને આજની જ તિથિએ પ્રગટ ગુણાતીત સત્પુરુષનું



ગોંડલમાં આગમન થતાં અક્ષરમંદિરમાં ઉમંગ અને ઉત્સાહનું વાતાવરણ જામ્યું હતું. સ્વાગતગીતોના ગુંજન સાથે હજારો હરિભક્તોએ ગુરુહરિને સત્કાર્યા હતા. સૌનો આદર-સત્કાર ઝીલતાં સ્વામીશ્રીએ અક્ષરદેરી અને ઠાકોરજીનાં દર્શન કરી અક્ષરચૉકમાં બેઠેલા સંતો-હરિભક્તો અને ગુરુકુળના વિદ્યાર્થીઓને દર્શનલાભ આપ્યો હતો.

સ્વામીશ્રીના આગમન નિમિત્તે ગુરુકુળના વિદ્યાર્થીઓ તથા ગોંડલના હરિભક્તોએ ખૂબ તપ-વ્રત કર્યાં હતાં. તે સૌને સ્વામીશ્રીના અંતરના આશિષ પ્રાપ્ત થયા હતા.

## શરદોત્સવ

શરદપૂર્ણિમા, ૧૩ ઑક્ટોબરના શુભ દિને ગોંડલ અક્ષરમંદિર ખાતે મહંત સ્વામી મહારાજની પાવન નિશ્રામાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો ૨૩૫મો જન્મોત્સવ ભક્તિ-ભાવ સાથે ઊજવાયો હતો. આ ઉત્સવનો લાભ લેવા માટે દેશ-પરદેશથી હજારો હરિભક્તો ઊમટ્યા હતા.

શરદપૂર્ણિમાની મુખ્ય સભા સાંજે ૬:૦૦ વાગ્યાથી આરંભાઈ હતી. વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત 'વચનામૃત' મધ્યવર્તી વિચાર સાથે સમગ્ર કાર્યક્રમ પ્રસ્તુત થયો હતો. આજના ઉત્સવને અનુરૂપ સંતોએ પ્રાસંગિક પ્રવચનો દ્વારા વચનામૃત તથા સત્પુરુષનો મહિમા ગાયો હતો. બાળ-યુવાવૃંદે પ્રસ્તુત કરેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ચોટદાર સંવાદ અને ભક્તિનૃત્યોથી સભામાં ઉપસ્થિત સૌ કોઈ મંત્રમુગ્ધ બન્યા હતા. કાર્યક્રમની સાથે સાથે ચાર આરતી થઈ હતી.

સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત કન્નડ ભાષામાં અનુવાદિત વચનામૃત તથા સંત વ્યાખ્યામાળા ભાગ ૧૮નું સ્વામીશ્રીએ વિમોચન કર્યું હતું. આ પ્રસંગે સંતો તથા મહાનુભાવોએ કલાત્મક હારતોરા અર્પણ કરી પ્રગટ અક્ષરબ્રહ્મને વધાવ્યા હતા.

આજના શુભ પ્રસંગે આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''ગુણાતીતાનંદ સ્વામીમાં અનંત ગુણો હતા એટલું જ નહીં, તેઓએ તે ગુણો બીજામાં ઉતાર્યા ને તેમને સુખિયા કરી દીધા. પછી ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજે પણ અનેકનું પરિવર્તન કર્યું છે. સત્સંગ જ આ છે - પરિવર્તન! પરિવર્તન ન થાય ત્યાં સુધી બધું અધૂરું, કાચું રહે.

જેનું હૃદય શુદ્ધ હોય, એકદમ પવિત્ર હોય તે પરિવર્તન કરી શકે. એમના યોગમાં આવે તે પણ પરિવર્તિત થાય. આવું પરિવર્તન ગુણાતીત ગુરુઓએ જ કર્યું છે.

આપણે બહુ ભાગ્યશાળી છીએ કે આપણને શાસ્ત્રીજી મહારાજ મળ્યા! એમણે તો ગજબનું પરિવર્તન કર્યું. અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ પધરાવી લાખોને સુખિયા કરી દીધા. આપણે બધા એમના ખીલે બંધાયા છીએ એટલે સુખી છીએ.''

આશીર્વાદની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રીએ ઠાકોરજીની પાંચમી આરતી ઉતારી. સાથે ગોંડલના રાજવી શ્રી જ્યોતીન્દ્રસિંહજી, રાજકુમાર શ્રી ઉપેન્દ્રસિંહજી, પોરબંદરના સાંસદ શ્રી રમેશભાઈ ધડુક તથા અન્ય વરિષ્ઠ સંતો, મહાનુભાવો અને સભાજનોએ આરતીઅર્ઘ્ય અર્પી અક્ષરબ્રહ્મના જન્મોત્સવને વધાવ્યો હતો.

આજના પાવન અવસરે રાજકોટ બી.એ.પી.એસ. મંદિરથી ગોંડલ અક્ષરમંદિર સુધી ૬ સંતો અને ૧૩૦૦ હરિભક્તોએ ૪૦ કિલોમીટરની પદયાત્રા કરીને સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

ગોંડલ ખાતે દીપાવલિ પર્વોએ સ્વામીશ્રીએ આપેલા આધ્યાત્મિક લાભથી આપણે પણ કૃતાર્થ બનીએ...

## દીપાવલિ પર્વ

તા. ૨૫-૧૦-૨૦૧૯, ધન-ત્રયોદશીથી આરંભાતા દીપાવલિ પર્વે નિત્ય ભિન્ન ભિન્ન રીતે સ્વામીશ્રીએ માંગલિક વિધિઓમાં ભાગ લીધો હતો. ધનત્રયોદશીના પવિત્ર દિને પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ આભૂષણોનું પૂજન કર્યું હતું. ધનત્રયોદશીના પાવન અવસરે રૂડા આશીર્વાદમાં સ્વામીશ્રીએ 'કષ્ટમાં પણ સત્સંગથી સુખી રહેવાનું' સમજણ-ધન સૌની ગાંઠે બંધાવ્યું હતું.

આજે સમૂહ-વર્તમાન વિધિમાં સ્વામીશ્રીએ 'ધન્યોસ્મિ પૂર્ણકામોસ્મિ...' આશ્રયમંત્ર ઝિલાવી શિશુઓને સ્વામિ-નારાયણ ભગવાનના આશ્રિત કર્યા હતા.

તા. ૨૬-૧૦-૨૦૧૯, કાળી-ચૌદશના શુભ દિને સ્વામીશ્રીએ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં કરેલી આજ્ઞાનુસાર હનુમાનજી-ગણપતિજીનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કર્યું હતું.

વળી, આજે સ્વામીશ્રીએ પોરબંદર (જૂનાગઢ) ને રામોદ (ગોંડલ) ગામમાં રચાયેલાં બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત હરિભક્તોને આશિષ અર્પતાં સ્વામીશ્રીએ કહ્યું: ''પ્રતિષ્ઠા થઈ એટલે બહુ મોટો દિવસ કહેવાય. આજે કાળી-ચૌદશ છે પણ આપણે તો પ્રકાશ પ્રકાશ જ છે. બધા ખરેખર સુખી થશે. આપણે તો *'રાજ મારે દિન દિન દિવાળી રે...'* એટલે આપણે તો બધા જ દિવસો દિવાળી જ છે, બેસતું વર્ષ જ છે.''

## શારદાપૂજન - ચોપડાપૂજન

દીપાવલિ એટલે અજ્ઞાનના તિમિરને દૂર કરી હૃદયાકાશમાં જ્ઞાનનો પ્રકાશ પ્રસરાવવાનું મહાપર્વ.

તા. ૨૭-૧૦-૨૦૧૯, વિક્રમ સંવત ૨૦૭૫ના અંતિમ દિનનો સૂરજ ગોંડલના અક્ષરમંદિરમાં સોનેરી કિરણો પ્રસરાવી રહ્યો હતો. એમાં વળી, પ્રગટ અક્ષરબ્રહ્મની પાવન ઉપસ્થિતિથી સંતો-હરિભક્તોના અંતરે અનેરો આનંદ-ઉમંગ-ઉલ્લાસ વર્તાતો હતો.

નિત્યકર્મોથી પરવારી સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા. દીપતોરણો અને ઝગમગી રહેલા દીવડાઓની રોશનીથી અક્ષરમંદિરની શોભા વધુ મનભાવન બની હતી. પ્રદક્ષિણા પથમાં ગુરુવર્યોનાં દર્શન તેમજ સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરી દર્શનદાન આપતી મનોહર મૂર્તિઓનાં દર્શન કરી સ્વામીશ્રીએ આરતી ઉતારી. અક્ષરદેરીમાં દર્શન કરી સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી. માર્ગમાં હરિભક્તોને દર્શનદાન આપતાં સ્વામીશ્રી સભામંડપમાં પધાર્યા. અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની નિશ્રામાં મંચ પર પૂજન માટે ગોઠવાયેલા ચોપડાઓની વચ્ચે બિરાજી સ્વામીશ્રીએ પૂજાદર્શનનો સૌને લાભ આપ્યો હતો. સંગીતજ્ઞ સંતોએ દિવાળીના ઉત્સવને





અનુરૂપ કીર્તનોનું ગાન કર્યું હતું. પૂજા બાદ સ્વામીશ્રીએ ચોપડાપૂજનમાં મુકાયેલા ચોપડાઓ પર આશીર્દૃષ્ટિ કરી. અક્ષરમંદિરના ચોપડાઓનું પૂજન કરી તેમાં હસ્તાક્ષર કરી આપ્યા હતા.

આજના પુણ્ય પર્વે સભાજનોને આશીર્વર્ષાથી ભીંજવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આજે દિવાળી છે. બધા તને-મને-ધને સુખી થાય, બધા વહેવાર અને સત્સંગમાં ખૂબ આગળ વધો એ જ પ્રાર્થના છે. યોગીબાપા તો આ દિવસોમાં ખૂબ કેફ ને બળમાં વાત કરતા. યોગીબાપા જેવા પુરુષ, પ્રમુખસ્વામી મહારાજ જેવા પુરુષ આ ઉત્સવોનું વાતાવરણ જીવતું જાગતું રાખે છે. શ્રીજીમહારાજના વખતથી ચોપડા-પૂજન થતું આવ્યું છે. આપણે ત્યાં આ બધા ઉત્સવો યથાર્થ રીતે ઊજવાય છે. શ્રીજીમહારાજે આ ઉત્સવો પ્રવર્તાવેલા છે.''

સાયંકાળે ચોપડાપૂજનનો મુખ્ય વિધિ યોજાયો હતો. મંદિરની સોપાનપંક્તિઓ પર ચોપડાઓ ગોઠવવામાં આવ્યા હતા. વડીલ સંતોએ કરાવેલા પૂજનવિધિને અનુસરતા હરિભક્તોએ અક્ષરચૉકમાં બિરાજી ચોપડા-પૂજન કર્યું હતું. દિવાળી તથા ચોપડાપૂજનના માંગલિક આ અવસરે સ્વામીશ્રી તથા હજારો હરિભક્તોએ ઠાકોરજીને આરતીઅર્ઘ્ય અર્પ્યું ત્યારે ટમટમતા દીવડાઓથી નભોમંડળ અક્ષરચૉકમાં ઊતરી આવ્યું હોય તેવું નયનરમ્ય વાતાવરણ સર્જાયું હતું. આરતી દરમ્યાન થયેલી ફટાકડાઓની રંગબેરંગી રોશનીથી ગગન ઝળહળી ઊઠ્યું હતું.

આજના પવિત્ર દિને સ્વામીશ્રીના સાંનિધ્યમાં દિવ્ય અને અલૌકિક વાતાવરણની વચ્ચે સૌએ સાચા અર્થમાં દિવાળીનો ઉત્સવ ઊજવ્યો હતો.

## નૂતન વર્ષારંભ - અન્નકૂટોત્સવ

તા. ૨૮-૧૦-૨૦૧૯. આજથી વિક્રમ સંવત ૨૦૭૬ના નૂતનવર્ષનો આરંભ થઈ રહ્યો હતો. વહેલી સવારે પૂજાપાઠથી પરવારીને હરિભક્તો નવાં વસ્ત્રો પહેરીને ઠાકોરજી તથા ગુરુહરિનાં દર્શને મંદિરે પધાર્યા. અરસપરસ 'જય સ્વામિનારાયણ' પાઠવતા સૌનાં મુખ પર નૂતન વર્ષે ગુરુહરિનાં પ્રથમ દર્શનની તાલાવેલી લાગી હતી.

નૂતનવર્ષની મંગલ પ્રભાતે સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શનાર્થે પધાર્યા ત્યારે સંતો-ભક્તો નૂતન વર્ષના હાર્દિક 'જય સ્વામિનારાયણ' પાઠવતા અંતરની પ્રાર્થનાઓ રજૂ કરતા હતા. સ્વામીશ્રી હેતપૂર્વક સૌની પ્રાર્થનાઓ સ્વીકારતાં મંદિર પર પધાર્યા. સુંદર વસ્ત્રાભૂષણ ધારણ કરી દર્શનદાન આપતા ઠાકોરજી અને અક્ષરદેરીમાં દર્શન કરી સ્વામીશ્રીએ આરતી ઉતારી.

યોગી સભામંડપના મંચ પર ૧૧૮૬ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ

ગોઠવવામાં આવ્યો હતો. તેની મધ્યે વિરાજી સ્વામીશ્રીએ નૂતન વર્ષે પ્રથમ પૂજાદર્શનનો લાભ સૌને આપ્યો. દેશ-વિદેશથી ઊમટેલા હજારો હરિભક્તો પ્રાતઃપૂજામાં મગ્ન આનંદઘન ગુરુહરિની મૂર્તિનાં દર્શન કરીને રાજી થયા. સહજાનંદ નામાવલીની સુમધુર સૂરાવલિઓથી વાતાવરણ અલૌકિક અને દિવ્ય બની ગયું હતું.

આજના દિવસે સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા બે નૂતન પ્રકાશનો: હિન્દી વચનામૃતની ઑડિયોબુક અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના જીવન ચરિત્રના દ્વિતીય ભાગની ઑડિયોબુક સ્વામીશ્રીના શુભ હસ્તે ઉદ્ઘાટિત થયાં હતા.

નૂતન વર્ષારંભે સૌ પર હેતભર્યા આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આજે નવા વરસે બધાને આશીર્વાદ છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા, પ્રમુખસ્વામી મહારાજ બધાના આશીર્વાદ છે. બધા તને-મને-ધને સુખી થાઓ. તમારે વહેવાર છે માટે ધન જોઈએ. પણ એમાં આસક્તિ ન હોવી જોઈએ. આસક્તિ ભગવાન અને સંતમાં રાખવી. આપણે ભગવાન પહેલા રાખવા. ભગવાન હોય પછી બધું કાર્ય થાય.

બીજું, સંપ! સંપીને કાર્ય થાય એ પાર પડે. સંપમાં શ્રીજીમહારાજ રાજી થાય છે! આપણે સત્સંગ ભગવાનને પામવા - ધારવા કરીએ છીએ. માટે સંપીને કાર્ય કરીએ. બધાને શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા, પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ છે.''

આજના મંગલ દિને સ્વામિનારાયણ સંપ્રદાયનાં તમામ મંદિરોમાં ભગવાનને ભાતભાતની વાનગીઓનો અન્નકૂટ ધરાવવાનું અનેરું માહાત્મ્ય છે. તે પરંપરા પ્રમાણે સ્મૃતિમંદિર, અક્ષરદેરી તથા મંદિર પર ભાતભાતની વાનગીઓનો સુંદર અન્નકૂટ રચવામાં આવ્યો હતો. ત્રણેય સ્થળે સ્વામીશ્રીએ ઠાકોરજીને થાળ ધરાવીને આરતી ઉતારી. સ્વામીશ્રીએ ગોવર્ધનપૂજા પણ કરી હતી.

આજના મંગલ દિને ઠાકોરજીનાં ચરણે વિશેષ ભક્તિભાવ અર્પ્યો હતો. આજના પાવન દિને સ્વામીશ્રીના સાંનિધ્યમાં નૂતનવર્ષની દિવ્ય સ્મૃતિઓ માણી સૌ ભક્તિભાવથી છલકાઈ ઊઠ્યા હતા.

અક્ષરતીર્થ ગોંડલ ખાતે સતત વીસ દિવસ સુધી સૌને સત્સંગ-ભક્તિમાં તરબોળ કરી સ્વામીશ્રી તા. ૨૯ ઑક્ટોબરના રોજ રાજકોટ પધાર્યા હતા.





# રાજકોટમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં શાકોત્સવ...

*સૌરાષ્ટ્રની રાજધાની સમું રાજકોટ શહેર અનેકવાર ગુણાતીત સત્પુરુષોની ચરણરજથી પાવન થયેલું છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભવ્ય કલામંડિત શિખરબદ્ધ મંદિર રચીને રાજકોટને મહામૂલી ભેટ આપી છે.*

*તાજેતરમાં તા. ૨૯-૧૦-૨૦૧૯ થી તા. ૧૦-૧૧-૨૦૧૯ દરમ્યાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ મંદિરમાં બિરાજીને અભૂતપૂર્વ સત્સંગ-ભક્તિનો લાભ આપ્યો હતો. અહીંના ૧૩ દિવસના રોકાણ દરમ્યાન નિત્ય ઠાકોરજીનાં દર્શને પધારતા સ્વામીશ્રીનાં દર્શનની એક ઝલક પ્રાપ્ત કરવા ઊમટતા હજારો ભક્તોથી મંદિરનું પ્રાંગણ છલકાતું હતું. કાયમી સભામંડપમાં યોજાતી નિત્ય પ્રાતઃપૂજામાં બાળકો-યુવાનોએ વિવિધ ભક્તિમય રજૂઆતો કરી સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. પ્રમુખસ્વામી સભાગૃહમાં યોજાતી સંધ્યા સભાઓમાં પણ બાળકો-કિશોરો-યુવકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી ગુરુહરિના અંતરના આશિષ પ્રાપ્ત કર્યા હતા. રાજકોટ શહેર તેમજ આજુબાજુનાં સત્સંગ કેન્દ્રોમાંથી ઊમટતા હજારો હરિભક્તો ગુરુહરિનાં દર્શન-આશીર્વચનોનો લાભ લઈ કૃતાર્થ થયા હતા. સ્વામીશ્રીના નિરામય દીર્ઘાયુ માટે દૂર દૂરનાં સત્સંગકેન્દ્રોમાંથી હરિભક્તોએ વિશિષ્ટ વ્રત-તપ સાથે પદયાત્રા-દંડવતયાત્રા કરી ઠાકોરજીનાં ચરણે મંગલ પ્રાર્થનાઓ કરી હતી. નિત્ય સ્વામીશ્રીનાં દર્શન-મુલાકાતે પધારતા હરિભક્તો ઉપરાંત રાજકીય નેતાઓ તેમજ સામાજિક અગ્રણીઓ સ્વામીશ્રીની સાધુતાથી પ્રભાવિત થયા હતા અને સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરી અહોભાગી બન્યા હતા.*

*રાજકોટ ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલા શાકોત્સવ અને અન્ય કાર્યક્રમોની સંક્ષિપ્ત ઝલક અહીં મેળવીએ...*

તા. ૨૯-૧૦-૨૦૧૯ના રોજ મહંત સ્વામી મહારાજ રાજકોટ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પધાર્યા ત્યારે હજારો સંતો-ભક્તોએ ઉમળકાભેર શ્રી હરિકૃષ્ણ મહારાજ અને ગુરુહરિનું સ્વાગત કર્યું હતું.

રાજકોટ એટલે અનેકવિધ સત્સંગ-આયોજનોથી ધમધમતું એક વિશિષ્ટ કેન્દ્ર. સ્વામીશ્રીના સાંનિધ્યમાં સતત ૧૩ દિવસ સુધી ખૂબ જ ભક્તિભાવ સાથે સંધ્યા સમયે યોજાતી સત્સંગ-સભાઓમાં તેનું પ્રતિબિંબ માણવા મળ્યું હતું. તેની એક ઝાંખી મેળવીએ...

તા. ૩૧-૧૦-૨૦૧૯ના રોજ યોજાયેલી સભામાં કિશોરો-યુવકોએ 'અલૌકિક પ્રાપ્તિ' સંવાદ રજૂ કર્યો હતો. સત્પુરુષની પ્રાપ્તિ અને તેમાં પ્રતીતિનો સચોટ સંદેશ આપતા આ સંવાદના અંત ભાગમાં સત્પુરુષ મળવાથી થયેલા સાચા લાભની સરસ વ્યાખ્યાઓ પ્રસ્તુત થઈ. આત્મતૃપ્તદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં સત્પુરુષની પ્રાપ્તિનો મહિમા દૃઢાવ્યો હતો.

પ્રાપ્તિનો મહિમા સમજાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''યોગીબાપા કહેતા: 'પ્રાપ્તિ મોટી થઈ છે, તેમાં




વિઘ્ન ન આવવા દેવું.' પણ આપણે કચરો વીણ્યા કરીએ છીએ ને પ્રાપ્તિને બાજુમાં મૂકી દઈએ છીએ. ખરેખર પ્રાપ્તિ ઓળખાય તો મજા આવે. ભયોભયો થઈ જાય. પ્રાપ્તિ સમજાઈ જાય તો એક સેકન્ડમાં તમારું બધું કામ થઈ જાય. પણ પ્રતીતિ આવતી જ નથી, તે આવે તો કામ થઈ જાય. બીજું કાંઈ સમજ ન પડે તો સત્પુરુષના ચીલે ચીલે, એમની પાછળ પાછળ ચાલતા રહેવું. પાછળ પાછળ એટલે એમને જે રુચે છે, ગમે છે તે વાત કરવી. એટલે સીધા અક્ષરધામમાં બેસી જઈએ.''

લાખોના જીવનપ્રાણ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જન્મશતાબ્દી મહોત્સવના ઉપક્રમે દેશ-પરદેશનાં બી.એ.પી.એસ. મંદિરો તેમજ સત્સંગ-કેન્દ્રોમાં ભક્તિભાવપૂર્વક વિશિષ્ટ કાર્યક્રમોની પ્રસ્તુતિ દ્વારા આબાલ-વૃદ્ધ સૌ કોઈ તેઓનાં ચરણે ભક્તિઅંજલિ અર્પી રહ્યા છે.

તા. ૧-૧૧-૨૦૧૯ના રોજ યોજાયેલી પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ સભામાં 'શતાબ્દી સંત' સંવાદ રજૂ થયો હતો. પ્રમુખસ્વામી મહારાજ 'શતાબ્દી સંત' હતા તેની રજૂઆત કરતા સંવાદમાં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ તથા તેઓના સ્મૃતિમંદિરના નિર્માણકાર્યમાં સેવા કરવાની પ્રેરણા અપાઈ હતી. સેવાની હાકલ કરતાં યુવકોએ ગગનભેદી બૅન્ડવાદન કર્યું અને તેના તાલે સ્વામીશ્રી, સંતો અને હરિભક્તોએ ધ્વજ લહેરાવી જયજયકાર કર્યો.

બાળ-યુવાવૃંદે *'ઋણ તમારું અનંત છે, અમ મસ્તક ધરીએ...'* કીર્તન પર નૃત્ય કરી ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ભાવાંજલિ અર્પી હતી. આ અવસરે સેવા-સમર્પણમાં જોડાનાર ભક્તો માટે સેવા-સમર્પણનાં પત્રક તથા સ્મૃતિભેટનું સ્વામીશ્રીએ વિમોચન કર્યું હતું.

ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવે સૌને સેવા કરવાની વિશેષ પ્રેરણા આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''પ્રમુખસ્વામી મહારાજે સેવા કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી. તેઓએ સમય જોયો નથી. હવે આપણો વારો છે. સેવા કરવામાં પાછી પાની ન કરવી.

આવો અવસર આવશે નહીં. જો આપણે ન કરીએ તો લજ્જા પામીએ. આ દેહ તો નાશવંત છે. ક્ષણિક છે. તે ક્યારે પડી જશે? ખબરેય નહીં પડે. આ થોડોક સમય છે તેમાં બધું કરી લેવું તો જીવન સાર્થક કહેવાશે. સ્વામીબાપા બધું કરી છૂટ્યા છે. હવે આપણો વારો છે.''

તા. ૨-૧૧-૨૦૧૯ની સંધ્યા સભામાં જામનગર સત્સંગ મંડળના બાળકો, કિશોરો, યુવકો, કાર્યકરોએ 'અલૌકિક રાજભોગ' સંવાદની પ્રભાવક પ્રસ્તુતિ કરી હતી. સંવાદમાં દર્શાવાયું કે સ્વામીશ્રીને સેવા, મહિમા, સંપ, સુહૃદભાવ, દાસત્વભાવ અને તપ - આ સદ્‌ગુણોરૂપી વાનગીઓ ભાવે છે. આ સદ્‌ગુણોની પૂર્વભૂમિકા સાથે રજૂ થયેલા ગોષ્ઠિ, વ્યક્તિગત પ્રસંગ-વર્ણન, પરિસંવાદો વગેરેના માધ્યમથી





જામનગરના હરિભક્તોના જીવનમાં આ સદ્ગુણો કેવી રીતે વણાયેલા છે? તે સુપેરે દર્શાવાયું હતું.

અંતે સૌ વતી પ્રવક્તાએ કરેલી પ્રાર્થનાનો સ્વીકાર કરી સ્વામીશ્રીએ 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે' ગ્રંથના આધારે મહિમાની વાત કરતાં જણાવ્યું : ''શ્રીજીમહારાજે મહિમાની વાત કરી છે. આપણે કેવળ એકબીજાનો મહિમા જ ગાવાનો છે. ગમે એટલું કરીએ, ગ્રંથો વાંચીએ, તપ કરીએ પણ મહિમા વિના સત્સંગ સમજાય નહીં. મહિમા વિનાનાં સાધન વૃથા છે. આપણને મહિમા છે પણ જે કક્ષાએ શ્રીજીમહારાજ વાત કરે છે તે કક્ષાએ નથી, માટે સત્સંગમાં મજા આવતી નથી. માટે મહિમા જીવનમાં લાવવો. જરાક જ મહિમા બહુ મોટી પદવીને પમાડે. માટે બધું મહિમાયે યુક્ત કરવું. અમહિમાની વાત લાવવી નહીં. આવતી હોય તો તે બંધ કરવી, ટર્ન મારવો ને મહિમા ઉપર જવું. મહિમા અમૃત છે. તેનું એક ટીપું નાંખે તોય બધી બાજી સુધારી નાંખે. મહિમાયુક્ત સાધન લેખે લાગે, નહીં તો નકામું. એવું કરે તે શુદ્ધ મનવાળો. આ શ્રીજીમહારાજની વ્યાખ્યા છે. સંતના ગુણ ગ્રહણ કર્યા, તેને લાઇન પકડાઈ ગઈ પછી ગુણ ગુણ ચાલ્યા કરે.''

## છાત્રાલય વાર્ષિકોત્સવ

તા. ૩-૧૧-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં રાજકોટ ખાતેના બી.એ.પી.એસ. છાત્રાલયનો વાર્ષિકોત્સવ ભક્તિ-ભાવપૂર્વક ઊજવી છાત્રોએ અનેરો આનંદ માણ્યો હતો.

સમૂહ વર્તમાનવિધિમાં શિશુઓ, બાળકો અને મુમુક્ષુઓને વર્તમાન-આશ્રયમંત્ર ઝિલાવી, સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત કરી સ્વામીશ્રી વાર્ષિકોત્સવની સભામાં પધાર્યા. સભાનો કેન્દ્રવર્તી વિચાર હતો: 'સિંહસંતાન અમે મહંત સ્વામીના...' યજ્ઞપ્રિયદાસ સ્વામીના પ્રાસંગિક પ્રવચન બાદ છાત્રોએ સ્વાગતનૃત્ય કરી શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીનું અભિવાદન કર્યું હતું.

આજની વિશિષ્ટ સભાનો મુખ્ય કાર્યક્રમો હતો, સંવાદ: 'સિંહસંતાન.' છાત્રો દ્વારા લિખિત અને છાત્રો દ્વારા જ રજૂ થયેલા આ સંવાદમાં એક પ્રસંગ દ્વારા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલયમાંથી સત્સંગનાં વિવિધ મૂલ્યો છાત્રોનાં જીવનમાં કેવી રીતે વણાઈ ગયાં છે તે સુંદર રીતે રજૂ થયું હતું. બ્રહ્મવિદ્યાનો પાઠ આપ્યા બાદ સ્વામીશ્રીએ છાત્રોથી જાણે-અજાણે થયેલી ભૂલો-દોષો એક કુંભને સ્પર્શીને માફ કરી. યુવાવૃંદે જોમભેર ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં નૃત્યાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે છાત્રોને પ્રેરણાવચનોથી કૃતાર્થ કરતાં સ્વામીશ્રીએ કહ્યું: ''આ છાત્રાલયમાં તમે પથ્થર થઈને આવ્યા છો, પછી ગુલાબ થઈને નીકળો. એવું ન બને તો એ આપણો વાંક છે,

છાત્રાલયનો નહીં. છાત્રાલયે તો કેટલાં મૂલ્યો આપ્યાં છે! એક એક મૂલ્ય પર આખું જીવન જીવી જવાય. ટૂંકમાં, છાત્રાલયમાંથી તમે બહાર નીકળો એટલે તમે ગુલાબ થઈને જાવ તેમાં જ મનુષ્યદેહની સાર્થકતા.''

તા. ૪-૧૧-૨૦૧૯ની સંધ્યા-સભામાં બાળકો દ્વારા 'અક્ષર-પુરુષોત્તમના યોદ્ધા' સંવાદ રજૂ થયો હતો. તેમાં બાળકોના નિયમ-ધર્મપાલન તથા કુસંગ ત્યાગની દૃઢતાના પ્રેરક પ્રસંગો-અનુભવો રજૂ થયા હતા. સંવાદના અંતે *'અક્ષરપુરુષોત્તમના યોદ્ધા પ્રમુખસ્વામી મહારાજના બાળ અમે...'* કીર્તન પર બાળકોએ સુંદર નૃત્ય રજૂ કર્યું હતું. અંતે સ્વામીશ્રીએ આશીર્વચનો પાઠવ્યાં હતાં.

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા પારિવારિક શાંતિ પ્રવર્તે તે માટે સર્વે સત્સંગીઓ ઘરે ઘરે જઈને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો પારિવારિક શાંતિનો સંદેશ પાઠવે એવું સંપર્ક અભિયાન યોજાયું છે. તા. ૬-૧૧-૨૦૧૯ના રોજ સ્વામીશ્રી અને ત્યાગવલ્લભદાસ સ્વામીએ દીપ પ્રાગટ્ય કરીને આ વિરાટ અભિયાનનો મંગલ પ્રારંભ કરાવ્યો હતો.

તા. ૭-૧૧-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ જૂનાગઢ ખાતે બી.એ.પી.એસ. દ્વારા નિર્માણ પામનાર નૂતન નિવાસી શાળાના ખાતમાં પધરાવવામાં આવનાર નિધિકુંભ તથા ઈષ્ટિકાઓનું પૂજન કરી ખાતવિધિ કર્યો હતો. સાથે સાથે જરગલી (મહુવા), દોલતપરા (જૂનાગઢ)માં રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો પ્રતિષ્ઠા-વિધિ કરી આરતી ઉતારી હતી.

## શાક-હાટડી ઉત્સવ

પ્રબોધિની એકાદશી એટલે ચાતુર્માસનો અંતિમ દિન. દેવશયની એકાદશીથી પ્રબોધિની એકાદશી સુધીના ચાર મહિના એટલે ભક્તિનું અનેરું પર્વ. પરમાત્માની સ્મૃતિ સહિત અનેરા ભક્તિભાવ સાથે વ્રત-તપ કરનારના અંતરમાં દેવપ્રબોધ થાય છે - પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે.

ભક્તિ-પરંપરા મુજબ પ્રબોધિની એકાદશીના આવા અનુપમ દિને ઠાકોરજી આગળ નવા શિયાળુ શાકભાજીની સુશોભિત હાટડી ભરવામાં આવે છે. તા. ૮ નવેમ્બરના રોજ રાજકોટ ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં સ્વામીશ્રીની પાવન નિશ્રામાં ભક્તો-ભાવિકોએ આ શાકોત્સવનો લાભ પ્રાપ્ત કર્યો હતો. કાર્તિક સુદિ એકાદશીના પાવન ઉત્સવે શેરડીના સાંઠાઓ અને ભાતભાતનાં તોરણોથી મંદિરને શણગારાયું હતું.

મનોહર દેવદિવાળીની દિવ્ય સ્મૃતિઓ આપતાં સ્વામીશ્રીએ અભિષેક મંડપમ્‌માં શ્રી નીલકંઠવર્ણી સમક્ષ રચવામાં આવેલી શાક-હાટડીનાં દર્શન કરી જલાભિષેક કર્યો. મંદિર પર ઠાકોરજી સમક્ષ પણ ભાત ભાતના શાકની હાટડી ભરવામાં આવી હતી. વિવિધ શાકનો ઉપયોગ કરીને સર્જન કરેલી કલાત્મક કૃતિઓને નીરખી સ્વામીશ્રી પ્રસન્ન થયા. પરંપરાગત રીતે શેરડીના સાંઠા સાથે જોડેલી નારિયેળની કાચલીની અંદર કપાસના બીમાંથી પ્રગટાવેલી આરતી વડે ઠાકોરજીની આરતી ઉતારી.

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ અને પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે વિવિધ સૂત્રો અને મહિમા-શબ્દો સાથે પ્રાતઃપૂજાના મંચ પર પણ વિવિધ શાકોત્સવનો અનોખો માહોલ સર્જાયો હતો. તેની વચ્ચે બિરાજી સ્વામીશ્રીએ સૌને પ્રાતઃપૂજા દર્શનનો લાભ આપ્યો. પૂજા દરમ્યાન કિશોરો-યુવકોએ વિવિધ શાકોના મહિમા-ગુણ ગાયા. બાદ સ્વામીશ્રીએ વિવિધ શાક કરમાં ગ્રહી સૌને દિવ્ય સ્મૃતિ આપી હતી.

આજના ઉત્સવમાં પધારેલા ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું સ્વામીશ્રીએ અભિવાદન કર્યું હતું.

તા. ૯-૧૧-૨૦૧૯ના રોજ શ્રી કુમારભાઈ પૂજારાના મુખ્ય યજમાન પદે એક વિશિષ્ટ કીર્તન આરાધના યોજાઈ હતી. 'આપના જ સૂરને રેલાવું' શીર્ષક સાથે સંગીતજ્ઞ સંતો-યુવકોએ આ કીર્તન-આરાધનાનો કાર્યક્રમ રજૂ કરીને સભાને રંજિત કરી દીધી હતી. સ્વામીશ્રીએ પણ *'દયાળુ પ્રભુ, અક્ષરપુરુષોત્તમ...'* કીર્તનનું ગાન કરી સભાજનોને ભક્તિરસમાં ગરકાવ કરી દીધા હતા. સ્વામીશ્રીએ આ કીર્તનના સંદર્ભમાં જ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહ્યો હતો.

સ્વામીશ્રીના રાજકોટ ખાતેના નિવાસ દરમ્યાન ભારતીય ક્રિકેટ ટીમના કૉચ શ્રી રવિ શાસ્ત્રી, બેટિંગ કૉચ, બોલિંગ કૉચ અને ફિલ્ડિંગ કૉચ તથા ઑપનિંગ બેટ્સમૅન અને સ્વામીશ્રીના ગુણાનુરાગી શ્રી શિખર ધવન વગેરે ક્રિકેટવીરો સ્વામીશ્રીની દર્શન-મુલાકાતે પધાર્યા હતા. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યથી સૌ વિશેષ પ્રભાવિત થયા હતા.

આમ, રાજકોટમાં દિવ્ય આધ્યાત્મિક લાભ આપીને સ્વામીશ્રી તીર્થધામ બોચાસણ પધાર્યા હતા.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

(અનુસંધાન પૃષ્ઠ ૧૩ પરથી) પહેરાવેલો બીજો હાર અન્ય કાર્યકર્તાને પહેરાવી દીધો. ત્યારપછી પ્રદક્ષિણા ફરીને હનુમાનજીનાં દર્શન કરતાં કરતાં કહે, 'જય હનુમાનજી! જાઓ અયોધ્યા. બધા કાર્યક્રમ બરાબર થઈ જાય. રામશિલા બરાબર નિર્વિઘ્ને રોપાઈ જાય અને સરસ મંદિર થઈ જાય.'

એમ કહીને સ્વામીશ્રીએ હનુમાનજી સમક્ષ પ્રાર્થના કરી હતી.

અને ખરેખર, અનેક મહાત્માઓ અને સ્વામીશ્રીના આશીર્વાદથી રામશિલાના પૂજનનું એ રાષ્ટ્રવ્યાપી આયોજન ખૂબ સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

સમયે સમયે રામજન્મભૂમિ મુક્તિ આંદોલનના સૂત્રધારો સ્વામીશ્રીના આશીર્વાદ-વિમર્શનો લાભ માણતા રહ્યા હતા.

તા. ૯-૩-૧૯૯૩ના રોજ સ્વામીશ્રી મુંબઈ ખાતે બિરાજતા હતા ત્યારે સ્વામીશ્રીના અત્યંત ગુણાનુરાગી અને રામજન્મભૂમિ આંદોલનના સૂત્રધાર શ્રી અશોકજી સિંઘલ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. અમેરિકા ખાતે વિવેકાનંદ શતાબ્દી નિમિત્તે 'એશિયા વિઝન-૨૦૦૦' નામક મહોત્સવમાં સ્વામીશ્રીના આશીર્વાદ મળે તેવી તેમની ઇચ્છા હતી. સ્વામીશ્રીએ તેમને અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપ્યા ત્યારબાદ રામજન્મભૂમિની વાતો આરંભાઈ. વાર્તાલાપ દરમ્યાન શ્રી અશોકજીએ કહ્યું: 'એક હી સંકલ્પ હૈ, અયોધ્યા મેં રામમંદિર હો જાય. જૈસે અક્ષરપુરુષોત્તમ કા અક્ષરધામ હૈં, ઐસા અયોધ્યા મેં મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ કા મંદિર બન જાયે તો જીવન સફલ હો જાય.'

તેઓને ખૂબ આશીર્વાદ આપીને સ્વામીશ્રીએ કહ્યું: 'અબ તો વહાં રામ-લલા બૈઠે હૈં, અબ સબ ઠીક હોગા. અચ્છે કામ મેં વિઘ્ન તો આતે હી હૈં, લેકિન સબ અચ્છા હોગા. હમ નિત્ય પ્રાર્થના કરતે હૈં.'

લગભગ કલાક સુધી આ અંગે ઘણો વાર્તાલાપ થયા બાદ ઊઠતાં ઊઠતાં પણ સ્વામીશ્રીએ કહ્યું, 'ભગવાન અન્યાય કભી સહન નહીં કરતે. ભગવાન કે ઘર મેં દેર હૈ, લેકિન અંધેર નહીં હૈ. અસત્ય કા બલ થોડા દીખતા હૈ, લેકિન વિજય તો સત્ય કા હી હોતા હૈ. વો લોગ સામને સે આયેંગે કી યે કામ અબ આપ સંભાલો.'

રામજન્મભૂમિની મુક્તિ માટે ચાલેલી દાયકાઓની સંઘર્ષ-યાત્રા બાદ ભારતીય સુપ્રિમ કોર્ટે રામજન્મભૂમિની મુક્તિનો ઐતિહાસિક અને શકવર્તી ચુકાદો આપી દીધો છે ત્યારે તેના માટે સમર્પિત થયેલા અનેક લોકોનાં સંસ્મરણોની સાથે સાથે આવા અનેક પ્રસંગોનો સિલસિલો ચિત્રપટની જેમ માનસપટ પરથી પસાર થઈ રહ્યો છે. આજે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સદેહે ઉપસ્થિત નથી, પરંતુ તેમનાં એ આશીર્વચનો અમર છે. તેમના પ્રાર્થનાભર્યા, શ્રદ્ધાભર્યા, બળભર્યા અને અસ્મિતાભર્યા શબ્દો આજેય તાજગીભર્યા અનુભવાય છે. સુપ્રિમ કોર્ટના એ ચુકાદામાં પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાન આર્ષદ્રષ્ટા સંતવિભૂતિની પ્રાર્થનાઓ, કરોડો શ્રદ્ધાળુઓ - સંતોની પ્રાર્થનાઓ અને સૌની શ્રદ્ધાનો વિજય અનુભવાય છે.

આ મહાન કાર્યની સફળતા બદલ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અક્ષરધામમાંથી આશીર્વાદ વરસાવી રહ્યા છે, એ નિઃશંક છે. તેમના પ્રગટ સ્વરૂપ સમાન પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પણ અયોધ્યાના આ ઐતિહાસિક ચુકાદાને વધાવતાં અંતઃકરણપૂર્વક આશીર્વાદ વરસાવ્યા છે. તેઓએ જાહેર નિવેદનમાં જણાવ્યું હતું: 'તીર્થધામ અયોધ્યા ખાતે કરોડો હિન્દુઓની આસ્થાના કેન્દ્ર સમાન ભગવાન શ્રીરામની જન્મભૂમિ અંગે દેશની સુપ્રિમ કોર્ટે આપેલો ચુકાદો ઐતિહાસિક અને એક શકવર્તી ઘટના છે. આવનારી અનેક પેઢીઓ માટે આજનો દિવસ યાદગાર બની રહેશે. સુપ્રિમ કોર્ટના એ ચુકાદાને આવકારતા ખૂબ હર્ષ થાય છે. અમારા ગુરુ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે શ્રીરામજન્મભૂમિ માટે વર્ષો સુધી પ્રાર્થના કરીને ધૂન કરી છે. મહાન સંતો અને કરોડો લોકોની પ્રાર્થના અને શ્રદ્ધા ફળીભૂત થઈ છે. ભારતના તમામ પ્રજાજનોએ શાંતિ, સૌહાર્દ અને ભાઈચારાની ભાવના સાથે આ ચુકાદાને આવકાર્યો છે તે ભારતીય પ્રજાનું ખમીર દર્શાવે છે. સમગ્ર વિશ્વ સમક્ષ આપણે એકતા, સંવાદિતા અને પરસ્પર આદરનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડીને આપણા આ ગૌરવને વધારીએ એ જ સૌને નમ્ર અપીલ છે.'

રામજન્મભૂમિના આ ઐતિહાસિક ચુકાદાના દિવસે વહેલી સવારથી જ મહંત સ્વામી મહારાજે સૌને શીરો બનાવીને વહેંચવાનું કહી રાખ્યું હતું. અને ચુકાદો આવતાં જ તેમણે ધૂન કરીને શાંતિ માટે ઉપરોક્ત નિવેદન આપ્યું હતું.

સાચે જ, રામજન્મભૂમિની મુક્તિનો આ અવસર કરોડો શ્રદ્ધાળુઓની શ્રદ્ધાને એવરેસ્ટની ઊંચાઈએ પહોંચાડે છે. સૌનો અંતરાત્મા શ્રદ્ધાપૂર્વક પોકારે છે: 'અહીં અનેક મહાન સંતો-મહાત્માઓ અને પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ જરૂર ફળશે, જરૂર અનેક આત્માઓનું બલિદાન સફળ થશે, જરૂર શ્રીરામનું ભવ્ય ઐતિહાસિક મંદિર બનશે, જરૂર વિશ્વમાં શ્રીરામનો જયજયકાર થશે, ભારતીય સંસ્કૃતિ અને સનાતન હિન્દુ ધર્મની ધજાઓ ગગનમાં લહેરાશે...'

◆

# તીર્થધામ સારંગપુર ખાતે ઉદ્‌ઘાટિત થયું બી.એ.પી.એસ. સંસ્કૃત મહાવિદ્યાલયનું નૂતન ભવન





તીર્થધામ સારંગપુર ખાતે બી.એ.પી.એસ. સંસ્કૃત મહાવિદ્યાલયના નૂતન સંકુલનું લોકાર્પણ...

તીર્થધામ સારંગપુરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી તા. ૩-૧૧-૨૦૧૯ના રોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના નૂતન ભવનનો ઉદ્‌ઘાટન સમારોહ શાનદાર રીતે યોજાઈ ગયો. આ પ્રસંગે ૩ યુનિવર્સિટીઓના ઉપકુલપતિઓ અને મોટી સંખ્યામાં મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.


સંસ્કૃત ભાષાને સર્વે ભાષાઓની જનનીની ઉપમા આપવામાં આવી છે. આ પ્રાચીન ભાષાનાં જતન અને સંવર્ધન માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા સદૈવ કાર્યરત છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સંસ્કૃત ક્ષેત્રે ઉચ્ચ પ્રદાનો આપી શકે એવાં સંસ્કૃત વિદ્યાલયો અને વિદ્વાનોની ભેટ સમાજને આપી છે. સન ૨૦૧૩માં સારંગપુરમાં તેઓએ જ સંસ્કૃત મહાવિદ્યાલયનો આરંભ કર્યો હતો. આ મહાવિદ્યાલય માટે સુવિધાસંપન્ન સંકુલ રચવાનો તેઓનો સંકલ્પ હતો. આ મહાવિદ્યાલયના નવીન ભવનનું ઉદ્‌ઘાટન તા. ૧૬ મે, ૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રાસાદ પ્રવેશવિધિ કરીને કર્યું હતું. તાજેતરમાં તેનો વિધિવત્ લોકાર્પણવિધિ તા. ૩-૧૧-૨૦૧૯ના રોજ વિવેકસાગરદાસ સ્વામી અને મહાનુભાવો દ્વારા સંપન્ન થયો. ઉલ્લેખનીય છે કે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે સંલગ્ન આ મહાવિદ્યાલયમાં સંસ્કૃત માધ્યમ સાથે અનેકવિધ અભ્યાસક્રમો ચાલે છે, જેમાં ભારત ઉપરાંત યુરોપ અને અમેરિકાના બિનનિવાસી ભારતીય વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરી રહ્યા છે.

આ બી.એ.પી.એસ. સંસ્કૃત મહાવિદ્યાલયનું નૂતન ભવન પ્રાચીન ગુરુકુળની પવિત્રતાસભર જીવનશૈલી સાથે આધુનિક ટેક્નોલોજીનો સમન્વય સાધતું, વિદ્યાની સાધના માટેનું સંપૂર્ણ પર્યાવરણ પૂરું પાડે છે. વર્ગખંડ ઉપરાંત, પુસ્તકાલય, કમ્પ્યૂટર લેબ, ડિજિટલ ક્લાસરૂમ, પ્રાર્થનાખંડ, વાંચનાલય, સુવિધાસજ્જ આવાસ, ભોજનકક્ષ વગેરે અનેક સુવિધાઓથી સંપન્ન આ નૂતન ભવન સમગ્ર રાજ્યમાં અનેરું છે.

આ સંસ્કૃત મહાવિદ્યાલયની વિશેષતા એ છે કે અહીં વિદ્યાર્થીઓ માટે તમામ વ્યવસ્થા નિઃશુલ્ક છે. પુસ્તકો સહિતની તમામ અધ્યયનની સામગ્રી, યુનિવર્સિટીની શિક્ષણ ફી, પ્રાથમિક તબીબી સારવાર, ગણવેશ, ભોજન, આવાસની વ્યવસ્થા પણ સંસ્થાના ખર્ચે જ કરવામાં આવે છે. સંસ્કૃત જગતને આ મહાવિદ્યાલય એક અનોખું પ્રદાન છે.

અભ્યાસ ક્ષેત્રે પણ અહીંના વિદ્યાર્થીઓ સમગ્ર યુનિવર્સિટીમાં અગ્ર ક્રમે રહે છે. રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદોમાં ભાગ લઈ વિદ્યાર્થીઓ શોધ પ્રસ્તુતિ કરીને સંસ્થાનું ગૌરવ વધારે છે.





મહાવિદ્યાલયના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કરતા મહાનુભાવો, ઉદ્‌ઘાટન સમારોહમાં સંબોધતા વિવેકસાગરદાસ સ્વામી...

તા. ૩-૧૧-૨૦૧૯ના રોજ સવારે ૮:૩૦ વાગ્યે માંગલિક મુહૂર્તમાં સંસ્કૃત મહાવિદ્યાલયના ભવનનો લોકાર્પણ વિધિ યોજાયો ત્યારે વિવેકસાગરદાસ સ્વામી સાથે ઉપસ્થિત મહાનુભાવો સમગ્ર સંકુલનું નિરીક્ષણ કરીને ખૂબ પ્રભાવિત થયા હતા. ત્યારબાદ યજ્ઞપુરુષ સભામંડપમાં યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં સંસ્કૃત મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ મંત્રગાન, મુખપાઠ, શાસ્ત્રાર્થ, સંવાદ, નૃત્ય આદિ પ્રસ્તુતિઓ કરીને સભાને મંત્રમુગ્ધ કરી દીધી.

આ પ્રસંગે સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી ગોપબંધુ મિશ્રાજીએ કહ્યું: 'અત્યંત આધુનિક તંત્રોથી યુક્ત કિન્તુ સંપૂર્ણ ભારતીય પારંપરિકતાનું સંવાહક આ સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય સમગ્ર ભારતમાં અજોડ છે. આ સંપૂર્ણ ભારતવર્ષમાં આદર્શ સ્વરૂપ સંસ્કૃત મહાવિદ્યાલયના રૂપે યશસ્વી બનશે.'

ભાવનગરની કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટીના કુલપતિ શ્રી મહિપતસિંહજી ચાવડાએ જણાવ્યું: 'આજનો દિવસ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય માટે ઐતિહાસિક બની રહેશે. વિશ્વવિદ્યાલય બનવા માટેનું પ્રથમ ચરણ (સોપાન) બની રહેશે. આ સંસ્કૃત મહાવિદ્યાલયમાં છાત્રો માટે, તેના સર્વાંગી વિકાસ માટે જે વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે તે અદ્વિતીય છે.'

રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ-યુનિવર્સિટી તિરુપતિના ઉપકુલપતિ શ્રી મુરલીધર શર્માએ કહ્યું: 'આ મારું સદ્‌ભાગ્ય છે કે અહીં ઉપસ્થિત રહેવા મળ્યું. અહીં વ્યાપ્ત દિવ્ય વાતાવરણ અને ક્રમબદ્ધ વિનયયુક્ત શૈક્ષણિક શૈલી જોઈને હું દૃઢતા અને સ્પષ્ટતાથી કહું છું કે આ મહાવિદ્યાલય થોડા જ સમયમાં અવશ્ય વિશ્વવિદ્યાલય બની જશે.'

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. દશરથભાઈ જાદવે જણાવ્યું કે 'વિદ્યાર્થીઓને આપવામાં આવતું મૂલ્યનિષ્ઠ શિક્ષણ અને સર્વાંગી વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ આ મહાવિદ્યાલયની આગવી ઓળખ છે. સંસ્કૃત-સંસ્કૃતિ-શાસ્ત્રો અને ધર્મની ઓળખ આધુનિક ઉપકરણોનો દ્વારા આપવામાં આવે છે. યુ.જી.સી. દ્વારા કૉલેજ માટે જેટલી જરૂરી સુવિધા હોવી જોઈએ તેનાથી વિશેષ આધુનિક ઉપકરણોથી આ મહાવિદ્યાલય સજ્જ છે.'

અખિલ ગુજરાત એસ્ટ્રોલોજિકલ (જ્યોતિષ) સોસાયટીના પ્રમુખ શ્રી મહેન્દ્ર પંડ્યાએ ભાવોર્મિઓ વ્યક્ત કરતાં લખ્યું કે 'પ્રાચીન-અર્વાચીનનો સમન્વય, સંસ્કાર, સંસ્કૃતિ સાથેનું જ્ઞાન સંવર્ધન અને વિદ્યાર્થીઓને સંતો દ્વારા મળતું માતૃતુલ્ય વાત્સલ્ય - આ સુભગ સમન્વય જોઈ મન પુલકિત થઈ ઊઠ્યું.'

સોલા ભાગવતપીઠના પૂર્વપ્રધાનાચાર્ય સંસ્કૃતભારતી અમદાવાદના પ્રાંત-અધ્યક્ષ શ્રી રામકિશોર ત્રિપાઠીજીએ ભાવના વ્યક્ત કરી કે 'દેશમાં સંસ્થાઓ, પાઠશાળાઓ, મહાવિદ્યાલયો અસંખ્ય છે, પરંતુ આ દિવ્ય મહાવિદ્યાલય અલૌકિક છે. કારણ અહીં શાસ્ત્રજ્ઞાન તો મળે છે સાથે ધર્મ, ભક્તિ, સેવા, માનવતા, તપસ્યા, ગુણ પ્રત્યેક છાત્રના જીવનમાં જોવા મળે છે. આ વિદ્યાલયનો પ્રત્યેક છાત્ર દેશનો એક આદર્શ નાગરિક બનશે.'

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન વિશ્વવિદ્યાલયના પ્રધાનાચાર્ય પ્રૉ. અર્કનાથ ચૌધરીજીએ જણાવ્યું કે 'આ ભવન NACC દ્વારા અપેક્ષિત બધાં બિંદુઓને ધ્યાનમાં રાખી બનાવ્યું છે. અહીં સુયોગ્ય પ્રધાનાચાર્ય, પ્રાધ્યાપક અને સંતવિદ્વાનોનું નિર્દેશન ભવિષ્યમાં આ સંસ્થાને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રદાન કરાવશે, આ મારો પૂર્ણ વિશ્વાસ છે.'

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના પૂર્વાધ્યક્ષ ડૉ. રવીન્દ્ર પંડાજીએ જણાવ્યું કે 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય એક અનુપમ, અસાધારણ, અતુલનીય સંસ્કૃત અને શાસ્ત્રોના



બી.એ.પી.એસ. સંસ્કૃત મહાવિદ્યાલયના ઉદ્‌ઘાટન સમારોહના મંચ પર પ્રસિદ્ધ કુલપતિશ્રીઓ, વિદ્વાનો તથા વિદ્વાન સંતગણ...

અધ્યયન માટે અનુકૂળ વિદ્યાલય છે. અહીં ભારતીય વિદ્યાનું સંરક્ષણ, સંવર્ધન પ્રચાર અને પ્રસાર વિધિવત્ થાય છે. અહીંના છાત્રો સરળ, પરિશ્રમપરાયણ, કર્મઠ, જ્ઞાનાનુરાગી છે.'

મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીએ આ પ્રસંગને દિવ્ય, ભવ્ય ગણાવ્યો હતો. વિવેકસાગરદાસ સ્વામીએ પ્રસંગને અનુલક્ષીને આશીર્વચન પાઠવ્યા હતાં. તેઓએ સંસ્કૃતના અભ્યાસ માટે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં કાર્યોની રૂપરેખા આપીને અહીં બ્રહ્મવિદ્યાનું અધ્યયન થશે એવો સૂર પ્રગટ કર્યો હતો. સારંગપુર મંદિરના કોઠારી જ્ઞાનેશ્વરદાસ સ્વામી દ્વારા આમંત્રિત સૌ મહેમાનોનો આભારવિધિ કરવામાં આવ્યો. અંતે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના વીડિયો આર્શીવાદ દ્વારા સૌએ ધન્યતા અનુભવી હતી.

આ તબક્કે મોટી સંખ્યામાં વિદ્વાનો, વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. આમ, અદ્વિતીય અને સુવિધાસજ્જ બી.એ.પી.એસ. સંસ્કૃત મહાવિદ્યાલયના નૂતન ભવનનો લોકાર્પણ સમારોહ સારંગપુર ખાતે શાનદાર રીતે સંપન્ન થયો. ◆


## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર - સારંગપુર — પ્રવેશ અંગે

સારંગપુર બી.એ.પી.એસ. વિદ્યામંદિરમાં ધોરણ-૮, ૯થી ઉચ્ચકક્ષાની પરીક્ષા JEE NEETની તૈયારી NIT, IIT, MEDICAL તથા AIMS વગેરેમાં પ્રવેશ મેળવવા માટે કરાવવામાં આવે છે. પરિણામે ગત વર્ષ ૨૦૧૯માં ૪૦% વિદ્યાર્થીઓને મૅડિકલ MBBSમાં પ્રવેશ પ્રાપ્ત થયો છે. આ વિદ્યાલયમાં પ્રવેશ નીચે જણાવેલી તારીખે આપવામાં આવશે.

- ધોરણ-૧૧ સાયન્સ(JEE Advance - NEET સાથે) ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં પ્રવેશઃ તા. ૨૨-૧૨-૨૦૧૯ અને તા. ૨૬-૧-૨૦૨૦ તથા બોર્ડની પરીક્ષા બાદ તુરંત ત્રણ દિવસમાં.
- ધોરણ-૧૧ કોમર્સ (CA Foundation સાથે): તા. ૨૨-૧૨-૨૦૧૯ અને ૨૬-૧-૨૦૨૦ (ગુજરાતી માધ્યમ)
- ધોરણ-૮, ૯ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમઃ તા. ૨૨-૧૨-૨૦૧૯, તા. ૨૬-૧-૨૦૨૦ તથા તા. ૨૩-૨-૨૦૨૦
- ધોરણ-૬, ૭ અંગ્રેજી માધ્યમઃ તા. ૨૬-૧-૨૦૨૦ તથા તા. ૨૩-૨-૨૦૨૦
- ધોરણ-૬-૭ ગુજરાતી માધ્યમઃ ફોર્મ ભરીને મોકલવું ત્યારબાદ ફોન દ્વારા માર્ચ/એપ્રિલમાં જાણ કરવામાં આવશે.
- ધોરણ-૬ અને ૭ થી પણ NCERTના કોર્સ ઉપરાંત ઉચ્ચ કક્ષાની તૈયારીઓ કરાવવામાં આવે છે.

પ્રવેશ પહેલાં ઉપરોક્ત તારીખે ઇન્ટરવ્યૂમાં હાલના ધોરણના ગણિત, રિઝનિંગ તથા સત્સંગ વિષયની પરીક્ષા લેવાશે. એડ્‌મિશન ફોર્મ(માહિતીપત્રક) વિદ્યામંદિરની ઑફિસ તથા Facebook like page – Pramukhswami Vidhyalay, Sarangpur અથવા Sarangpur Vidhyamandir (Gurukul Sarangpur) તથા Website : https://baps.org/svmsarangpur પરથી ડાઉનલોડ કરીને પ્રિન્ટ આઉટ લઈને/ઝેરોક્ષ કરીને માહિતી ભરીને રૂબરૂમાં મોકલી શકાશે.

**ઈન્ટરવ્યૂ સમય** : સવારે ૧૦-૦૦ કલાકે નીચેના સરનામે.

**સરનામું** : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુર, તા. બરવાળા, જિ. બોટાદ, પિન. ૩૮૨૪૫૦

**સંપર્ક** : ૯૯૯ ૮૯૯ ૫૫૭૭ / ૯૪૨ ૭૦૪ ૧૦૦૧ ◆




# સ્વામિનારાયણ અક્ષરધામ દિલ્હીમાં યોજાયો 'અક્ષરપુરુષોત્તમ દર્શનનો અન્ય દર્શનો સાથે સંવાદ'

નવી દિલ્હી સ્થિત સ્વામિનારાયણ અક્ષરધામ ખાતે તા. ૧૫ થી ૧૭ નવેમ્બર, ૨૦૧૯ દરમ્યાન અક્ષરપુરુષોત્તમ દર્શન પરિસંવાદ યોજાઈ ગયો. ઇન્ડિયન કાઉન્સિલ ઓફ ફિલોસોફિકલ રિસર્ચ (ICPR)ના અનુદાનથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ શોધ સંસ્થાન, નવી દિલ્હીએ આ પરિસંવાદનું આયોજન કર્યું હતું. આ પરિસંવાદનો મધ્યવર્તી વિચાર હતો – 'અક્ષરપુરુષોત્તમ દર્શનનો અન્ય દર્શનો સાથે સંવાદ'.

આ પરિસંવાદમાં વિવિધ દૃષ્ટિકોણથી વિદ્વાનો દ્વારા અક્ષરપુરુષોત્તમ દર્શન અંગે ઊંડાણથી વિચાર, વિમર્શ સાથે પરિપક્વ સંશોધનો રજૂ કરવામાં આવ્યાં હતાં.

પરિસંવાદમાં સહભાગી થવા માટે સમગ્ર ભારતમાંથી વિખ્યાત વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં શ્રી એસ. આર. ભટ્ટ (અધ્યક્ષ, Indian Philosophical Congress), શ્રી આર. સી. સિન્હા (અધ્યક્ષ, Indian Council of Philosophical Research), પ્રૉ. શ્રી જટાશંકરજી (અધ્યક્ષ, અખિલ ભારતીય દર્શન પરિષદ), મહામહોપાધ્યાય શ્રી વશિષ્ઠ ત્રિપાઠી (વારાણસી), પ્રૉ. શ્રી રમેશકુમાર પાંડે (કુલપતિ, લાલબહાદુર રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ), પ્રૉ. શ્રી શ્રીનિવાસ વરખેડી (કુલપતિ, કવિ કુલગુરુ કાલિદાસ વિશ્વવિદ્યાલય, નાગપુર), શ્રી હરિદાસ ભટ્ટજી (પ્રધાનાચાર્ય, પૂર્ણપ્રજ્ઞ સંસ્કૃત વિદ્યાપીઠ, બેંગલોર, કર્ણાટક), પ્રૉ. શ્રી પી. એન. શાસ્ત્રી (કુલપતિ, રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, દિલ્હી), પ્રૉ. શ્રી પંકજ જાની (કુલપતિ, મહર્ષિ પાણિનિ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, ઉજ્જૈન) સહિત અનેક મૂર્ધન્ય વિદ્વાનો ભારતભરમાંથી ઉપસ્થિત રહ્યા હતા.

વેદગાન તથા દીપપ્રાકટ્યથી આ ત્રિદિવસીય પરિસંવાદનો આરંભ થયો હતો. આરંભ સત્રમાં અક્ષરધામ મંદિરના કોઠારી મુનિવત્સલદાસ સ્વામીએ સૌ મહાનુભાવોનું વાક્પુષ્પાંજલિ દ્વારા સ્વાગત કર્યું હતું. ત્યારબાદ કવિકુલગુરુ કાલિદાસ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રૉ. શ્રીનિવાસ વરખેડીજીએ જણાવ્યું કે 'દુનિયામાં એવું માનવામાં આવે છે કે હવે આપણે ત્યાં નવી ફિલોસોફીનો જન્મ અશક્ય છે, પરંતુ આ અક્ષરપુરુષોત્તમ દર્શનની વાત જ્યારે સાંભળીએ છીએ અને તેના ભાષ્યગ્રંથો વાંચીએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે અહીં નવા તત્ત્વજ્ઞાનને જન્મ મળ્યો છે.

ભારતની દાર્શનિક ચિંતનધારા અટકી નથી ગઈ તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. અક્ષરપુરુષોત્તમ દર્શન એક અભિનવ દર્શન છે. આ દર્શનમાં ઈતર દર્શનોની સાથે સંવાદ માટેની સંપૂર્ણ સામગ્રી ઉપલબ્ધ છે.'

લાલબહાદુર શાસ્ત્રી સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રૉ. શ્રી રમેશચંદ્ર પાંડેજીએ જણાવ્યું હતું કે 'પ્રસ્થાનત્રયી પરનું સ્વામિનારાયણ ભાષ્ય આપણા પ્રાચીન દર્શન પરંપરાની આધુનિક કડી છે. આ અક્ષરપુરુષોત્તમ દર્શન સંપૂર્ણ વેદવિહિત છે. આ દર્શનમાં ભગવાન સ્વામિ-નારાયણનાં વચનામૃતો, સ્વામીની વાતો, સંપ્રદાયના ગુણાતીત ગુરુવર્યોનાં જીવનચરિત્રો, પ્રમુખસ્વામીજી મહારાજે લખેલો સિદ્ધાંતપત્ર અને પ્રગટ ગુરુહરિનો લાભ એમ પાંચ અમૃતમય સિદ્ધાંતોનું પંચામૃત પ્રાપ્ત થાય છે.' આમ કહીને તેઓએ અક્ષરપુરુષોત્તમ દર્શનના આધારે માયાતત્ત્વનું નિરૂપણ અન્ય દર્શનોની સાથે તુલના કરી પ્રસ્તુત કર્યું હતું.

ઇન્ડિયન કાઉન્સિલ ઑફ ફિલોસોફિકલ રિસર્ચના અધ્યક્ષ શ્રી રમેશચંદ્ર સિન્હાએ પોતાના વક્તવ્યમાં બી.એ.પી.એસ. સંસ્થા અને પ્રમુખસ્વામી મહારાજ સાથેની પોતાની જૂની સ્મૃતિઓને અભિવ્યક્ત કરી સારંગપુર મંદિરમાં થયેલી પ્રમુખસ્વામી મહારાજની મુલાકાતની સ્મૃતિઓ વાગોળી હતી. આ અવસરે તેઓએ ભદ્રેશ સ્વામીજીને અભિનવ ભાષ્યકારરૂપે દર્શાવ્યા હતા. તદુપરાંત સૂફીઝમના ભાઈચારા અને સમાજસેવાની તુલના સ્વામિ-નારાયણ સંપ્રદાય સાથે કરી હતી.

વારાણસીના પ્રસિદ્ધ વિદ્વાન શ્રી વશિષ્ઠ ત્રિપાઠીજીએ જણાવ્યું હતુંઃ 'હજારો વર્ષોથી સૂત્રની વ્યાખ્યા કે ભાષ્ય કરવાની પરંપરા ભારતમાં અતિ પ્રાચીન છે. મેં ભદ્રેશ સ્વામીજીના સંપૂર્ણ ભાષ્યનું અવલોકન કર્યું છે. ક્યાંય પણ શ્રુતિવિરુદ્ધ એક અક્ષર પણ નથી. તેઓનો પ્રયાસ અતુલ્ય છે. વેદમૂલક છે. અહીં સંતોનો સદાચાર જેવો જોવા મળે છે તેવો ક્યાંય નથી.'

એસ. આર. ભટ્ટે જણાવ્યું કે 'અક્ષરપુરુષોત્તમ દર્શનનાં ભાષ્યો જીવંતદર્શનનું ઉદાહરણ છે.'

ઉદ્‌ઘાટન સત્રના અંતમાં મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીજીએ સમગ્ર પરિસંવાદના સારતત્ત્વને સમાવી લેતું કુંચિકા-પ્રવચન (Keynote Address) કર્યું હતું. આ પ્રવચનમાં તેમણે જણાવ્યુંઃ 'સંવાદ એક સ્વાભાવિક પ્રક્રિયા છે. દુરાગ્રહ અને દોષરહિત સંવાદો દર્શનને જન્મ આપે છે. ઉપનિષદો તથા ગીતા જેવાં આપણાં પ્રાચીન શાસ્ત્રોમાં એવા પરિપક્વ સંવાદો છે કે જેમાંથી અદ્‌ભુત દર્શનોનો જન્મ થયો છે. ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતો એવા સંવાદનો ઉત્તમ દાખલો છે. વચનામૃતોના સંવાદોએ એક અભિનવ દર્શનને જન્મ આપ્યો છે. તે દર્શનનું નામ છે અક્ષરપુરુષોત્તમ દર્શન.'

## અભૂતપૂર્વ પરિસંવાદઃ વિષય વૈવિધ્ય

આ વિશિષ્ટ પરિસંવાદમાં વિવિધ વિદ્વાનો દ્વારા અક્ષર-પુરુષોત્તમ દર્શનનું અન્ય ભારતીય દર્શનમાં વૈશિષ્ટ્ય સમજાવાયું હતું.

પરિસંવાદમાં ઉપસ્થિત વિદ્વાનોએ પોતપોતાના વિષયને અનુરૂપ સંશોધનપત્રો તૈયાર કર્યા હતા. કોઈએ તત્ત્વ-મીમાંસાના આધારે સંશોધન રજૂ કર્યું, તો કોઈએ પ્રમાણોની મીમાંસા કરી. કોઈએ ઉત્પત્તિ સર્ગને વિષય બનાવ્યો તો કોઈએ મુક્તિના લક્ષણ અંગે રજૂઆત કરી. કોઈએ ઉપનિષદના મંત્રોના વિશિષ્ટ અર્થઘટનોનો વિમર્શ કર્યો તો કોઈએ *'અથાતો બ્રહ્મજિજ્ઞાસા'* બ્રહ્મસૂત્રમાં અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ એમ બે બ્રહ્મનું પ્રતિપાદન છે, તે અંગે તુલનાત્મક સંશોધન રજૂ કર્યું હતું. કોઈએ અક્ષરપુરુષોત્તમ દર્શનના સિદ્ધાંતોનો સાંખ્યદર્શનના સિદ્ધાંતો સાથે વિમર્શ રજૂ કર્યો, તો કોઈએ અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત કે દ્વૈત જેવા વેદાંતનાં દર્શનોથી અક્ષરપુરુષોત્તમ દર્શનની ભિન્નતાને રજૂ કરી હતી. એટલું જ નહીં, અક્ષરપુરુષોત્તમ દર્શનના ભાષ્યગ્રંથો તથા વાદગ્રંથોનું સંસ્કૃત સાહિત્યના દૃષ્ટિકોણથી પણ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. કોઈએ વ્યાકરણ તથા ન્યાયશાસ્ત્રના આધારે અક્ષરપુરુષોત્તમ દર્શનના સિદ્ધાંતો પર સંશોધનો રજૂ કર્યાં હતાં. વળી, સ્વામિનારાયણભાષ્યના મૂળમાં વચનામૃત ગ્રંથ છે એ બાબતને વિશ્લેષણાત્મક રીતે રજૂ કરતું સંશોધન પણ અહીં પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

આમ, વિષયોનું વૈવિધ્ય તથા વિવિધ દૃષ્ટિકોણથી થતી રજૂઆતોથી ઉપસ્થિત સૌને અક્ષરપુરુષોત્તમ દર્શન અંગે ખૂબ સ્પષ્ટતાઓ થઈ હતી.

પરિસંવાદના દ્વિતીય દિવસે સાયંકાળના સત્રમાં અક્ષરધામ દર્શનનું આયોજન થયું હતું. સૌ વિદ્વાનોએ અક્ષરધામ મંદિરમાં દર્શન કરી અને પ્રદર્શનખંડ નિહાળી ભારતીયતાનું અધિક ગૌરવ અનુભવ્યું હતું. આ અવસરે મધ્વ સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન પ્રૉ. હરિદાસ ભટ્ટે જણાવ્યું હતુંઃ 'અહીં સંપૂર્ણ ભારતીય દર્શન અને સંસ્કૃતિનું દર્શન થાય છે. અત્યંત પ્રભાવક રીતે તેની પ્રસ્તુતિ ઉપલબ્ધ છે. અહીં શુદ્ધિ, ભક્તિ, વિરક્તિ અને કલાનો સંગમ થયો છે. હું રાત્રે સૂવા ગયો ત્યારે મારી આંખ સામે અક્ષરધામ જ

દેખાતું હતું.'

**અક્ષરપુરુષોત્તમ દર્શન પરિસંવાદની વિશેષતાઓ**

- ૩૦થી વધારે શોધપત્રોની પ્રસ્તુતિ.
- અંગ્રેજી, સંસ્કૃત અને હિંદી ભાષા અંતર્ગત આ શોધપત્ર પ્રસ્તુત થયાં.
- વેદાંત, સાંખ્ય, ન્યાય, વ્યાકરણ તથા સાહિત્ય જેવા વિવિધ વિષય આધારિત પરિસંવાદોની પ્રસ્તુતિ.
- પાંચ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રીઓ, ICPR Indian Philosophical Congress તથા અખિલ ભારતીય દર્શન પરિષદ જેવી ગણમાન્ય સંસ્થાઓના અધ્યક્ષો તથા દર્શનક્ષેત્રના પારંપરિક વિદ્વાનોની ઉપસ્થિતિ.

**સમાપન સમારોહ**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ શોધસંસ્થાન, દિલ્હી વતી ડૉ. શ્રી જ્યોતીન્દ્ર દવેએ આભાર વ્યક્ત કરી મૂર્ધન્ય વિદ્વાનોની પ્રસ્તુતિને મહિમાપૂર્વક વધાવી હતી. ત્યારબાદ મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ સૌ વિદ્વાનોને પુષ્પમાળા અને શાલ અર્પણ કરી અભિવાદિત કર્યા હતા.

આ અવસરે મંચસ્થ પ્રખર વિદ્વાન શ્રી હરિદાસ ભટ્ટે જણાવ્યું હતું કે 'અહીં પ્રવચન-સ્વાધ્યાય તેમજ પ્રશ્નોત્તરી દ્વારા જ્ઞાનયજ્ઞ સંપાદિત થયો, જેમાં સ્વયં ભાષ્યકારની ઉપસ્થિતિમાં પરસ્પર વિચાર-વિમર્શ એ ખૂબ જ મોટી વાત છે. પહેલા ક્યારેય આવું બન્યું નથી. આપણે આચાર્ય શંકર કે રામાનુજ કે મધ્વએ રચેલાં ભાષ્યો પર ચર્ચા કરી શકીએ. પણ અત્યારે એ કોઈ ભાષ્યકાર ઉપસ્થિત નથી. આજે તો ભાષ્યકાર ભદ્રેશદાસ સ્વામી સામે જ બેઠા છે અને આપણે ચર્ચા કરીએ છીએ એટલે આ ચર્ચા વધુ પ્રમાણભૂત બને છે. હું ચોક્કસ માનું છું કે આવતા સમયમાં આ અક્ષરપુરુષોત્તમ દર્શન ઉપર અનેક ગ્રંથોનું નિર્માણ થશે. ખરેખર, આ પરિસંવાદમાં મને વનતુલ્ય તપસ્યાનો અનુભવ થયો.'

અંતે, ભાષ્યકાર ભદ્રેશદાસ સ્વામીએ સમગ્ર પરિસંવાદનું સમાપન કરતાં કહ્યું: 'ત્રણ દિવસ સુધી ખૂબ ઊંડાણથી અક્ષરપુરુષોત્તમ દર્શન અંગે વિવિધ રીતે વિચાર-વિમર્શ થવાથી આપણને સૌને ખૂબ સ્પષ્ટતા થઈ છે. દર્શનના સિદ્ધાંતોનો સાક્ષાત્કાર તો ગુરુ થકી થાય છે. પ્રમુખસ્વામી મહારાજ એવા ગુરુ હતા. આજે એવા ગુરુ મહંત સ્વામી મહારાજ છે. સ્વામિનારાયણ ભાષ્ય એ કોઈ વ્યક્તિની કૃતિ નથી, પરંતુ ગુરુના આશીર્વાદનું ફળ છે.'

સમગ્ર કાર્યક્રમનું સંચાલન આત્મતૃપ્તદાસ સ્વામીએ સંભાળ્યું હતું. અંતમાં, પરિસંવાદમાં સંલગ્ન તમામ વિદ્વાનોનો આભાર પ્રકટ કરી, સમાપ્તિની ઘોષણા કરવામાં આવી હતી.

આમ, વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ તેમજ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે દિલ્હી ખાતે સ્વામિનારાયણ અક્ષરધામના પરિસરમાં ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શન પર એક અદ્‌ભુત પરિસંવાદ સંપન્ન થઈ ગયો.


સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત

**લગ્ન-કંકોતરીઓની નૂતન શ્રેણી...**

**આપનાં પુત્ર-પુત્રીઓના લગ્ન-પ્રસંગોમાં સ્નેહીઓને નિમંત્રણ આપો શ્રીહરિની મૂર્તિની સ્મૃતિ સાથે...**

લગ્ન પ્રસંગોમાં સ્નેહીજનોને નિમંત્રણ સાથે વહેંચો ગુરુહરિના પ્રેરક સંદેશને...

- ભગવાન સ્વામિનારાયણની છબીઓ સાથે
- રંગબેરંગી આકર્ષક ડિઝાઈનો સાથે
- ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની આશીર્વાદ મુદ્રાઓ સાથે
- લગ્ન પ્રસંગને દીપાવે તેવી મનોહર ભાત સાથે...

પ્રાપ્તિસ્થાન : સ્વામિનારાયણ અક્ષરપીઠનાં તમામ વિક્રય કેન્દ્રો પર

વધુ નમૂનાઓ માટે જુઓ વેબસાઈટ : baps.org




# કૅનેડાના વડાપ્રધાન શ્રી જસ્ટીન ટ્રુડો ટોરન્ટો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની મુલાકાત-દર્શને





કૅનેડાના વડાપ્રધાન માનનીયશ્રી જસ્ટીન ટ્રુડો તા. ૧૩ ઑક્ટોબર, ૨૦૧૯ના રોજ કૅનેડાના મહાનગર ટોરન્ટો ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે રચેલા બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિરના દર્શનાર્થે પધાર્યા હતા. વડાપ્રધાનપદ પર આવ્યા બાદ તેઓશ્રીની આ દ્વિતીય મુલાકાત હતી.

સૌપ્રથમ બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિના બાળકોએ હિન્દુ પરંપરા પ્રમાણે વડાપ્રધાન અને પ્રતિનિધિમંડળનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ બી.એ.પી.એસ. મંદિરના અગ્રણી સભ્યોએ વડાપ્રધાનશ્રીને સત્કાર્યા હતા. પ્રસન્ન ચિત્તે અભિવાદન ઝીલીને તેઓશ્રી મંદિરમાં દર્શને પધાર્યા હતા. મધ્યખંડમાં બિરાજિત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ (ભગવાન સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી)નાં દર્શન કરીને તેઓનાં ચરણોમાં ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ સમય દરમ્યાન, બાળકોએ કૅનેડા અને સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થપાય તે માટે વિશેષ પ્રાર્થના કરી હતી. મંદિરના કલાસૌંદર્યને તેઓએ મનભરીને માણ્યું હતું.

મંદિરદર્શન બાદ આજના શરદપૂર્ણિમાના પર્વે સભાગૃહમાં યોજાયેલા વિશિષ્ટ સમારોહમાં અક્ષયમુનિદાસ સ્વામી અને ગુણસાગરદાસ સ્વામીએ વડાપ્રધાનશ્રીનું અભિવાદન કર્યું હતું. ઉપસ્થિત વિશાળ ભારતીય સમુદાયને સંબોધતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતુંઃ ‘પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયેલા આ મંદિરના દશાબ્દી મહોત્સવ સમયે હું અહીં ઉપસ્થિત હતો. એ ક્ષણ, માત્ર આ સમુદાય પૂરતી જ નહીં, પરંતુ તમામ હિન્દુઓ માટે અદ્વિતીય હતી. વૉકેથોન હોય કે સેવાલક્ષી અન્ય કાર્ય હોય તેમાં ઉત્સાહથી જોડાઈને આ સત્સંગ સમુદાય કૅનેડા અને ટોરન્ટોને મજબૂત બનાવી રહ્યો છે. સન ૨૦૧૮માં ભારતમાં મને સ્વામિનારાયણ અક્ષરધામ-ગાંધીનગરની મુલાકાત લેવાનો અને આપણા બંને દેશો વચ્ચેની મૈત્રીને ગાઢ કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો. તે હું નહીં ભૂલી શકું.’

તેઓની સાથે પ્રતિનિધિમંડળના અનેક સભ્યો પણ ઉપસ્થિત હતા. જેમાં સાયન્સ અને સ્પોર્ટ્સ મિનિસ્ટર શ્રી ક્રિસ્ટ્રી ડન્કન, સંસદસભ્યો શ્રી જોહ્‌ન મેકકે, શ્રી રમેશ સંઘા અને સોનિયા સિંધુ વગેરે પણ પધાર્યાં હતાં.

આમ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે ઠેર ઠેર વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. કૅનેડા ખાતે યોજાયેલા શરદપૂર્ણિમાના આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને ભક્તસમુદાયની નિઃસ્વાર્થ સેવાભાવનાને બિરદાવી વડાપ્રધાનશ્રીએ વિદાય લીધી હતી. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત



## મુખ્યમંત્રીશ્રી પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં દર્શને...

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તા. ૯-૧૧-૨૦૧૯ના રોજ રાજકોટ ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દર્શને પધાર્યા હતા. ઠાકોરજીનાં દર્શન તથા શ્રી નીલકંઠવર્ણી મહારાજનો અભિષેક કરીને તેઓએ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. પૂજ્ય સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપતાં ગુજરાતના વિકાસ માટે અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરી હતી. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીએ મંદિરના વિશાળ સભાગારની સંધ્યાસભામાં પ્રાસંગિક ઉદ્‌બોધન કરીને પરમ પૂજ્ય સ્વામીશ્રી અને બી.એ.પી.એસ.ના વિરાટ સેવાકાર્યને બિરદાવ્યું હતું. ◆



## સારંગપુર ખાતે યોજાઈ બાળ-બાલિકા શિબિર

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે ગ્રીષ્મ ઋતુમાં યોજાયેલા અખિલ ભારતીય અધિવેશનમાં નીવડેલા અને નીખરી ઊઠેલા બાળકો અને વૃંદનિરીક્ષકોની શિબિર સારંગપુર ખાતે તા. ૯ થી ૧૧ નવેમ્બરના રોજ યોજાઈ ગઈ. શિબિરનાં વિવિધ સત્રોમાં પ્રવચન, ગ્રૂપચર્ચા, વર્કશોપ વગેરે વિવિધતાસભર પ્રેરક કાર્યક્રમોની પ્રસ્તુતિ સંતો અને કાર્યકરોએ બાળસહજ શૈલીમાં કરી હતી. શ્રી વિજયભાઈ સોનાવણે(IAS)એ બાળકોને કારકિર્દી લક્ષી વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. આ શિબિર આ તેજસ્વી બાળતારલાઓ માટે જીવનનું એક અણમોલ સંભારણું બની રહી. ◆



## પોરબંદર ખાતે યોજાયો પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની ચરણરજથી પાવન થયેલા પોરબંદરમાં વર્ષો પૂર્વે સત્સંગની શરૂઆત થઈ હતી. બાહરીનના સત્સંગીબંધુ શ્રી પ્રફુલ્લભાઈ વૈદ્યના ભૂમિદાનથી અહીં ૨૦૦૧માં પ્રમુખસ્વામી મહારાજે મૂર્તિપ્રતિષ્ઠા કરી હતી. અહીં સત્સંગ વિશેષ અભિવૃદ્ધિ પામતાં નિર્માણ પામેલા સુવિધાસજ્જ નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૨ નવેમ્બરના વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. આ ત્રિદિવસીય ઉત્સવમાં મહિલા-સંમેલન, શોભાયાત્રા, સંવાદ વગેરે શાનદાર ભક્તિસભર કાર્યક્રમોમાં સૌની ભક્તિ મહોરી ઊઠી હતી. ◆



સિડની




સિડની



પર્થ



પર્થ



એડિલેડ



નૈરોબી



નૈરોબી

## બાળકોની અનોખી દિવાળી બી.એ.પી.એસ.ના પ્રાંગણમાં...

બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વિશ્વભરમાં ઊજવાતા દિવાળી-અન્નકૂટોત્સવોમાં બાળકોની પણ એક અનોખી દિવાળી ઊજવાય છે. અમદાવાદથી લઈને આફ્રિકાના નૈરોબી અને ઑસ્ટ્રેલિયાનાં સિડની કે પર્થ જેવાં નગરો સુધી ઠેર ઠેર હજારો બાળકો પારંપરિક દિવાળી ઉત્સવની સાથે સાથે બાળપ્રદર્શનો, વિધિ-વિધાનો અને રમતગમતમાં જ્ઞાન સાથે કંઈક નિરાળો આનંદ માણે છે. બી.એ.પી.એસ.ના પ્રાંગણમાં બાળકોની આ અનોખી દિવાળીની સ્મૃતિછબિઓ...

Swaminarayan Prakash Gujarati, December-2019, Published on 1-12-2019. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.





## તીર્થધામ બોચાસણ ખાતે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં કાર્તિકી પૂર્ણિમાનો ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સમયથી પ્રતિ વર્ષ ચરોતરના ચોકમાં તીર્થધામ બોચાસણ ખાતે દેવદિવાળી - કાર્તિકી પૂર્ણિમાનો ઉત્સવ હજારો ભક્તોની ઉપસ્થિતિમાં શાનદાર રીતે ઊજવાય છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આ ઉત્સવનો મહિમા વિશેષ પ્રસરાવ્યો છે. એ પરંપરાને અનુસરતાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે બોચાસણ ખાતે કાર્તિકી પૂર્ણિમાના ઉત્સવમાં ઊમટેલા હજારો હરિભક્તોને આધ્યાત્મિક લાભ આપ્યો હતો. વરિષ્ઠ સંતવર્યો - ડૉક્ટર સ્વામી, કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી વગેરેનાં પ્રાસંગિક ઉદ્‌બોધનો બાદ નૂતન વર્ષના આશીર્વાદ આપતાં મહંત સ્વામી મહારાજે સૌને આજ્ઞા-ઉપાસનાની પ્રેરણા આપી હતી.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas